અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
આલિયા અને સાઉથના દિગ્દર્શક નાગ અશ્વિન આગામી ફિલ્મ માટે સંપર્કમાં...



પેજ-09
રોહિત શર્મા, વિરાટ અને જાડેજા માટે છેલ્લી ટુર્નામેન્ટ હોઈ શકે છે ચેમ્પિયન્સ...


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 18.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5

સોના-ચાંદીમાં તીવ્ર કડાકોઃ વૈશ્વિક સોનું 50 ડોલરથી વધુ તૂટી 2,900 ડોલર...

17 FEBRUARY-2025 MONDAY

14 અમેરિકી રાજ્યોએ ટ્રમ્પ અને મસ્ક પર કેસ કર્યો રાષ્ટ્રપતિએ ટેસ્લા ચીફને...

પેજ 10

.....સુવિચાર.....
સત્ય જીવનનું આધાર સ્તંભ છે, જેનાથી જીવનની તમામ મુશ્કેલીઓ દૂર થાય છે.

વર્ષ-14 । અંક-090 । વિક્રમ સંવત-2081 । મહા વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# અમેરિકાએ ભારતને આપ્યો મોટો ઝટકો

## ભારતીય ચૂંટણીમાં યુએસ ફંડિગ બંધ કર્યું, અમેરિકાએ ભારતને 1.82 અબજ ડોલરની સહાય બંધ કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર બજેટ કાપ પર કડકાઈથી કામ કરી રહી છે. આ સંદર્ભમાં અમેરિકાએ ભારતને આપવામાં આવનાર કરોડો ડોલરની રકમ પર રોક લગાવી દીધી છે. ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) એ રવિવારે જાહેરાત કરી કે અમેરિકાએ ભારતમાં મતદાન વધારવા માટે રચાયેલ 21 મિલિયન ડોલરના કાર્યક્રમમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ભારતને આપવામાં આવતી સહાયમાં મોટો કાપ નોંધનીય છે કે અમેરિકા દેશની ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ભારતને 1 અબજ 82 કરોડ રૂપિયા (21 મિલિયન ડોલર) આપતું હતું. પરંતુ હવે ભારતને આ ભંડોળ મળશે નહીં. ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પની ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતના થોડા દિવસો પછી જ આ જાહેરાત કરવામાં આવી છે. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ અમેરિકા-ભારત સંબંધોને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. આ નિર્ણય બાદ ભારતમાં શાસક પક્ષ ભાજપે પણ પ્રતિક્રિયા આપી છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ દાવો કર્યો છે કે આ ભંડોળનો ઉપયોગ ભારતીય ચૂંટણીઓને પ્રભાવિત કરવા માટે કરવામાં આવ્યો હતો. માલવિયાએ કોંગ્રેસ પાર્ટી અને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ પર ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો છે. DOGE એ લખ્યું છે કે અમેરિકન કરદાતાઓના પૈસા પર થયેલા આ બધા ખર્ચ રદ કરવામાં આવ્યા છે.



### મસ્ક 3 દિવસ પહેલા પીએમ મોદીને મળ્યા હતા

અમેરિકાની મુલાકાતે ગયેલા પીએમ મોદીને ગુરુવાર, 13 ફેબ્રુઆરીના રોજ DOGEના વડા ઈલોન મસ્ક મળ્યા હતા. મસ્ક પીએમને મળવા માટે બ્લેર હાઉસ પહોંચ્યા હતા. ભારતીય વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર મસ્ક અને મોદીએ ઈનોવેશન, સ્પેસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેમજ ભારતીય અને અમેરિકન સંસ્થાઓ વચ્ચે સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. પીએમ મોદીએ તેમના X એકાઉન્ટ પર ઈલોન મસ્ક સાથેની મુલાકાતના ફોટા શેર કર્યા. તેમણે લખ્યું, 'ઈલોન મસ્ક સાથે સરસ મુલાકાત થઈ.' અમે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. આમાં એવા મુદ્દાઓનો સમાવેશ થાય છે જેના વિશે મસ્ક ખૂબ જ ઉત્સાહી છે. જેમ કે અવકાશ, મોબિલિટી, ટેકનોલોજી અને ઈનોવેશન. મેં તેમની સાથે 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નસ' ને પ્રોત્સાહન આપવાના ભારતના પ્રયાસો વિશે વાત કરી.

### ભાજપે ચૂંટણીમાં ભંડોળ પર સવાલ ઉઠાવ્યા

DOGEના નિર્ણય પર ભાજપના નેતા અમિત માલવિયાએ પ્રતિક્રિયા આપી છે. આમાં તેમણે ભારતીય ચૂંટણીઓમાં 182 કરોડ રૂપિયાના ભંડોળ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. માલવિયાએ તેને ભારતની ચૂંટણીમાં બાહ્ય હસ્તક્ષેપ ગણાવ્યો. માલવિયાએ પ્રશ્ન ઉઠાવ્યો કે આ ભંડોળનો લાભ કોને મળશે. ભાજપના નેતાએ કહ્યું કે આનાથી શાસક પક્ષ (ભાજપ) ને ચોક્કસપણે ફાયદો થશે નહીં.

*ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના DOGE વિભાગે ભારતમાં વૉટર ટર્નઆઉટ માટે ફાળવવામાં આવતી 21 મિલિયન અમેરિકન ડૉલરની ફન્ડિંગને રદ કરવાની જાહેરાત કરી ચોંકાવી દીધા*

**ભાજપે આપી પ્રતિક્રિયા :** અમેરિકાના DOGE વિભાગ દ્વારા રદ કરાયેલી અન્ય ફન્ડિંગમાં ઘણી બાબત સામેલ છે. આ મામલે ભારત તરફથી ભાજપના આઈટી સેલના વડા અમિત માલવીયએ પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેમણે વોટર ટર્નઆઉટ માટે 21 મિલિયન ડૉલરની ફન્ડિંગ શબ્દ પર વાંધો ઊઠાવતા સવાલ કર્યો અને કહ્યું કે આ નક્કી જ ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ દર્શાવે છે. આનાથી કોને લાભ થતો હશે? નક્કી જ સત્તાપક્ષને નહીં! ભારત ઉપરાંત અમેરિકાએ અન્ય દેશોના વોટર ટર્નઆઉટ ફન્ડિંગમાં પણ કાપ મૂક્યો હતો.

**પીએમ મોદીના પ્રવાસ બાદ નિર્ણય!** આ સાથે બાંગ્લાદેશને અપાતી 29 મિલિયન ડૉલરની ગ્રાન્ટ પણ રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઈલોન મસ્કના DOGE ડિપાર્ટમેન્ટે વિદેશી સહાયતા હેઠળ અપાતી ફન્ડિંગમાં કુલ 723 મિલિયન ડૉલરનો કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારતના વડાપ્રધાન મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા અને તેના બાદ અમેરિકાથી આ નિર્ણયની જાણકારી અપાઈ છે.

## દિલ્હી સ્ટેશન પર નાસભાગ, તપાસ સમિતિની રચના

### વડાપ્રધાન મોદી અને અમિત શાહે દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું



સંબંધિત સમાચાર વાંચો પાના નં. 11 પર

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

શનિવારે રાત્રે 9:26 વાગ્યે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં 3 બાળકો સહિત 17 લોકોના મોત થયા છે. 10થી વધુ લોકો ઘાયલ થયા છે. લોક નાયક જય પ્રકાશ હોસ્પિટલ (LNJP)એ મૃત્યુની પુષ્ટિ કરી છે. PM મોદી અને અમિત શાહે ટ્વીટ કરીને દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ટ્રેનના પ્લેટફોર્મ બદલવાની જાહેરાત બાદ ભારે ભીડ વચ્ચે ભાગદોડ મચી ગઈ હતી. ટ્રેનને પ્લેટફોર્મ 12થી 16માં ખસેડવામાં આવી. આ દરમિયાન, લોકો પ્લેટફોર્મ 16 તરફ જવા માટે ફૂટઓવર પર દોડવા લાગ્યા અને નાસભાગ મચી ગઈ.

### રણવીર અલ્હાબાદીયા અને સમય રૈના પર ભડક્યાં ધીરેન્દ્ર શાસ્ત્રી

## આવા ને માફ નહીં, સાફ કરી દેવા જોઈએ...

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



પૉડકાસ્ટ રણવીર અલ્હાબાદીયા, કોમેડિયન સમય રૈનાની મુશ્કેલીઓ સતત વધી રહી છે. વિવાદિત અને અશ્લિલ કોમેન્ટ્સ મામલે કેટલાક રાજ્યોની પોલીસે સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ પર કાર્યવાહી કરી રહી છે. રણવીરે ગઈકાલે (15 ફેબ્રુઆરી) સોશિયલ મીડિયા પર પોસ્ટ લખીને કહ્યું કે, તેઓ પોલીસથી ભાગી રહ્યા નથી. ત્યારબાદ હવે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ રણવીર અલ્હાબાદીયા અને સમય રૈના વિવાદમાં ઝંપલાવ્યું છે. તેમણે અલ્હાબાદીયા અને સમય રૈના પર ગુસ્સે થઈને કહ્યું કે, 'આવાને માફ નહીં, પરંતુ સાફ કરી દેવા જોઈએ.' એક પૉડકાસ્ટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું કે, 'એક સનાતની હોવું અને એક બનવાનું નાટક કરવું, બંનેમાં જમીન-આસમાનનો ફરક છે. બાબા બનવું સરળ છે, પરંતુ બાબા થઈ જવું કઠીન છે. તમે બાગેશ્વર બાબા પર કોમેન્ટ કરી શકો છો, પરંતુ બાગેશ્વર બાબા બનવું ખુબ જ કઠીન છે. કેટલા લોકો એવા છે આ દેશમાં જે સનાતની નથી, પરંતુ પ્રવાહમાં નંબર બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. હાલ વિષય (સમય રૈના-રણવીર કેસ) અંગે થોડી થોડી માહિતી મળી છે, વધારે નહીં. રણવીર અલ્હાબાદીયા અને સમય રૈના પાસેથી લોકોને અપેક્ષા હોય છે. આવા લોકોને માફ નહીં પરંતુ સાફ કરી દેવા જોઈએ. તમારાથી એવી ભૂલ થાય, જેનાથી સનાતન હિન્દુ ધર્મને નુકસાન થાય, માફીની જગ્યાએ સાફ કરી દેવા જોઈએ. અમે તે પક્ષમાં છીએ.'ધીરેન્દ્ર શાસ્ત્રીએ ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, તમારી એક ભૂલથી કરોડો હિન્દુઓની લાગણી દુભાશે. એવું બોલવું ન જોઈએ, પરંતુ મને કોરોના સમયે કિમ જોંગ ખુબ સારા લાગ્યા. તેમણે કહ્યું કે, જેમને કોરોના છે, તેમને સીતા-રામ. કોરોના આગળ જ નહીં વધે. તે નિર્ણય પણ યોગ્ય છે. એવી કોઈ ભૂલ થાય છે તો તેવી રીતે જવાબ મળવો જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ ભૂલ કરતા પહેલા 10 વાર વિચારે. માફી લાયક શબ્દ નથી.

## આવતીકાલે દિલ્હીના નવા CMના નામની જાહેરાત કરશે ભાજપ, ધારાસભ્ય દળની બેઠક બોલાવાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો આઠમી ફેબ્રુઆરીએ જાહેર થયા હતા, જેમાં આમ આદમી પાર્ટીએ સત્તા ગુમાવી છે અને ભાજપની બહુમતી સાથે જીત મેળવી છે. જોકે પરિણામને આઠ દિવસ વિતવા છતાં ભાજપે હજુ સુધી મુખ્યમંત્રી નામ પર મહોર મારી નથી, ત્યારે મીડિયા રિપોર્ટ મુજબ ભાજપ આવતીકાલે નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી દિલ્હીવાસીઓની આતુરતાનો અંત લાવી શકે છે. દિલ્હીના નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરવા માટે આવતીકાલે બપોરે ભારતીય જનતા પાર્ટી (BJP)ના ધારાસભ્ય દળની બેઠક યોજાવાની છે.

**મુખ્યમંત્રી પદ માટે આ નામો ચર્ચામાં :** ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે બહુમતી સાથે ભવ્ય જીત મેળવ્યા બાદ મુખ્યમંત્રી પદ માટે અનેક નામો ચર્ચામાં છે, જેમાં રેખા ગુપ્તા, પરવેશ વર્મા, મોહન સિંહ બિષ્ટ, વિજેન્દ્ર ગુપ્તા, સતીષ ઉપાધ્યાય, આશીષ સૂદ, શિખા રાય અને પવન શર્માનું નામ સામેલ છે, જોકે આ નામો માત્ર અટકળો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ રાજસ્થાન અને મધ્યપ્રદેશની જેમ દિલ્હીમાં પણ કોઈ સરપ્રાઈઝ નામ જાહેર કરી શકે છે.

**ભાજપના 27 વર્ષના વનવાસનો અંત :** દિલ્હી વિધાનસભાની 70 બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP)ની શરમજનક હાર થઈ છે અને પાર્ટીએ રાજધાની પરની સત્તા ગુમાવી છે. ચૂંટણીમાં ભાજપે 48 બેઠકો જીતી છે, જ્યારે AAPએ માત્ર 22 બેઠકો જીતી છે. જ્યારે કોંગ્રેસ સતત ત્રીજી વખત એકપણ બેઠક જીતી શકી નથી. ભાજપે દિલ્હીમાં 1993માં જીત મેળવી હતી, ત્યારથી અત્યાર સુધી ભાજપ રાજધાનીમાં 27 વર્ષનો વનવાસ ભોગ્યા બાદ સત્તા પર કબજો મેળવ્યો છે.

## મોદીના વખાણ મુદ્દે કોંગ્રેસમાં ઘમસાણ ! શશી થરૂરે કહ્યું- સારા કામમાં વખાણ કરવા જ જોઈએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



કોંગ્રેસના સિનિયેર નેતા અને લોકસભાના સાંસદ શશિ થરૂરે 15 ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત અને કેરળની લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) સરકારની પ્રશંસા પર થઈ રહેલી ટીકાનો જવાબ આપ્યો. તેમણે સ્પષ્ટ કર્યુ કે, તેઓ હંમેશા સરકારના સારા કામના વખાણ કરે છે, પછી ભલે તે તેમની પાર્ટીની સરકાર હોય કે અન્ય કોઈ પાર્ટીની. આ સાથે એટલું જ મહત્ત્વનું છે કે ખોટા નિર્ણયોની ટીકા કરવી.

### 'લોકશાહીમાં સંતુલન જાળવી રાખવું ખૂબ આવશ્યક'

થરૂરે કહ્યું કે, 'હું છેલ્લા 16 વર્ષથી રાજનીતિમાં છું. જ્યારે કોઈ સરકાર સારુ કામ કરે છે, ત્યારે તેના વખાણ કરવા જોઈએ અને જો કોઈ ખોટું કરે છે તો તેની ટીકા પણ કરવી જરૂરી છે. જો હું હંમેશા વખાણ કરીશ તો લોકો તેને ગંભીરતાથી લેશે નહીં. જ્યારે હું ફક્ત ટીકા કરીશે તો મારી વિશ્વસનીયતા પર ખત્મ થઈ જશે. લોકશાહીમાં સંતુલન જાળવી રાખવું ખૂબ આવશ્યક છે.' શશિ થરૂરે વડાપ્રધાન મોદીની અમેરિકા મુલાકાતને લઈને કેટલાક સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, 'આ મુલાકાતમાં ભારતીયોના પક્ષમાં અનેક પોઝિટિવ નિર્ણય લેવાયા, પરંતુ હજુ કેટલાક મહત્ત્વના મુદ્દાઓ વણઉકેલાયેલા છે. ગેરકાયદેસર પ્રવાસીઓને ભારત પરત મોકલવા મુદ્દે ચર્ચા કેમ ન થઈ? શું વડાપ્રધાન મોદીએ આ મામલે બંધ બારણે વાત કરી? ભારત અને અમરિકા વચ્ચે આગામી 9 મહિનામાં બિઝનેસ અને ટેરિફને લઈને નિર્ણય લેવાયો છે તે એક મહત્ત્વની વાત છે.'

## અમેરિકાએ વધુ 116 ભારતીયોને પરત મોકલ્યા : પુરુષોને હાથકડી પહેરાવી

(એજન્સી) અમૃતસર । તા. 16

**અમૃતસર એરપોર્ટ પરથી 5 કલાકે ઘરવાપસી**

અમેરિકાએ ગેરકાયદેસર રીતે રહેતા 116 વધુ ભારતીયોને બળજબરીથી દેશનિકાલ કર્યા. શનિવારે રાત્રે 11.30 વાગ્યે યુએસ એરફોર્સના વિમાન ગ્લોબમાસ્ટરમાં મહિલાઓ અને બાળકો સિવાય તમામ પુરુષોને હાથકડી પહેરાવીને અમૃતસર એરપોર્ટ પર ઉતારવામાં આવ્યા હતા. જ્યાં તેમને તેમના પરિવાર સાથે મળવા માટે બોલાવવામાં આવ્યા હતા. લગભગ 5 કલાકની ચકાસણી પછી બધાને પોલીસ વાહનોમાં ઘરે છોડી દેવામાં આવ્યા. આ સમય દરમિયાન કોઈને પણ મીડિયા સાથે વાત કરવાની મંજૂરી નહોતી. અગાઉ, 5 ફેબ્રુઆરીના રોજ 104 NRIને બળજબરીથી પાછા મોકલવામાં આવ્યા હતા. જેમાં બાળકો સિવાય પુરુષો અને સ્ત્રીઓને હાથકડી અને બેડીઓથી બાંધીને લાવવામાં આવ્યાં હતાં. ત્રીજી બેચ આજે (રવિવાર, 16 ફેબ્રુઆરી) રાત્રે 10 વાગ્યે પહોંચશે. જેમાં 157 NRI હશે. શનિવારે બળજબરીથી પાછા મોકલવામાં આવેલા લોકોમાં પંજાબના 65, હરિયાણાના 33, ગુજરાતના 8, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના 2-2 અને હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના 1-1નો સમાવેશ થાય છે. તેમાંના મોટાભાગના 18થી 30 વર્ષની વયના છે.

## આઈપીએલ 2025નો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર, 22 માર્ચે રમાશે પહેલી મેચ

### RCB-KKR વચ્ચે 22 માર્ચે ઓપનિંગ મેચ : 65 દિવસમાં 74 મેચ, 12 ડબલ હેડર, ઈડન ગાર્ડન્સ ખાતે ફાઈનલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ રવિવારે (16 ફેબ્રુઆરી, 2025)ના રોજ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025નો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. પહેલી મેચ વિજેતા કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ વચ્ચે ઈડન ગાર્ડન્સમાં રમાશે. આ ટૂર્નામેન્ટની 18મી સીઝનની પહેલી મેચ હશે, જે 22 માર્ચે રમાશે. જ્યારે 25 મેના રોજ ફાઈનલ મેચ ઈડન ગાર્ડન્સમાં રમાશે. નોંધનીય છે કે, આઈપીએલની 18મી સિઝન 65 દિવસ સુધી ચાલશે, જેમાં કુલ 74 મેચો રમાશે. જ્યારે ક્વોલિફાયર-2 અને ફાઈનલ મેચ પણ આ મેદાન પર જ રમાશે.

**■ 10 ટીમો વચ્ચે 65 દિવસમાં 74 મેચ રમાશે**

ક્વોલિફાયર-2 અને ફાઈનલ મેચ પણ આ મેદાન પર રમાશે. જ્યારે ક્વાલિફાયર-1 અને એલિમેટર મેચ હૈદરાબાદમાં રમાશે. ગત વખતની જેમ આ વખતે પણ સીઝનમાં IPLમાં 10 ટીમો ભાગ લેશે. આ તમામ મેચ ભારતના જ 13 વેન્યૂ પર હશે. બપોરે 3.30 વાગ્યે અને સાંજે 7.30 વાગ્યે મેચ રમાશે.

**■ આ વખતે હશે 12 ડબલ હેડર મુકાબલા**

આ વખતે IPL 2025 સીઝનમાં કુલ 12 ડબલ હેડર મેચ રમાશે. આ તમામ ડબલ હેડર શનિવાર અને રવિવારે જ હશે. IPLમાં ડબલ હેડરનો મતલબ એક દિવસમાં બે મેચથી થાય છે. ડબલ હેડરના દિવસે ફેન્સને રોમાન્ચ અને ડબલ ડોઝ મળે છે.



### હૈદરાબાદ અને કોલકાતામાં પ્લેઓફ મેચ રમાશે

IPLમાં એક પરંપરા રહી છે કે ટુર્નામેન્ટની શરૂઆત અને ફાઈનલ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર રમાય છે. આ વખતે પણ આ બંને મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાશે. ફાઈનલ 25 મેના રોજ યોજાશે, ક્વોલિફાયર-2 પણ 23 મેના રોજ કોલકાતામાં રમાશે. ગયા સીઝનની રનર-અપ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના હોમ ગ્રાઉન્ડ રાજીવ ગાંધી સ્ટેડિયમમાં બે પ્લેઓફ મેચ પણ યોજાશે. અહીં ક્વોલિફાયર-1 20 મેના રોજ અને એલિમિનેટર 21 મેના રોજ રમાશે. 2024ની ફાઈનલમાં, KKR એ SRHને 8 વિકેટથી હરાવીને ત્રીજી વખત IPL જીત્યું હતું.

**અમદાવાદ, મુંબઈ, ચેન્નઈ, બેંગલુરુ, લખનઉ, મુલ્લાનપુર (મોહાલી), દિલ્હી, જયપુર, કોલકાતા, હૈદરાબાદ 10 ટીમના હોમ ગ્રાઉન્ડ છે. આ ઉપરાંત, ગુવાહાટી, વિશાખાપટ્ટનમ અને ધર્મશાળા સહિત કુલ 13 સ્થળોએ મેચ રમાશે. આ ટુર્નામેન્ટમાં 13 સ્થળોએ 65 દિવસમાં 10 ટીમ વચ્ચે 74 મેચ રમાશે.**

### વડાપ્રધાન મોદી અને નીતિશ કુમાર વચ્ચે મહત્ત્વની બેઠક

## બિહાર માટે નવી ડિમાન્ડ કે પછી NDAમાં મતભેદો દૂર કરવા પ્રયાસ ?

(એજન્સી) પટણા । તા. 16



બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની દિલ્હી મુલાકાત ચર્ચામાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 24 ફેબ્રુઆરીએ બિહારની મુલાકાત પહેલાં દિલ્હીમાં મુખ્યમંત્રી નીતિશની આ મુલાકાત ઘણા રાજકીય પંડિતોને વિશ્લેષણ કરવા માટે મજબૂર કરી રહી છે. બંને દિગ્ગજ નેતાઓ આ મુલાકાતને માત્ર ઔપચારિક મુલાકાત તરીકે દર્શાવી રહ્યા છે. પરંતુ રાજકીય પંડિતો કંઈક અલગ જ તારણ આપી રહ્યા છે. બિહારના રાજકારણ અને આગામી વિધાનસભાની ચૂંટણી મુદ્દે ચર્ચાઓ થઈ હોવાની અટકળો ચાલી રહી છે. આ બેઠક દ્વારા NDAની આંતરિક રાજનીતિ, આંતરિક વિખવાદો, ચૂંટણીના સમીકરણો અને બિહારને લઈને કેન્દ્ર સરકારની રણનીતિને સમજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

**પીએમ મોદી સાથે મુલાકાત :** નીતિશ કુમારની દિલ્હી મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રીય બજેટમાં બિહારને મળેલી સોગાદો માટે પીએમ મોદીનો આભાર વ્યક્ત કરવાનો છે. બજેટમાં બિહાર માટે મખાના ઉદ્યોગને પ્રોત્સાહન, કોસી કેનાલ પ્રોજેક્ટ અને અન્ય વિકાસ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે, જેના કારણે નીતિશ કુમાર ખૂબ જ ખુશ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠક દરમિયાન બિહારમાં આગામી ચૂંટણી, બેઠકની વહેંચણી અને ભાજપ અને જેડીયુ વચ્ચેના તાલમેલ પર પણ ચર્ચા થઈ શકે છે. આ બેઠકના કારણે નીતિશકુમારે 17મી ફેબ્રુઆરીના રોજની તેમની 'પ્રગતિ યાત્રા'નો કાર્યક્રમ સ્થગિત કરવામાં આવ્યો હતો.

**રાજકીય ફોકસ બિહાર તરફ કેમ વળ્યું?** આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મોટી જીત બાદ પક્ષની નજર હવે બિહાર પર છે. આ વર્ષના અંતમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે, જ્યાં નીતિશ કુમાર ફરી એકવાર સત્તામાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જોકે RJD નેતા તેજસ્વી યાદવ સત્તા વિરોધી લહેરનો લાભ લેવા માટે વ્યૂહરચના બનાવી રહ્યા છે. પરંતુ ભાજપની રણનીતિ શું છે તેના પર સૌની નજર છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને દિલ્હીમાં સતત સફળતા બાદ ભાજપે બિહારમાં પણ મોટું લક્ષ્ય નક્કી કર્યું છે.

# ચાણસ્માના ધિણોજ ગામનું ગોપાલજી મંદિર જર્જરિત બન્યું

નીતિન ઠાકર । ચાણસ્મા

ગોપાલ જી મંદિર સરકાર હસ્તક હોવાથી મંદિર નું મરામત કરાવવા ગામ લોકો એ વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર નાં આંખ આડા કાન કર્યા ચાણસ્મા તાલુકા નાં ધિણોજ ગામે ગામ ની મધ્ય માં લગભગ 250 વર્ષ પૌરાણિક ગોપાલ જી ભગવાન નું ગામ લોકો ની આસ્થા નું કેન્દ્ર એવું મંદિર આવેલું છે જેનો વહીવટ મામલતદાર કચેરી દ્વારા કરવા માં આવતો હોઈ અને હાલ માં આ ગોપાલજી મંદિર ની સ્થિતિ જર્જરિત થઈ ગઈ હોવાથી આ મંદિર પાડવાના વાંકે ઉભું છે ત્યારે ગામ લોકો દ્વારા મંદિર નું રાપેરીગ કામ શરૂ કરવામાં આવે તેવી માંગ તંત્ર સમક્ષ વારંવાર કરવા છતાં તંત્ર નાં પેટ નું પાણીયે નહીં હાલતા hve મામલતદાર કચેરી દ્વારા ગોપાલજી મંદિર નું રીપેરીગ કામ હાથ ધરવામાં નહીં આવે ટુ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ગામ લોકોએ ઉચ્ચારી હતી ધિણોજ નાં પૂર્વ સરપંચ નાનજીભાઈ ચૌધરી અને ધિણોજ ગામના અગ્રણી મહેશભાઈ ચૌધરી એ જણાવ્યું હતું કે ધિણોજ ગામે ગામ ની મધ્ય માં ગોપાલજી મંદિર આવેલું છે જે જર્જરિત હાલત માં હોવાથી મંદિર નું રીપેરીંગ કરાવવા વારંવાર સરકાર માં રજૂઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે ધિણોજ નાં ગોપાલજી મંદિર નું રીપેરીંગ કામ હાથ ધરવા માં આવે તેવી બંને આગેવાનો એ માગ ઉચ્ચારી હતી.



FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

ગ્રાઉન્ડ ફ્લોર, સન સ્કવેર, વિસત-ગાંધીનગર હાઈવે, ચાંદખેડા, અમદાવાદ-382424. ફોન -079-23291082

ગોલ્ડ લોન - વેચાણ નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતા/ઓ માં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓક્શન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા 07/03/2025 ના રોજ ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, https://gold.samil.in પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લૉગ ઈન કરી શકે છે અથવા વધુ માહિતી માટે 079-23291082 પર બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈપણ કારણોસર ઈ-ઓક્શન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા તમામ વસ્તુઓના સંદર્ભમાં, બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ વધુ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

| શાખાનું નામ | લોન એકાઉન્ટ નંબર |
|---|---|
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174804 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100168160 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100170968 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100173475 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100175413 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174218 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174226 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174473 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100172758 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174481 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100174721 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100172766 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100172774 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100169069 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996400004644 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100171933 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100175405 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996100176536 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996400004164 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996800001323 |
| અમદાવાદ /IIT ચાંદખેડા | 17996800001349 |

સ્થળ : અમદાવાદ
તારીખ : 15/02/2023
S/d- અધિકૃત અધિકારી
ધી ફેડરેલ બેન્ક લિમિટેડ લિ. વતી

# વિવિધ ખેતીવાડી યોજનાકીય સહાયનો લાભ મેળવવા ખેડુતોને રજિસ્ટ્રેશન કરાવવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

અમરેલી, તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ (શનિવાર) રાજ્યમાં ખેડુતને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળી રહે તે માટે ખેડુતોએ નોંધણી કરવાની રહે છે.ભારત સરકારના સંદર્ભ પત્ર મુજબ PM-KISAN યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક હોય તેવા તમામ ખેડુતોએ આ માટે અરજી કરવાની રહે છે.પાત્રતા ધરાવતા ખેડૂતોએ સેલ્ફ રજિસ્ટ્રેશન કરવાનું રહે છે. વિવિધ સહાયકીય યોજનાઓની અરજી માટે તા.૦૧/૦૧/૨૦૨૫ થી ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવ્યું છે. નવા અરજદારોએ પહેલા ફાર્મર રજિસ્ટ્રીમાં ફરજિયાત નોંધણી કરાવવાની રહે છે.PM-KISAN યોજનામાં સેલ્ફ રજિસ્ટ્રેશનથી અરજી કરતા સમયે એપ્લિકેશન ફોર્મમાં ફાર્મર આઈડી (Farmer ID) ની વિગત આપવાની રહેશે. રાજ્યમાં Agri Stack-DPI હેઠળ ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરૂપે શરુ કરવામાં આવી રહી છે. આ અંતગર્ત રાજ્યના PM-KISAN યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯મા હપ્તાનો લાભ મેળવવા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવા તેમજ નવા અરજદારોએ પી.એમ કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈડી મેળવવો જરુરી છે. ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફત તમામ વિવિધ યોજનાકીય, ધિરાણ સબંધી લાભો અને માર્કેટ સંબંધિત વિગતો સરળતાથી મળી રહેશે.ખેડૂતોએ રજિસ્ટ્રેશન માટે પોતાનું આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮-અ નકલ, ૭-૧૨ નકલની વિગત સાથે ગ્રામ પંચાયત કે ઇ ગ્રામ સેન્ટર કે કોમન સર્વિસ સેન્ટર ખાતે હાજર રહીને કરવાનું રહેશે. આ રજિસ્ટ્રેશન પ્રકિયા તદન વિના મૂલ્યે મળી રહે છે. આ રજિસ્ટ્રેશન માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઇ.) કે તલાટી કમ મંત્રી અને સીટી વિસ્તાર માટે સીટી તલાટીનો સંપર્ક કરી ડેટા એન્ટ્રી ઓપરેટર મારફત રજિસ્ટ્રેશન કરાવવું.પી.એમ.કિસાનના લાભાર્થી ખેડૂતને આગામી હપ્તા માટે આ ખેડુત આઈ.ડી.ની નોંધણી ભારત સરકાર દ્વારા ફરજિયાત કરવામાં આવી છે.અમરેલી જિલ્લાના પી.એમ. કિસાન યોજના અંતર્ગત લાભ મેળવતા તમામ ખેડુતોને ફાર્મર આઈ.ડી.ની નોંધણી અચૂક કરવી લેવા અનુરોધ છે.આ અંગેની વધુ જાણકારી માટે આપના ગામના તલાટી કમ મંત્રી/સીટી તલાટી(કસ્બા તલાટી) તેમજ તાલુકાકક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી/ મામલતદારશ્રીનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અરવલ્લી જિલ્લામાં સ્પે. ખેલ મહાકુંભ અંતર્ગત ફિઝિકલ હેન્ડીકેપ ભાઇઓ અને બહેનોની સ્પર્ધા યોજાઇ



રાકેશ મહેતા । ધનસુરા

સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત જિલ્લાકક્ષાની ફિઝિકલ હેન્ડીકેપ ભાઈઓ અને બહેનોની સ્પર્ધા મ.લા.ગાંધી કોલેજ કેમ્પસ ગ્રાઉન્ડ ખાતે યોજાઇ સ્પર્ધા મા સમારંભના અધ્યક્ષ અરવલ્લી જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રશસ્તિ પારીક અને મુખ્ય મહેમાન મ.લા. ગાંધી કોલેજ કેમ્પસના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ શાહ અને અતિથિ વિશેષમાં મ.લા.ગાંધી કોલેજ કેમ્પસના ઉપપ્રમુખશ્રી ડૉ.ઘનશ્યામભાઇ અને પટેલ યોગેશભાઇ, પરમાર કાંતિભાઇ, ભાટ્ટી ચંદુભાઇ, પટેલ પીયુષભાઇ અને ડૉ. સંતોષ દેવકર હાજર રહેલ હતા. આ સમગ્ર પ્રોગ્રામના આયોજક અરવલ્લી (સાબરકાંઠા) ફિઝિકલ હેન્ડીકેપ મંડળના પ્રમુખ શ્રી વિનોદભાઇ પટેલ સુચારૂ આયોજન કરવા બદલ અરવલ્લી જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી પ્રકાશ કલાસવાને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# છોટાઉદેપુર નગરપાલિકા ચૂંટણીના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન



કમલેશ પટેલ । સંખેડા

સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૫ સમગ્ર રાજયમાં મતદાન થઈ રહ્યું છે ત્યારે છોટાઉદેપુર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો પર ૯૯ ઉમેદવારો માટેની મતદાન પ્રક્રિયા થઈ રહી છે. આ મતદાન પ્રક્રિયાનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ગાર્ગી જૈન દ્વારા મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લઈ મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કરવામાં આવ્યું. મતદાન મથકો પર ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ પાસે મતદાનની માહિતી મેળવી હતી.

# અરવલ્લી જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત ઓપનએજ ગૃપ બહેનીની હોકી સ્પર્ધાનું આયોજન કરાયું



રાકેશ મહેતા । ધનસુરા

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત મધ્યઝોન કક્ષાની ઓપનએજ ગૃપ બહેનીની હોકી સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અરવલ્લી દ્વારા શ્રી જે.બી.શાહ ઇ.મી. સ્કુલ, મોડાસા ખાતે કરવામાં આવ્યુ.જેમાં મધ્યઝોન કક્ષાના ૯ જિલ્લાની ટીમોએ ભાગ લીધો, પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થનાર ટીમો રાજ્યકક્ષાએ રમવા જશે.સ્પર્ધા માં માન.કલેકટરશ્રી, અરવલ્લી, મહેન્દ્રભાઈ શાહ પ્રમુખશ્રી, મ.લા.ગાંધી કેળવણી મંડળ મોડાસા, જિલ્લા રમતગમત અધિકારી પ્રકાશભાઈ કલાસવા, અરવલ્લી, અરવલ્લી જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખશ્રી, અને રેફરી, ટેકનીકલ ઓફિસીયલ્સ તથા કોચશ્રીઓ ઉપસ્થિત રહીને ખેલાડીઓને જુસ્સો વધાર્યો હતો.

જાહેર નોટીસ

ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-1 શહેર વિભાગમાં શહેર અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ ઉપર, વોર્ડ માધાપુરાના સીટી સર્વે નં. 711/ડી વાળી જમીનમાં હરીઓમ કર્ણાવતી એસ્ટેટ ઓનર્સ એસોસીએશનની માધુપુરા ગંજ બજારના નામથી ઓળખાતી મિલકત આવેલી છે. ત્રીજા માળની દુકાન નં. 422 વાળી મિલકત એસોસીએશનના સભ્ય તરીકે આશીષ રમણલાલ શાહના સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવતામાં આવેલ છે. જેની ચર્તુદિશા નીચે મુજબ છે. વાળી દુકાન વેચાણનો સોદો અમારા અસીલ આશીષ રમણલાલ શાહ રહે. અમદાવાદ વાળા સાથે કરેલ છે. જો કોઇ પણ વ્યક્તિની સદરહું દુકાન બાબતે કોઈ હક્ક, હીસ્સો, લીયન, ભરણપોષણનાં હક્કો કે અન્ય હક્કો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દીવસ 3માં નીચેના સરનામે આધાર પુરાવા સહિત વાંધા રહુ કરવા સમય વિત્યા બાદ અમારા અસીલ સદરહું દુકાન બાબતે રજી. દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ સદરહું દુકાન અંગે કોઈ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં જેની નોંધ લેવી.
ઉતરાદે :- પેસેજ આવેલ છે.
ઉગમણે :- ઓફિસ નં. 421 આવેલ છે.
દખણાદે :- ખુલ્લો ચોક આવેલ છે.
આથમણે :- પેસેજ આવેલ છે.

તા. 11/02/2025
નખત્રાણા-કચ્છ

સરનામું :-
જે.કે.ચીનારાણા
ખરીદનારનાં એડવોકેટ
સુપર માર્કેટ,
નખત્રાણા-કચ્છ
મો. 9825178958

કોર્ટનો સિક્કો

# બોડેલી ખાતે ખત્રી વિદ્યાલયમાં જિલ્લા કક્ષાનો ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન



કમલેશ પટેલ । સંખેડા

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર દ્વારા પ્રેરીત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા તારીખ 13 14 અને 15 ફેબ્રુઆરી 2025 ના રોજ જિલ્લા કક્ષાનો ઈનોવેશન ફેસ્ટિવલ નું આયોજન બોડેલી ખાતે ખત્રી વિદ્યાલયમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક વિભાગ ના 29 તેમજ માધ્યમિક વિભાગ માંથી 12 જેટલા શિક્ષક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ શિક્ષકો દ્વારા પોતાની શાળામાં નાવીન્યપૂર્ણ અભિગમ દ્વારા પોતે કરેલ નવતર પ્રયોગો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં ભાગ લીધેલ પ્રાથમિક વિભાગની 29 જેટલા નવતર પ્રયોગોને પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ છોટાઉદેપુર દ્વારા શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેની સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન છોટાઉદેપુર દ્વારા પણ આ તમામ શિક્ષકોને શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબશ્રી તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન છોટાઉદેપુરના ઇન્ચાર્જ આચાર્ય શ્રી બી.એમ સોલંકી સાહેબ પ્રાથમિક શૈક્ષિક મહાસંગ છોટાઉદેપુરના અધ્યક્ષ શ્રી બાબુભાઈ રાઠવા મહામંત્રી શ્રી વિજય સોલંકી તથા તાલુકા અને જિલ્લાના શૈક્ષિક મહાસંઘ ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ શિક્ષકો શિક્ષણ ક્ષેત્રે છોટાઉદેપુર જિલ્લાનું ગૌરવ વધારે અને છોટાઉદેપુર જિલ્લાને શિક્ષણ ક્ષેત્રે નવીન ઊંચાઈ ઉપર લઈ જાય એ માટે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ છોટાઉદેપુર વતી ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# જાફરાબાદના ધારાશાસ્ત્રી ઈમરાનભાઈ ગાહાને ભારત સરકારના કાયદા વિભાગ દ્વારા નોટરી વકીલ તરીકે નિમણૂક કરવામાં આવી છે

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદના એટવોકેટ ઈમરાનભાઈ ગાહા કે તેઓ ની ભારત સરકાર ના કાયદા વિભાગ દ્વારા નોટરી વકીલ તરીકે નિમણૂક કરવામાં આવતા તેઓના મિત્ર મંડળ અને વકીલ મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. તેઓની નોટરી વકીલ તરીકે નિમણૂક મળતા તેઓ એક નિષ્ઠાવાન અને પ્રામાણિક એટવોકેટ છે. તેઓ એક સામાજિક કાર્યકર પણ છે. તેઓની નોટરી વકીલ તરીકે નિમણૂક થતાં અઢારે વરણ માં આનંદની લાગણી પ્રસરી છે. તેઓ એક યુવાન અને જાંબાઝ એટવોકેટ છે. તેઓની નોટરી તરીકે નિમણૂક થતાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા તથા સામાજિક કાર્યકરો રાજકીય લોકો અને સત્તાધિકારી ઓ દ્વારા તથા સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ (NGO )ના નેશનલ ચેરમેન શ્રી એચ.એમ. ઘોરી તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી કિશોરભાઈ આર. સોલંકી તથા એટવોકેટ હરેશભાઈ બાંભણીયા દ્વારા ઈમરાનભાઈ ગાહા ને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં છે. તેઓ ઉપરોક્ત પ્રગતિ કરી તેવી અંતરના ઉંડાણમાંથી શુભેચ્છા પાઠવી છે. તેઓ ડો. બાબાસાહેબ આંબેડકરે કહેલા કથન પ્રમાણે ' શિક્ષિત બનો સંગઠીત બનો અને સંઘર્ષ કરો ' ના સૂત્રને સાર્થક કરી અઢારે વરણ ના સમાજના હિત માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ ઉચ્ચ શિક્ષણ ની લાયકાતો પ્રાપ્ત કરેલ છે. જેમાં LLB, LLM, સુધી અભ્યાસ કરેલ છે. છેલ્લા દસ વર્ષથી તેઓ એટવોકેટ તરીકે જોડાયેલા છે.

ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંક

UJJIVAN

રજિસ્ટર્ડ ઓફિસ:- ગ્રેપ ગાર્ડન, નં 27, 3 જો એ ક્રોસ, 18 મો મેઈન, 6 ઠો બ્લોક, કોરામંગલા, બેંગલોર - 560095, કર્ણાટક. રિજનલ ઓફિસ:- 7મો માળ, અલમોન્ટે આઈટી પાર્ક, ક્રમ નં 8, ખરાડ-મુંધવા બાયપાસ, ખરાડ ગામ, પુણે 411014

SARFAESI અધિનિયમ 2002 ની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ.

જ્યા નીચે જણાવેલા ઉધાર લેનારાઓ, સહ-ઉધાર લેનારાઓ, બાંયધરી આપનારાઓ અને ગીરોએ તેમની સ્થાવર મિલકતો ગીરો મૂકીને ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંક પાસેથી લોન લીધી છે. તમારા બધા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે, તમારા લોન એકાઉન્ટને નોન-પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જ્યારે ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંક અધિનિયમ હેઠળ સુરક્ષિત લેણદાર છે, અને ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002 ના નિયમ 2 સાથે વાંચો, કોલમ નંબર 2 માં જણાવ્યા મુજબ ઉધાર લેનારાઓ/સહ-ઉધાર લેનારાઓ/બાંયધરી આપનાર/ગીરોને નોટિસમાં ઉલ્લેખિત રકમ તેના પરના ભાવિ વ્યાજ સાથે 60 દિવસની અંદર ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી. નોટિસની તારીખ, પરંતુ તેમાંથી કેટલાક પર વિવિધ કારણોસર નોટિસ આપી શકાઈ નથી.


| અ. નં. | ઉધાર લેનાર/સહ ઉધાર લેનાર/જામીનદાર/ગીરવે મુકનાર ના નામ અને સરનામું | લોન એકાઉન્ટ નંબર / લોન રકમ/ શાખા | લાગુ કરવાની સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને ડિમાન્ડ નોટિસની તારીખ | લોન એકાઉન્ટ નંબર / લોન રકમ/ શાખા |
|---|---|---|---|---|---|
| 1 | 1) સુબોધકુમાર ભોલામંડલ 2) સુમન સ્નેહા સુબોધકુમાર બંને ફ્લેટ નંબર 208, 2જા માળે, મારુતિ રેસીડેન્સી, કડોદરા, સુરત, ગુજરાત 394325 ખાતે રહે છે. 1) કેસર ફાઈબર, 16, શ્રી ઉમિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પલસાણા NH-8, વાઈબ્રન્ટ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, એસડીજે ઈન્ટરનેશનલ સ્કુલની પાછળ, કેનલ રોડ, પલસાણા, સુરત, ગુજરાત 394310 ખાતે પણ રહે છે. | 44312101 30000171 / Rs. 8,20,000/- / 4431- કાપોદ્રા | મિલકત ધરાવતો ફ્લેટ નંબર 208, 28.56 ચોરસ મીટરનો વિસ્તાર ધરાવતો વિસ્તાર, 2જી માળની બિલ્ડીંગ પર આવેલી જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે બાંધવામાં આવેલ છે, જે રેવન્યુ સર્વે નંબર 137 પર સ્થિત 'મારુતિ રેસિડેન્સી' તરીકે ઓળખાય છે અને તેની ઓળખ છે. ગામ ખાતે આવેલું છે - કડોદરા, પેટા જિલ્લો અને તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત. મિલકત નીચે પ્રમાણે સીમિત છે:- પૂર્વ: ફ્લેટ નંબર 207, પશ્ચિમ: 06.40 ચોરસ મીટર સોસાયટી રોડ અને પ્લોટ નંબર 18A, દક્ષિણ: પેસેજ અને ફ્લેટ નંબર 201 જેની માલિકી સ્નેહા સુમન સુબોધકુમાર અને સુબોધકુમાર ભોલામંડલ છે. | 09.07.2024 & 30.10.2024 | Rs. 6,13,917.41 as on 21.10.2024 |
| 2 | 1) વિરેન્દ્ર રામપ્રતાપ નિશાદ 2) મૈના વિરેન્દ્ર પ્રસાદ 3) વિજય વિરેન્દ્ર નિશાદ જેઓ બધા રહે છે અરવિંદ એન્જિનિયરિંગ રોડ લાઈન્સ, નાંદરખા, નવસારી, ગાંવદેવી, ગુજરાત 396325 અને તેમજ બરહેતા બંદા, અમરા, ઉત્તર પ્રદેશ 210126. | 44732101 30000006 / Rs. 7,00,000/- / 4473- વલસાડ | 2જી માળે ફ્લેટ નંબર 206 માં તે તમામ હકનું ટાઈટલ અને વ્યાજ, આશરે 25.93 ચોરસ મીટર, સાંઈ આશિર્વાદ રેસીડેન્સીના બિલ્ટ-અપ એરિયા, લેન્ડ બેરિંગ પ્લોટ નંબર 140 થી 145A અને 145B પર બાંધવામાં આવેલ, કુલ આશરે 307.67 જેટલા માપન અને તેના જૂના બ્લોક નંબર 2 પર સંગઠિત જમીન સર્વે નંબર 2 પર ગોઠવાયેલ છે. 446 અને રિ-સી બ્લોક નંબર 497A અને 497B એકત્રીકરણ પછી તેને ગામ-હળધારુ, પેટા જિલ્લો - કામરેજ, જિલ્લો સુરત, ગુજરાતનો નવો બ્લોક નંબર 497A ઉક્ત જમીનમાં પ્રમાણસર હિસ્સા સાથે આપવામાં આવ્યો હતો. જણાવ્યું હતું કે મિલકત નીચે પ્રમાણે સીમિત છે:- પૂર્વ: સોસાયટી રોડ, પશ્ચિમ: ફ્લેટ નંબર 209, ઉત્તર: ફ્લેટ નંબર 207, દક્ષિણ: ફ્લેટ નંબર 205 મૈના વીરેન્દ્ર નિષાદ અને વીરેન્દ્ર રામપ્રતાપ નિષાદની માલિકીની છે. | 08.11.2024 & 07.12.2024 | Rs. 3,87,812/- as on 02.12.2024 |
| 3 | 1) મૌલિક હસમુખભાઈ ગજ્જર 2) સરલાબેન હસમુખભાઈ સોંડાગર, જેઓ બન્ને રહે છે. એ-705, 7 મો માળ, સિધ્ધી હાઈટ્સ, શક્તિ ગાર્ડેનિયા, વટવા ગામડી રીંગ રોડ, વટવા, અમદાવાદ ગુજરાત 382445.તેમજ સી/32, આનંદ કોલોની, પુજા સ્કૂલ ખાતે, સીટીએમ, અમદાવાદ સિટી, અમરાઈવાડી, ગુજરાત 380026. તેમજ 1) હેત્વી કન્સ્ટ્રક્શન એલએલપી, એસ 31/32/33, વિશાલા સુપ્રીમ, એસ પી રીંગરોડ, નિકોલ ટોરેન્ટ પાવર સ્ટેશન સામે, નિકોલ અમદાવાદ 380028. | 44682101 30000088 & 44682101 50000005 / Rs. 7,00,000/- + Rs. 2,70,000/- / 4468-સીટીએમ | 7મા માળે બ્લોક નંબર A નો પ્રોપર્ટી બેરિંગ હાઉસ ફ્લેટ/યુનિટ નંબર A/705 આશરે 27.66 ચોરસ મીટર (કાર્પેટ એરિયા) બાંધકામ વિસ્તાર 5.13 ચોરસ મીટર બાલ્કની/વૉશ એરિયા અને અવિભાજિત શેર 16.75 ચોરસ મીટર યોજનામાં '' તરીકે ઓળખાતી યોજનામાં સિદ્ધિવાત તાલુકા, સિતુવાત જિલ્લા, મોજેવાત જિલ્લા, અમદાવાદ ખાતે. અમદાવાદના રજીસ્ટ્રેશન પેટા જિલ્લા અને જિલ્લામાં સર્વે નંબર 1405ના ટીપી સ્કીમ નંબર 128 ની એફપી નંબર 322 (અસલાલી) જેની માલિકી સરલાબેન હસમુખભાઈ સોંડાગર અને મૌલિક હસમુખભાઈ ગજ્જરની છે. | 10.06.2024 & 28.06.2024 | Rs. 9,34,355.35/- as on 25.06.2024 |
| 4 | 1) ખુશલ સુરેશભાઈ બોરસે 2) ભાગ્યશ્રી ખુશલ બોરસે જે બન્ને રહે છે, પ્લોટ નંબર 3, રૂપલ સોસાયટી, વેદ રોડ, કતારગામ, સુરત ગુજરાત 395004. તેમજ રહે છે, 1) શ્રી ક્રિષ્ના એક્સપોર્ટસ, 16-18, નિશાળ ફળિયું, હરીઓમ બંગલો સામે, કતારગામ રોડ, સુરત ગુજરાત. અને તેમજ ઈ/298, ત્રિલોકનગર સોસાયટી, વેદ રોડ, સુરત કતારગામ ગુજરાત 395004. | 44412101 30000019 / Rs. 11,90,000/- / 4441- નવસારી | મિલકત ધરાવતો પ્લોટ નંબર 363 44.62 ચોરસ મીટરનો વિસ્તાર અને તેના પર બાંધકામ (KJP પછી તેને બ્લોક નંબર 85/363 આપવામાં આવ્યો હતો અને તે મુજબ ગામ જોલવા, તાલુકો પલસાણા અને જિલ્લો સુરત, ગુજરાતનો આશરે 39956 ચોરસ મીટર વિસ્તાર આપવામાં આવ્યો હતો. સોસાયટી રોડ, ઉત્તર: પ્લોટ નંબર 362, દક્ષિણ: પ્લોટ નંબર 364 ભાગ્યશ્રી ખુશાલ બોરસે અને ખુશક સુરેશભાઈ બોરસની માલિકીનો છે. | 10.11.2024 / 27.12.2024 | Rs. 9,74,222.78 as on 10.12.2024 |

તેથી કોલમ 2 માં દર્શાવ્યા મુજબ ઉધાર લેનારાઓ/સહ-ઉધાર લેનારા/જામીનદાર અને ગીરોને નોટિસ આપવામાં આવે છે અને તેમને પ્રકાશનના 60 દિવસની અંદર તમામ સંબંધિત ઉધાર લેનારાઓ/સહ-ઉધાર લેનારાઓ સામે કૉલમ નંબર 6 માં બતાવ્યા પ્રમાણે એકંદર રકમની ચુકવણી કરવા આહ્વાન કરવામાં આવે છે. કોલમ નંબર 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં આ નોટિસની રકમ ચૂકવવાપાત્ર જણાય છે. તે સ્પષ્ટ કરવામાં આવે છે કે જો એકંદર રકમ ભવિષ્યના વ્યાજ અને અન્ય રકમો જે તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે છે ચુકવણીની ચૂકવણી કરવામાં આવતી નથી. ઉજ્જયવન સ્મોલ ફાઈનાન્સ બેંક કોલમ નંબર 4 માં વર્ણવ્યા મુજબ મિલકતો પર સુરક્ષા વ્યાજના અમલ માટે યોગ્ય પગલાં લેવા માટે પ્રતિબંધિત રહેશે.મહેરબાની કરીને નોંધ કરો કે આ પ્રકાશન એવા અધિકારો અને ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે જે ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંકને કાયદા હેઠળ ઉધાર લેનારા/સહ-ઉધાર લેનારાઓ/જામીનદારો/મોર્ટગેગર સામે ઉપલબ્ધ છે. તમારું ધ્યાન અધિનિયમની કલમ 13(8) તરફ પણ આમંત્રિત કરવામાં આવે છે જે તમારી પાસે સુરક્ષિત અસ્કયામતોને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, તમને વધુ વિનંતી કરવામાં આવે છે કે તમે નોંધ કરો કે આ અધિનિયમની કલમ 13(13) મુજબ, તમે પ્રતિબંધિત છો/ ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સુરક્ષિત સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. આવું કોઈપણ કૃત્ય અધિનિયમની કલમ 29 હેઠળ શિક્ષાપાત્ર અપરાધ સમાન ગણાશે.

તારીખ :- 15-02-2025, સ્થાન :- ગુજરાત
Sd/ અધિકૃત અધિકારી, ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક

# પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ચંદ્રુમાના ગામે ઘર વિહોણા પરિવારોની સર્વેની કામગીરી પૂર્ણ કરાઈ

નીતિન ઠાકર । ચાણસ્મા



સર્વેયર દ્વારા 8 દિવસ દરમિયાન ડોર ટુ ડોર ઘર વિહોણા વિહોણા નાં સર્વે ની કામગીરી દરમિયાન 80 પરિવારો ઘર વિહોણા મળ્યા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગામડા નો સેવાડા નાં પરિવારો ને પોતાનું ઘરનું ઘર બને તે માટે સર્વેયરો દ્વારા પાટણ જિલ્લા નાં ગ્રામીણ વિસ્તારો માં ડોર ટુ ડોર શર્વે હાથ ધરવાની કામગીરી હાથ ધરાઈ હતી ત્યારે પાટણ તાલુકા નાં ચંદ્રુમાના ગામે પ્રધામંત્રી આવાસ યોજના અન્વયે ચાલેલી 8 દિવસ ની ઘર વિહોણા પરિવારો નું સર્વેયર રમેશજી ઠાકોર અને સામાજિક અગ્રણી બડાજી દરબાર ડોર ટુ ડોર સર્વે દરમિયાન 80 પરિવારો ઘર વિહોણા મળી આવ્યા હતાં જે ઘર વિહોણા પરિવારો ની તમામ વિગતો નાં જરૂરી કાગળો એકઠા કરી સર્વે ની કામગીરી પૂર્ણ કરાઈ હતી ગામ માં જરુરિયાત મંદ કોઈ પરિવાર ઘર વિહોણો નાં રહે તેની ઘરે ઘરે ફરી સર્વે કરી કામગીરી કરાઈ હોવાનું સર્વેયર રમેશજી ઠાકોરે જણાવ્યું હતું.



નીતિન ઠાકર । ચાણસ્મા

લોકશાહી નાં પર્વ એવા ચાણસ્મા પાલિકા ની ચૂંટણી નો સવારે 7 વાગે તમામ મતદાન કેન્દ્રો પર થી પ્રારંભ થયો વોર્ડ નંબર 5 નાં કન્યા શાળા નાં બુથ માં 85 વર્ષીય ડાહી બેન સથવારા એ જેડિયા નાં ટેકે મતદાન કેન્દ્ર સુધી ચાલતા આવી મતદાન કર્યું મતદાન નાં પ્રારંભે સવારે 7થી 8 એક કલાક માં 3%મતદાન થયું ઉમેદવારો નાં ટેકેદારો દ્વારા સવાર થી મતદાતા ઓને તેમના વિસ્તાર માંથી લાવવા લઇ જવા રીક્ષા સહીત વાહનો દોડાવ્યા મતદાન કેન્દ્રો પર પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત.

# દાહોદ,પંચમહાલ અને મહીસાગર જિલ્લાની ભીલ સમાજ પંચની બેઠક મળી



દિપક રાવલ । દાહોદ લીમખેડા

હસ્તેશ્વર મહાદેવ મંદિરે ભીલ સમાજ પંચ ની બેઠક મળી હતી.જેમાં તા.23/2/25ને રવિવારના રોજ ત્રણે જિલ્લા ના ભીલ સમાજ માં 3D એટલે કે દહેજ,દારૂ અને ડીજે ના દુષણ ને નાબૂદ કરવા માટે એક મહાસંમેલન થવા જઈ રહ્યું છે તો આ સંમેલન ને સફળ બનાવવા માટે તમામ તાલુકામાંથી ભીલ સમાજમાંથી મુખ્ય આગેવાનો હાજર રહી ને તમામ સમિતિ ઓ બનાવવામાં આવી,બેઠક વ્યવસ્થા,પાણી ,પાર્કિંગ વ્યવસ્થા ની ચર્ચા કરવામાં આવી,તેમજ 3D પ્રચાર રથ નું પ્રસ્થાન કરવામાં આવ્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## નિકુંજે સિમેન સેમ્પલ ન આપ્યું; બંને આરોપીઓને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું

# સુરત લૂંટ વિથ ગેંગરેપ કેસ: દિનેશની પહેલાંથી જ મહિલા ઉપર ખોટી દાનત હતી

(એજન્સી) સુરત | તા. 16

સુરતના પુણા વિસ્તારમાં ગત 13 ફેબ્રુઆરીના રાત્રે એક મકાનમાં ઘૂસી આરોપીઓ દ્વારા મહિલા પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. પોલીસે ગણતરીની કલાકોમાં બે આરોપી નિકુંજ ભીંગરાડિયા અને દિનેશ યાદવને ભાવનગરથી ઝડપી પાડ્યા હતા. ભાવનગરથી બંને આરોપીઓને સુરત લવાયા બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પ્રાથમિક તપાસમાં દિનેશની પહેલાંથી જ આ મહિલા ઉપર દાનત બગડી હોવાનું સામે આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બંને આરોપી રીઢા ગુનેગાર હોવાથી પોલીસ તપાસમાં સહકાર આપી રહ્યા નથી. આ સાથે જ મેડિકલ તપાસમાં નિકુંજે સિમેનનું સેમ્પલ પણ આપ્યું ન હતું. પોલીસ બંને આરોપીઓને લઈ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને સમગ્ર બનાવનું રિકન્સ્ટ્રકશન કરી પંચનામું કરાયું હતું. ગેંગરેપના બંને આરોપીઓને આજે પુણા પોલીસ દ્વારા ઘટના સ્થળે લઈ જવામાં આવ્યા હતા. ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. બંને આરોપીઓ ને પહેલા તે રહેતા હતા તે જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા અને તેનાથી 200 મીટરના અંતરે આવેલા ભોગ બનનાર અને જ્યાં ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો ત્યાં બંને આરોપીઓને લઈ જવામાં આવ્યા હતા. બંને આરોપીઓ લંગડાતા લંગડાતા ચાલતા હતા અને ઓનલાઈન પંચનામુ કરવામાં આવ્યું હતું.બંને આરોપીઓને ગીતા નગર સોસાયટીમાં ભોગ બનનારના ઘરે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બંને આરોપીઓએ રગેરગની માહિતી આપી હતી. ત્યારબાદ બે કલાકમાં ત્રણ વાર પીડિતા પર દુષ્કર્મમાં આચરવામાં આવ્યું હતું ત્યાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ તમામ રીકન્સ્ટ્રક્શનનું ઓનલાઈન પંચનામું કર્યું હતું. આ સાથે જ પોલીસ દ્વારા 16000 રૂપિયા રોકડા, એક ખંજર, એક ચપ્પુ સહિતનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. રિકન્ટ્રક્શન દરમિયાન મોટી સંખ્યામાં લોકો જોવા માટે ઉમટી પડ્યા હતા. આ સાથે જ આ ઘટનાને લઈને લોકોમાં રોષ પણ જોવા મળી રહ્યો હતો. આરોપીઓને ફાંસીની સજા આપવા સહિતની લોકો માગ કરી રહ્યા હતા. સુરતના પુણામાં એક સોસાયટીમાં ગત 13 ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે લૂંટના ઈરાદે ત્રણ શખસ દંપતીના ઘરમાં ઘૂસી ગયા હતા. એ બાદ ચપ્પુ બતાવી પતિને બંધક બનાવ્યો હતો અને પત્નીને ધાબા પર લઈ જઈ બે આરોપીએ વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો.



### કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

આ મામલે પોલીસે ભાવનગરથી બે આરોપી નિકુંજ ડથ્થર ઉર્ફે બુલેટ ભિંગરાળિયા અને દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવને પકડી પાડી 5500 રોકડ અને એક બ્રેસ્લેટ કબજે લીધુ હતું. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 10 દિવસના રિમાન્ડ માંગતા કોર્ટે 2 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ગુનામાં પોલીસે વધુ એક શકમંદની અટક કરી છે.
દિનેશ અગાઉ મહિલાની બાજુના રૂમમાં રહેતો હતો, ત્યારથી જ તેણે મહિલા પર દાનત બગાડી હતી. બનાવની રાત્રે આરોપીઓએ એક મકાન પર દારૂ પીધો હતો. જે બાદ નિકુંજ, દિનેશ અને અમિત ઉર્ફે રઘુ રોકડા પૈસાની જરૂરિયાત હોવાથી લૂંટનો પ્લાન બનાવ્યો હતો. જે બાદ તે લૂંટના ઈરાદે નીચે ઊતર્યા ત્યારે દિનેશે 'યે મકાનમે પતિ-પત્ની એકલે રહેતે હૈ' કહેતા નિકુંજ અને દિનેશ મકાનમાં ઘૂસી ગયા હતા.
દિનેશ ઘરમાં ઘૂસતા જ મહિલાને જોઈને આકર્ષાયો હતો, જેથી તે તેને ધાબા ઉપર લઈ ગયો હતો અને દુષ્કર્મ કર્યું હતું. તેણે આ વાત નિકુંજને કરતાં તેણે પણ બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ લૂંટ કરી પાછળની અગાશી પરથી કૂદી આરોપીઓ ફરાર થઇ ગયો હતા. અમિત પણ ચપ્પુ લઈને ઘૂસ્યો હતો, પણ હિંમત નહીં ચાલતા તે પરત ફરી ગયો હતો.

### 8 માર્ચે પંચમહાલમાં રાષ્ટ્રીય લોક અદાલત

## તમામ પ્રકારના સમાધાન લાયક કેસોનું નિરાકરણ લાવવામાં આવશે

(એજન્સી) પંચમહાલ | તા.16

પંચમહાલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આગામી 8 માર્ચ, 2025ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ સી.કે.ચૌહાણની અધ્યક્ષતામાં યોજાનારી આ લોક અદાલત જિલ્લા મથક ગોધરા ઉપરાંત શહેરા, મોરવા(હ), ઘોઘંબા, કાલોલ, હાલોલ અને જાંબુઘોડા તાલુકા મથકોની તમામ અદાલતોમાં યોજાશે.
લોક અદાલતમાં ક્રિમિનલ કંપાઉન્ડેબલ કેસો, ચેક રિટર્ન કેસો, બેંક રિકવરી, વાહન અકસ્માત વળતર, સર્વિસ મેટર, લગ્ન સંબંધિત કેસો, મજૂર વિવાદ, વીજળી અને પાણી બિલ સંબંધિત કેસો તેમજ અન્ય દીવાની કેસોનું નિરાકરણ લાવવામાં આવશે. આ ઉપરાંત પ્રી-લિટિગેશન કેસોનું પણ સમાધાન કરી શકાશે.
સમાધાન કરવા ઈચ્છતા પક્ષકારોએ સંબંધિત અદાલત અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગોધરાનો સંપર્ક કરવાનો રહેશે. મંડળની કચેરી ડિસ્ટ્રિક્ટ કોર્ટ કંપાઉન્ડમાં આવેલ સિવિલ અને ક્રિમિનલ કોર્ટ બિલ્ડિંગના બીજા માળે રૂમ નંબર 323માં કાર્યરત છે. મહત્તમ લોકો આ લોક અદાલતનો લાભ લઈ વિવાદોનું સમાધાન કરે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હોવાનું મંડળના સચિવ કે.કે.પટેલે જણાવ્યું છે.

## ભરૂચમાં કચરાના ઢગલામાં ભીષણ આગથી દહેશત: કાસદ ગામની ગેરકાયદે ડમ્પિંગ સાઈટ પર આગ, બે ફાયર ટેન્ડર દ્વારા કાબૂમાં લેવાઈ

ભરૂચ | ભરૂચ નગરપાલિકાની કાસદ ગામમાં આવેલી ગેરકાયદેસર ડમ્પિંગ સાઈટ પર ભીષણ આગ લાગવાની ઘટનાએ સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જ્યો છે. આગની મોટી જ્વાળાઓ અને ગાઢ ધુમાડો દૂર-દૂર સુધી દેખાતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.
ભરૂચ નગરપાલિકાના ફાયર ઓફિસર ચિરાગ ગઢવીના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જ બે ફાયર ટેન્ડરો સાથે ટીમને ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. લગભગ એક કલાકની સઘન કામગીરી બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. કચરાના ઢગલામાં સળગી રહેલી આગને પૂર્ણપણે ઠારવા માટે બીજા દિવસે સવારે પણ એક ફાયર ટેન્ડરને કૂલિંગ માટે મોકલવામાં આવ્યું છે.
ઉલ્લેખનીય છે કે આ ડમ્પિંગ સાઈટ ગેરકાયદેસર હોવાના કારણે અગાઉ માનવ અધિકાર આયોગે નગરપાલિકાને નોટિસ ફટકારી હતી. આગ કુદરતી રીતે લાગી છે કે કોઈએ જાણીજોઈને લગાડી છે તે અંગે તપાસ ચાલી રહી છે. આગની આ ઘટનાથી આસપાસના ખેતરોમાં ઊભા પાકને નુકસાન થવાની સંભાવનાને કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### કહ્યું- 'પૈસા તો આપી દીધા તો કેમ રેડ કરવા આવ્યા', ઘર્ષણમાં પોલીસનો મોબાઈલ પણ તોડી નાખ્યો

# પોલીસ રેડ કરવા ગઈ ને બૂટલેગરે બબાલ શરૂ કરી

સુરત | સુરતના સચિન GIDC વિસ્તારના ગભેણી ગામમાં પોલીસ બૂટલેગરના ઘરે રેડ કરવા પહોંચી હતી. ત્યારે બૂટલેગર નયના અને પોલીસ વચ્ચે ઘર્ષણ અને ઝપાઝપી સર્જાઈ હતી. સાથે મહિલા બૂટલેગર દ્વારા એક જ રટણ કરવામાં આવતું હતું કે, પૈસા તો આપી દીધા છે છતાં રેડ કરવા આવી જાવ છો. તે દરમિયાન પોલીસકર્મી કોઈને ફોન કરવા જતાં તેનો ફોન ઝુંટવી બૂટલેગરોએ તોડી નાખ્યો હતો. હાલ સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થયા છે. મળતી માહિતી પ્રમાણે, સુરતના સચિન GIDC વિસ્તારમાં આવેલા ગભેણી ગામમાં મહિલા બૂટલેગરના ઘરમાં દારૂનો જથ્થો હોવાની માહિતી મળતા સચિન GIDC પોલીસ બૂટલેગરના ઘરે પહોંચી હતી. પોલીસ ઘરમાં ઘૂસતાની સાથે જ મહિલા બૂટલેગર અને તેના મળતિયાઓ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. તે દરમિયાનના એક વીડિયોમાં મહિલા બૂટલેગર અને તેના મળતિયાઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પૈસા આપવા છતાં પણ તમે દોડ્યા આવો છો. મહિલા બૂટલેગર દ્વારા પોલીસકર્મીઓ સાથે રીતસરની ઝપાઝપી કરવામાં આવી હતી. આ સાથે જ બૂટલેગરના મળતિયાઓ દ્વારા આ તમામ ઘટનાનો વીડિયો પણ બનાવવામાં આવી રહ્યો હતો. બૂટલેગર દ્વારા સતત એક જ રટણ કરવામાં આવતું હતું કે પૈસા આપી દીધા છે છતાં તમે કેમ રેડ કરવા આવો છો. આ બાબતે કોઈ પોલીસ અધિકારી સાથે પણ ફોનમાં વાત કરાવવામાં આવી હતી. જો કે બૂટલેગરના મળતિયાઓ દ્વારા વીડિયો બનાવવામાં આવતો હોવાથી મામલો ઉગ્ર બન્યો હતો.એક પોલીસકર્મી દ્વારા કોઈને ફોન કરવામાં આવતો હોવાની જાણ થતાં જ મહિલા બૂટલેગર દ્વારા તેની પાસેથી ફોન લઈ લેવામાં આવ્યો હતો અને નીચે ફેંકીને તોડી નાખવામાં આવ્યો હતો. વીડિયો બનતો હોવાને લઈને પોલીસ અને મહિલા બૂટલેગર અને તેના મળતીયાઓ વચ્ચે ઘર્ષણ પર સર્જાયું હતું અને ઝપાઝપી થઈ હતી. આ બનાવના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે અને પોલીસની કામગીરી પર સવાલો ઊભા થઈ રહ્યા છે.



### બૂટલેગરના મળતિયાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું

એક પોલીસકર્મી દ્વારા કોઈને ફોન કરવામાં આવતો હોવાની જાણ થતાં જ મહિલા બૂટલેગર દ્વારા તેની પાસેથી ફોન લઈ લેવામાં આવ્યો હતો અને નીચે ફેંકીને તોડી નાખવામાં આવ્યો હતો. વીડિયો બનતો હોવાને લઈને પોલીસ અને મહિલા બૂટલેગર અને તેના મળતીયાઓ વચ્ચે ઘર્ષણ પર સર્જાયું હતું અને ઝપાઝપી થઈ હતી. આ બનાવના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે અને પોલીસની કામગીરી પર સવાલો ઊભા થઈ રહ્યા છે.

### પોલીસે મહિલા બૂટલેગર અને તેના પતિ વિરુદ્ધ ગુનો નોંધ્યો

આ ઘટનામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા થયા છે. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે, જેના કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકો પોલીસની કાર્યવાહી પર સવાલ ઉઠાવી રહ્યા છે અને હાલમાં પોલીસ તપાસ ચાલુ છે. આ મામલે મળતી માહિતી પ્રમાણે આ વીડિયો 14 ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલી રેડના છે. મહિલા બૂટલેગર એના તેના પતિ દ્વારા પોલીસ સાથે ઘર્ષણ કરવામાં આવ્યું હતું. પોલીસે 118 લીટર દેશી દારૂ પણ કબજે કર્યો હતો અને મહિલા બૂટલેગર નયના અને તેના પતિ વિરુદ્ધ ગુનો પણ દાખલ કર્યો હતો.

# ગુજરાતમાં તાપમાનનો પારો ઉંચકાયો: મોટાભાગના જિલ્લાઓનું તાપમાન બેથી 3 ડિગ્રી વધતા ગરમી વધી

(એજન્સી) ગુજરાત તા. 16




ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ ગુજરાતમાં તાપમાન વધી રહ્યું છે. સતત તાપમાનમાં વધારો થવાથી ગરમીનું પ્રમાણ પણ વધ્યું છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. તથા મહત્તમ તાપમાન પણ કેટલા જિલ્લાઓમાં 35 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ પણ આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે. હાલ તાપમાનમાં ઘટાડાની શક્યતાઓ નહિવત છે, તેથી ગુજરાતવાસીઓએ ગરમીનો અનુભવ કરવો પડશે. છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 15.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગુજરાત ઉપર હાલમાં ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો આવી રહ્યા છે, જેને કારણે રાજસ્થાન તરફના મેદાની પ્રદેશની ગરમ હવા ગુજરાત તરફ આવી રહી છે, જેને કારણે તાપમાન સતત વધી રહ્યું છે. આ ઉપરાંત ગતરોજ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 35.7 ડિગ્રી સેલ્સ નોંધાવ્યું હતું. અમદાવાદમાં 24 કલાકમાં લઘુતમ તાપમાનમાં 3.5 ડિગ્રીનો વધારો થયો હતો. ગતરોજ અમદાવાદનું લઘુત્તમ તાપમાન 19.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તથા અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 34.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તદુપરાંત વડોદરાનું લઘુત્તમ તાપમાન 18.2 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટનું લઘુત્તમ તાપમાન 18.6 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 35.7 ડિગ્રી સેલ્સિયસ તો સુરતનું લઘુત્તમ તાપમાન 18.1 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 35.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### મતદાનના દિવસે ભાપજના કાર્યકર્તા ખેસ પહેરીને ફરતા જોવા મળ્યાં, તો ક્યાંક બેનર લાગતા કોંગ્રેસ-આપનો વિરોધ

# SMCના વોર્ડ નં.18ની પેટાચૂંટણીમાં ગરમાગરમી

(એજન્સી) સુરત | તા. 16

સુરત મહાનગરપાલિકાની વોર્ડ નંબર 8ની બેઠક ઉપર આજે (16 ફેબ્રુઆરી) મતદાન યોજાયું છે. સવારથી જ મતદારો પોતાના મતદાન મથક ઉપર જઈને મતદાન કરી રહ્યા છે. વધુમાં વધુ મતદાન કરાવવાના પ્રયાસમાં કેટલીક આચારસહિતા ભંગની બાબતો ધ્યાન પર આવી છે. જેમાં ભાજપના કેટકાંક કાર્યકર્તાઓ ખેસ પહેરીને ફરતા જોવા મળ્યાં હતાં. આ સાથે જ ક્યાંક ભાજપના બોનર લાગતાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓએ વિરોધ કર્યો હતો. આ વચ્ચે રાજકીય પક્ષો વચ્ચે ગરમાગરમી થતાં પોલીસે સ્થળે પહોંચી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.
આજે પેટા ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા પોતાના પક્ષને મત મળે તેના માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. જોકે, કેટલાક વિસ્તારોમાં આચારસંહિતા ભંગ થતી હોવાના



વીડિયો પણ સામે આવ્યા છે. સુડા આવાસમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ખેસ પહેરીને ફરતા હોવાનું જોવા મળ્યા તો કેટલીક જગ્યાએ ભારતીય જનતા પાર્ટીના બેનર પણ લાગ્યા હતા. એટલું જ નહીં, પરંતુ આજે કેટલાક કાર્યકર્તાઓના હાથમાં ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ વાળી સ્લીપ પણ વેચવામાં આવતું હોવાનું જણાઈ આવ્યું હતું. પુણા વિસ્તારમાં વિક્રમનગર ત્રણ સોસાયટીમાં ભારતીય જનતા પાર્ટીનું બેનર લાગતા આમ આદમી પાર્ટી દ્વારા સોસાયટીમાં જઈને બેનર ઉતારડાવ્યું હતું. તો સુડા આવાસમાં કોંગ્રેસના ઉમેદવાર પણ પહોંચી ગયા હતા.
મતદાનને લઈને કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તેમજ આચારસંહિતા ભંગ ન થાય તેના માટેના પ્રયાસો રાજકીય પાર્ટી દ્વારા કરવામાં આવતા હોય છે. પરંતુ આચારસંહિતા લાગું હોવા છતાં પણ ભારતીય જનતા પાર્ટીના ખેસ પહેરીને કેટલાક કાર્યકર્તાઓ જાહેરમાં પ્રચાર કરતાં દેખાયા હતાં. એટલું જ નહીં, પરંતુ બુથ ઉપર બેસીને ખેંચ પહેરેલા જોવા મળ્યા હતા. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મતદારોને આકર્ષવાનો પ્રયાસ ભાજપ દ્વારા કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરી મહાનગરપાલિકાના વિપક્ષના નેતા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. સવારથી જ અલગ-અલગ વિસ્તારોમાં રાજકીય ચકમક જોવા મળી હતી.

### ત્રણ શ્રમિકો ગંભીર રીતે દાઝતા સારવાર માટે ખસેડાયા, પોલીસે સ્થળની આસપાસનો વિસ્તાર સીલ કર્યો

# સિહોર GIDCની રોલિંગ મિલમાં બ્લાસ્ટ

(એજન્સી) ભાવનગર | તા. 16

ભાવનગર જિલ્લાના સિહોર શહેરની જી. આઈ.ડી.સી.માં આવેલી એક ફેક્ટરીમાં આજે સવારે અચાનક બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ફેક્ટરીમાં કામ કરતા ત્રણ કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.
ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડની ટીમ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલ થયેલા તમામ કામદારોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટને કારણે મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયું છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસનો વિસ્તાર સીલ કરી દીધો છે અને સમગ્ર ઘટના અંગે વિગતવાર તપાસ શરૂ કરી છે. આ અંગે સિહોર મામલતદાર રમેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતા તાત્કાલિક અમે અરેન્દ્ર રોલિંગ મિલ સિહોર રેલવે ફાટક પાસે આવેલ હર દેવેન્દ્ર રોલિંગ મિલમાં બોઈલર ફાટવાની ઘટના સામે આવી છે, ઘટના એક કલાક પહેલા જ અમને જાણ થતાં ઘટના સ્થળે પહોંચ્યા છીએ, અને ત્રણેય મજૂરોને ઈજાઓ પહોંચી છે અને અમારી ટિમ ઘટના સ્થળે પહોંચ્યા છીએ અને પંચનામુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### સલામતીની ગંભીર અવગણના

આ ઘટના સિહોર જીઆઈડીસી વિસ્તારમાં સલામતીના ધોરણોની ગંભીર અવગણનાને ઉજાગર કરે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં આવી દુર્ઘટનાઓ વારંવાર બનતી રહે છે. ઔદ્યોગિક એકમોમાં કામદારોની સુરક્ષા માટે જરૂરી સલામતી સાધનો અને પ્રોટોકોલ્સનો અભાવ જોવા મળે છે, જેના કારણે મોટેભાગે ગરીબ શ્રમિકોને આવી દુર્ઘટનાઓનો ભોગ બનવું પડે છે..
આ અંગે સિહોર મામલતદાર રમેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતા તાત્કાલિક અમે અરેન્દ્ર રોલિંગ મિલ સિહોર રેલવે ફાટક પાસે આવેલ હર દેવેન્દ્ર રોલિંગ મિલમાં બોઈલર ફાટવાની ઘટના સામે આવી છે, ઘટના એક કલાક પહેલા જ અમને જાણ થતાં ઘટના સ્થળે પહોંચ્યા છીએ, અને ત્રણેય મજૂરોને ઈજાઓ પહોંચી છે અને અમારી ટિમ ઘટના સ્થળે પહોંચ્યા છીએ અને પંચનામુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સોલારીસ કંપની તરફ જતી ટ્રકની કેબિનમાં આગ લાગતા સ્થાનિકોમાં ફફડાટ

(એજન્સી) કચ્છ | તા. 16

કચ્છના ભુજ તાલુકાના ખાવડા ગામ નજીક આજે વહેલી સવારે એક ગંભીર ઘટના સામે આવી છે. સોલારીસ કંપનીમાં નમક પરિવહન માટે જતી એક માલવાહક ટ્રકની કેબિનમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાએ આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો હતો.
સૌથી ચિંતાજનક બાબત એ રહી કે ઘટનાસ્થળે આગ બુઝાવવાની કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ટ્રક લાંબો સમય સુધી સળગતી રહી. જો કે, પછીથી કંપનીના કર્મચારીઓએ ફાયર એક્સટિંગ્વિશર વડે આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, પરંતુ નવી ટ્રકને ભારે નુકસાન થયું છે. ખાવડા એકતા મંચના પ્રમુખ બિલાલ સમાએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, એગ્રોસેલ ગ્રૂપ દ્વારા સંચાલિત સોલારીસ કેમ ટેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં દરરોજ સેંકડો ટ્રકો નમકનું પરિવહન કરે છે. ગામથી કંપની સુધીના માર્ગ પર દિવસ-રાત એક હજારથી વધુ માલવાહક વાહનો બેફામ ગતિએ દોડે છે, જેના કારણે વારંવાર અકસ્માત સર્જાય છે. આ પરિસ્થિતિ સ્થાનિક પશુપાલકો માટે ખાસ કરીને મુશ્કેલીરૂપ બની છે, કારણ કે તેમને રસ્તો પાર કરવામાં મુશ્કેલી પડે છે.

## રાજસ્થાન બોર્ડર પરથી દારૂની મોટી હેરાફેરી ઝડપાઈ

(એજન્સી) બનાસકાંઠા | તા. 16

રાજસ્થાન પોલીસે માવલ ચેક પોસ્ટ પર મોટી કામગીરી કરતા દારૂની હેરાફેરી કરતું એક મિની ટ્રક ઝડપી પાડ્યું છે. પોલીસને મળેલી બાતમીના આધારે રાજસ્થાનથી ગુજરાત તરફ જતા મિની ટ્રક ને રોકીને તપાસ હાથ ધરવામાં



આવી હતી. પોલીસે વાહનની ઝીણવટભરી તપાસ કરતા ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કુલ ૩૮૫ પેટી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ટ્રકમાં સવાર બે શખ્સોની ધરપકડ કરી છે. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે. પોલીસ તપાસમાં આ દારૂની હેરાફેરી પાછળ કોણ-કોણ સંડોવાયેલું છે અને આ દારૂનો જથ્થો ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તે દિશામાં તપાસ આગળ વધારી રહી છે. આ પ્રકારની દારૂની હેરાફેરી અટકાવવા માટે પોલીસે સરહદી વિસ્તારોમાં ચેકિંગ વધુ કડક બનાવ્યું છે.

### એસપીને રજૂઆત બાદ તપાસના અંતે ફરિયાદ નોંધાઇ

# આણંદ જિલ્લામાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યાનો 3 મિત્રો સામે ગુનો

આણંદ : આણંદના ગામડી ગામમાં રહેતા ત્રણ મિત્રોએ સગીરાના ઘરમાં ઘૂસી સામૂહિક દુષ્કર્મ આચરી વીડિયો ઉતારી લીધો હતો. બે દિવસ બાદ સગીરાને વીડિયો બતાવી બ્લેકમેલ કરી ફરીથી તેણી ઉપર ત્રણેય મિત્રોએ સામૂહિક દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સગીરાના પરિવારે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કર્યા બાદ આણંદ શહેર પોલીસે ત્રણેય મિત્રો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ પાસેના ગામડી ગામે ત્રિકમનગર વિસ્તારમાં રહેતો ગૌરવ હરીશભાઈ ગોહેલ તેમજ બળીયાદેવ મંદિર પાછળ રહેતો સંજય ડુંગરભાઈ ગોહેલ અને પ્રવીણ ડુંગરભાઈ ગોહેલ વચ્ચે મિત્રતા હતી. સંજય તથા પ્રવીણ સાથે એક ૧૭ વર્ષીય સગીરાને પણ મિત્રતા હતી. ગૌરવે તેના પર નજર બગાડી પ્રેમસંબંધ રાખવાનું કહેતા સગીરાએ ઈનકાર કરી દીધો હતો. દરમિયાન ગત તા. ૧૩મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સગીરા પોતાના ઘરે એકલી હતી ત્યારે રાત્રિના સુમારે ત્રણેય મિત્રો સગીરાના ઘરે પહોંચ્યા હતા અને તેણીને દરવાજો ખોલવાનું કહેતા સગીરાએ ના પાડી હતી. જોકે તેઓએ જબરજસ્તીથી ઘરમાં ઘૂસી જઈ વારાફરતી ત્રણેય મિત્રોએ સગીરા સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. પ્રવીણે તેના મોબાઈલ ફોનમાં વીડિયો પણ ઉતારી લીધો હતો. બાદમાં ત્રણેય સગીરાને કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ચાલ્યા ગયા હતા. લગભગ બે દિવસ બાદ સગીરા વિદ્યાનગર ખાતે હાજર હતી. ત્યારે ત્રણે મિત્રો ગાડી લઈને આવી પહોંચ્યા હતા અને સગીરાને વીડિયો બતાવી ધમકી આપી ગાડીમાં બેસાડી વલાસણ ગામની નહેર પાસે લઈ ગયા હતા. જ્યાં ફરીથી ત્રણે ભેગા મળી દુષ્કર્મ કર્યું હતું બાદમાં સગીરાને ગામડી ખાતે ઉતારી ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાથી ડઘાઈ ગયેલી સગીરા સુનમુન રહેતી હોવાથી પરિવારજનો એ તેણીની પૂછપરછ કરતા તેણીએ સઘળી હકીકત જણાવતા પરિવારજનો ચોકી ઉઠયા હતા. થોડા માસ પૂર્વે સગીરાના પરિવારજનોએ આ અંગે જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી હતી. બાદમાં આ અંગે આણંદ શહેર પોલીસે તપાસ હાથ ધર્યા બાદ આજે ગૌરવ હરીશભાઈ ગોહેલ, સંજય ડુંગરભાઈ ગોહેલ અને પ્રવીણ ડુંગરભાઈ ગોહિલ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સજોડે આત્મહત્યા કરવા ગેસ્ટ હાઉસમાં ગયા હતા

# બોટાદમાં યુવાનને આત્મહત્યા કરવા માટે મજબૂર કરનાર પ્રેમિકા વિરૂદ્ધ ગુનો દાખલ




### મહિલાના પ્રેમમાં યુવાને 20 વર્ષથી ઘર છોડી દીધું હતું

સજોડે આત્મહત્યા કરી લેવાના બહાને પોતાના પુત્રને મરવા મજબૂર કરનાર મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવનાર મૃતકના પિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પુત્રની અગાઉ ૧૫ વર્ષ પહેલા સગાઈ થઈ હતી પરંતુ તે સગાઈ ત્રણ માસમાં તૂટી ગઈ હતી. ત્યારબાદ આ મહિલા સાથેના પ્રેમ સંબંધમાં તે છેલ્લા ૨૦ વર્ષથી ઘર છોડીને જતો રહ્યો હતો અને છેલ્લા પાંચ વર્ષથી તેમની દીકરી શીતલબેનના સાસરિયામાં ઉમરાળા ગામે રહેતો હતો અને કામ ધંધો કરતો હતો.

### ગેસ્ટ હાઉસના રૂમમાં મૃતકે મરતા પહેલા લખેલી ચિઠ્ઠીના આધારે પિતાએ મહિલા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

(એજન્સી) ભાવનગર | તા. 16

બોટાદના ટાવર રોડ ઉપર આવેલ યોગી ગેસ્ટ હાઉસમાં ચાર દિવસ પહેલા ઝેરી દવા પી લઈ યુવાને કરેલી આત્મહત્યા કેસમાં મૃતકની પ્રેમિકાએ પોતાના પુત્રને મરવા મજબૂર કર્યા હોવાની પિતાએ ફરિયાદ નોંધાવતા બોટાદ પોલીસે મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર બોટાદના ટાવર રોડ ઉપર આવેલ યોગી ગેસ્ટ હાઉસના રૂમ નં.૦૬ માં ગત તા.૧૧/૦૨ ના રોજ સાંજના સમયે અશોકભાઈ ઉર્ફે મોન્ટુ કરશનભાઈ લીંબડીયા (ઉં.વ.૩૮) એ ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતા અશોકભાઈના પિતા કરશનભાઈ મોતીભાઈ લીંબડીયા તેમના સંબંધીઓ સાથે ગેસ્ટ હાઉસ દોડી ગયા હતા. મૃતક અશોકભાઈના ખિસ્સામાંથી તેના હસ્તાક્ષરમાં લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં અશોકભાઈએ પોતાને છેલ્લા ૨૦ વર્ષથી તેજલબેન સંજયભાઈ કોગતીયા ( રહે. મૂળ કારીયાણી, તા. બોટાદ, હાલ રહે. ખોડીયારનગર- ૦૨,બોટાદ) સાથે છેલ્લા ૨૦ વર્ષથી પ્રેમ સંબંધ હોવાનું અને બંનેએ સાથે જીવવા મરવાના કોલ આપ્યા હોવા છતાં તેજલબેને આ વચન નહીં નિભાવી દગો કરી બોટાદમાં આવેલ યોગી ગેસ્ટ હાઉસમાં બપોરના સમયે લઈ જઈ બંને જણાએ સાથે ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો હતો. તેજલબેને અશોકભાઈ ને 'પહેલા તમે ઝેરી દવા પી લ્યો પછી હું પી લઈશ' તેમ કહેતા અશોકભાઈએ ઝેરી દવા ગટગટાવી દીધી હતી અને ત્યારબાદ તેજલબેન ઝેરી દવા પીવાના બદલે અશોકભાઈને ગેસ્ટહાઉસમાં મૂકી જતા રહ્યા હતા.

તેજલબેનને ત્રણ માસનો ગર્ભ પણ હોવાનો મૃતકે લખેલી ચિઠ્ઠીમાં ઉલ્લેખ કર્યોછે. ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરનાર અશોકભાઈએ લખેલી ચિઠ્ઠીના આધારે તેના પિતા કરશનભાઈ મોતીભાઈલીંબડીયા (રહે. ખોડીયારનગર-૦૧, બોટાદ) એ પોતાના પુત્રને મરવા મજબૂર કરનાર તેજલબેન સંજયભાઈ કોગતિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા બોટાદ પોલીસે બીએનએસની કલમ ૧૦૮ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોચીવલી-ભાવનગર ટ્રેનનો કોચ એટેન્ડર દારૂની 20 બોટલ સાથે ઝડપાયો

### ગોવાથી ટ્રેનમાં વેચાણ માટે દારૂ લાવનાર સામે ધોળા રેલવે પોલીસમાં ગુનો નોંધાયો

(એજન્સી) ભાવનગર | તા. 16



ભાવનગર જિલ્લામાં વિદેશી દારૂની કુલ ૨૩ બોટલ ઝડપાઈ છે. જેમાં કોચીવલી-ભાવનગર વિકલી એક્સપ્રેસ ટ્રેનમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા કોચ એટેન્ડરને વિદેશી દારૂની ૨૦ બોટલ સાથે પશ્ચિમ રેલવે રાજકોટ એલસીબી શાખાએ ઝડપી લઈ ધોળા પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે. જ્યારે મહુવાના રૂપાવટી ગામના શખ્સને વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે મહુવા રૂલર પોલીસે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે.

ભાવનગર જિલ્લામાં આજે વિદેશી દારૂની કુલ ૨૩ બોટલ પોલીસે ઝડપી છે. જેમાં કોચીવલી-ભાવનગર વિકલી એક્સપ્રેસ ટ્રેનમાં કોન્ટ્રાક્ટ પર કોચ એટેન્ડર તરીકે કામ કરતો જય લાખાભાઈ સોલંકી (રહે.ભરતનગર ત્રણ માળિયા) નામનો શખ્સ ટ્રેનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ગોવાથી વેચાણ માટે લાવી રહ્યો હોવાની રાજકોટ પશ્ચિમ રેલવે એલસીબી શાખાને મળેલી બાતમીના આધારે પોલીસે તપાસ શરૂ કરતા ટ્રેન સવારે ૧૦.૩૦ કલાકના અરસામાં બોટાદથી ઉપડી લાઠીદડ પહોંચતા ટ્રેનના બી-૦૬ કોચના બાથરૂમમાં નળની નીચેના ભાગેથી દારૂની બોટલો કાઢી રેલવેની ચાદરમાં ભરતા જય લાખાભાઈ સોલંકી નામના શખ્સને ઝડપી લઈ તપાસ કરતા તેની પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૨૦ બોટલ મળી આવી હતી. આ અંગે ધોળા રેલવે પોલીસે જય લાખાભાઈ સોલંકી (રહે.ભરતનગર ત્રણ માળિયા) સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે અન્ય એક બનાવમાં મહુવા તાલુકાના રૂપાવટી ગામના બસ સ્ટેશન પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩ બોટલ સાથે ઉમેશ પ્રવિણભાઈ ગોહિલ (રહે.રૂપાવટી)ને ઝડપી લઈ મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો.

### વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો, એક ફરાર

સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે રહેણાંકના મકાનમાં દરોડો કરી વિદેશી દારૂની ૨૧ બોટલ મળી આવતા પોલીસે ફૈઝલની ધરપકડ કરી પૂછપરછ કરતા અનિરુદ્ધસિંહ ઉર્ફે કાનભા પરમાર વિદેશી દારૂ આપી ગયો હોવાની કબુલાત કરતા પોલીસે બંને શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લોનના હપ્તાની ઉઘરાણી કરાતા યુવાને ફાંસો ખાઈ આયખું ટૂંકાવવા પ્રયાસ કર્યો

### ઉઘરાણી કરવા આવેલા શખ્સે માર મારી ધમકી આપી, સખી મંડળમાંથી રૂા. 20 હજારની લોન લીધી હતી, ઉઘરાણીથી ત્રાસી જતા વાસણાના યુવાને પગલું ભર્યું



(એજન્સી) ભાવનગર | તા. 16

ધંધૂકાના વાસણા ખાતે રહેતા યુવાને સખી મંડળમાંથી ૨૦ હજાર રૂપિયાની લોન લીધી હતી.લોનની ઉઘરાણી માટે આવેલા શખ્સે ગાળો આપી માર મારી ધમકી આપતા યુવાનને લાગી આવ્યું હતું.અને ઘરના ઉપરના માળે ગાળા ફાંસો ખાવાનો પ્રયાસ કરતા તત્કાલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ધંધૂકાના વાસણા ખાતે રહેતા રમેશભાઈ મોહનભાઈ સોનરા અને કુટુબી ભત્રીજા રોહનને ધંધુકા ખાતે આવેલા સખી મંડળમાંથી રૂ.૨૦ હજાર , રૂ.૨૦ હજારની લોન લીધી હતી.દરમિયાનમાં ગત તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ભત્રીજા રોહનનો ફોન આવ્યો હતો. અને જણાવેલ કે લોનનો હપ્તો ભરવાનો છે. તો તમે પૈસા આપો તેના જવાબમાં રમેશભાઈએ જણાવેલ કે તુ બે મહિના પહેલા તારા કાકી પાસેથી ત્રણ હજાર રૂપિયા લઇ ગયેલ છો તો અત્યારે તુ હપ્તો ભરી દેજે તેવી વાત કરતા રોહને ફોન કાપી નાખ્યો હતો. અને સાંજના આદીત્ય ઉર્ફે લલીત રમેશભાઇ સોનારા અને અજાણ્યો માણસ લોનનો હપ્તો લેવા માટે આવ્યા હતા.રમેશભાઈએ પૈસા નહીં હોવાનું જણાવતા લલિતે ઉશ્કેરાઈ ગાળો આપી હતી.અને લલીતે ઢીંકા પાટુનો માર મારી કહેલ કે લોનનો હપ્તો ભરી દેજે નહિતર જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા રમેશભાઈને લાગી આવ્યું હતું.અને અપમાન સહન નહીં થતા રમેશભાઈ ઉપરના માળે આવી પંખા સાથે રૂમાલ બાંધી ગળા ફાંસો ખાઈ લેતા પુત્ર ગાળા ફાંસો ખાઈ લીધેલી હાલત જોઈ જતા બૂમો પાડી હતી. દરમિયાનમાં કુટુંબી હરજીભાઈ છગનભાઈ સોનારાએ આવી સાંકળ વાળો દરવાજો તોડી તુરતજ ધંધુકાની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાંથી વધુ સારવાર માટે સોલા હોસ્પીલમાં ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ સંદર્ભે રમેશભાઈએ શખ્સ વિરૂધ્ધ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### 3 શ્રમિક ગંભીર રીતે દાઝ્યા

# ભાવનગરના સિહોરમાં GIDCમાં અચાનક બ્લાસ્ટ

(એજન્સી) ભાવનગર | તા. 16



ભાવનગર જિલ્લાના સિહોર GIDCમાં આવેલી રોલિંગ મિલમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં 3 જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ, ફાયર વિભાગ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક સારવાર બાદ તમામ ઈજાગ્રસ્ત શ્રમિકોને વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.મળતી માહિતી અનુસાર, ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટને કારણે મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયું છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસનો વિસ્તાર સીલ કરી દીધો છે અને સમગ્ર ઘટના અંગે વિગતવાર તપાસ શરૂ કરી છે. બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

# બોરસદના ચુવામાં કઠાણાના યુવકનું ગળું કાપી હત્યા થઈ હોવાનું ખૂલ્યું

### પીએમ રિપોર્ટ આવ્યો, મૃતકના ભાઈએ યુવકની ઓળખ કરી

(એજન્સી) આણંદ | તા. 16




બોરસદ તાલુકાના ચુવા ગામની પાલીયાટ તલાવડી સીમ વિસ્તારના એક ખેતરમાંથી ગતરોજ ગળું કાપી તથા શરીરના વિવિધ ભાગોએ તિક્ષ્ણ હથિયારના ઘા મારી અજાણ્યા યુવકની હત્યાના બનાવમાં અજાણ્યા શખ્સો દ્વારા યુવકના પેટના ભાગે છરાથી ઊંડો ઘા કરતા અને ગળું કાપી નાખતા મોત થયું હોવાનું પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં ખુલવા પામ્યું છે. જ્યારે મૃતક બોરસદ તાલુકાના કઠાણા ગામનો ૩૦ વર્ષનો યુવાન હોવાનું ખૂલ્યું છે.ચુવા ખાતે ની પાલીયાટ તલાવડી સીમ વિસ્તારમાં ગતરોજ થયેલ યુવકની હત્યા સંદર્ભે આજે કરમસદની હોસ્પિટલમાં પેનલ ડોક્ટર દ્વારા પોસ્ટમોટમ કરવામાં આવ્યું હતું.

આ અંગે પેટલાદના ડીવાયએસપી પી. કે. દિયોરાએ જણાવ્યું હતું કે, અજાણ્યા યુવકનું મૃત્યુ ગઈકાલે બપોરે થયું હોવાનું પીએમમાં ખૂલ્યું છે. ઘટના સ્થળે તપાસ કરતા મળી આવેલા પુરાવા જોતા અન્ય કોઈ સ્થળે હત્યા કર્યા બાદ આ સ્થળે લાશ મૂકવામાં આવ્યાની શક્યતા નથી. મૃતકના પેટમાં ધારદાર છરાથી ઘા કરાતા લિવર અને હાર્ટ સુધી પહોંચી ગયો હતો. સાથે ધારદાર વસ્તુથી ગળું પણ કાપી નાખવામાં આવતા મૃત્યુ નિપજ્યું હોવાનું રિપોર્ટમાં ખૂલ્યું છે. વધુમાં હાથના ભાગે એ-રાધા કોતરાવેલું મળતા મૃતકની પત્ની અથવા પ્રેમિકાનું નામ રાધા હોવાની શક્યતા છે. આજે પોલીસ દ્વારા ડોગ સ્કોડની મદદ લઈ ઘટના સ્થળે તપાસ કરવામાં આવી હતી જેમાં ખેતરમાં ફર્યા બાદ ડોગ માર્ગ ઉપર આવી અટકી જતા હત્યારાઓ કોઈ વાહનમાં આવ્યા હોવાની શક્યતા જોવાઈ રહી છે. સાથે હત્યામાં એક કરતાં વધુ શખ્સોની સંડોવણી પણ હોઈ શકે છે.આણંદ એલસીબી અને બોરસદ રૂરલ પોલીસની ટીમો દ્વારા સોશિયલ મીડિયામાં આપેલી વિગત પરથી મૃતક બોરસદ તાલુકાના કઠાણા ગામનો અજય રમણભાઈ પઢિયાર (ઉં.વ.૩૦) હોવાની ઓળખ તેના મોટાભાઈ દ્વારા કરવામાં આવી છે.

### બોગસ નાણાકીય વ્યવહારો દર્શાવતા બે સામે ગુનો

# લીંબાસીની દિવ્યા રાઈસ મિલના કર્મચારીની 91.54 લાખની ઉચાપત

નડિયાદ : માતરના લીંબાસી ગામે આવેલી દિવ્યા રાઈસ મિલના મહેતાજીએ કોરા ચેકનો ખોટો ઉપયોગ કરી, નાવ્યા ટ્રેડિંગ કંપનીના માલિક સાથે મળીને ડાંગરની આવક ન આવી હોવા છતાં કંપનીને પેમેન્ટ કરી રાઈસ મિલમાંથી રૂ. ૯૧.૫૪ લાખની ઉચાપત કરી હતી. આ અંગે લીંબાસી પોલીસે મહેતાજી અને ટ્રેડિંગ કંપનીના માલિક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લીંબાસી ગામના જીજ્ઞોશભાઈ રાજેન્દ્રભાઈ ઠક્કરની માલાવાડા ચોકડી પર આવેલી દિવ્યા રાઈસ મિલમાં તા.૧૦ માર્ચ ૨૦૧૯થી ઈનાયત નસીબમિયા કુરેશી (રહે. ચાનોર, માતર) નાણાકીય વ્યવહાર અને ખરીદ-વેચાણની કામગીરી કરતા હતા. તેમના ઉપર વિશ્વાસ રાખી વારંવાર ચેક ઉપર સહી કરાવવા રાઈસ મિલના માલિક પાસે જવું ન પડે માટે સહી કરેલી કોરી ચેકબૂક અને પાવર ઓફ એટર્ની કરી આપવામાં આવી હતી.

દરમિયાન તા.૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ દિવ્યા રાઈસ મિલના નામની બેંકની રિકવરીની નોટિસ આવી હતી. જીજ્ઞોશભાઈએ આ બાબતે ઈનાયતને પૂછતા તેણે જણાવ્યું હતું કે, ગોડાઉનમાં સ્ટોક છે જે વેચીને બેંકની લોન ભરપાઈ કરી દઈશું. જોકે, લોન ભરપાઈ ન કરાતા બીજી વખત નોટિસ આવી હતી. જેથી જીજ્ઞોશભાઈએ રાઈસ મીલના હિસાબો તપાસતા રૂ. ૯૫,૫૫,૦૦૦નો હિસાબ મળતો ન હતો.

જ્યારે ઈનાયત કુરેશીએ જૂદી જૂદી તારીખોમાં રૂ. ૩૧,૧૩,૬૪૪ની એન્ટ્રી પાડી હતી. જેની સામે ખરી આવક રૂ. ૬,૩૧,૪૮૧ દર્શાવી હતી પરંતુ રૂ. ૨૫,૦૦,૧૬૩ની આવક ન હોવા છતાં રજિસ્ટરમાં ખોટી આવક દર્શાવી હતી.

ઈનાયત કુરેશીએ નાવ્યા ટ્રેડિંગ કંપનીના માલિક હાર્દિક કિરીટભાઈ પટેલ (રહે. રૂણજ, સોજિત્રા) સાથે કાવતરું રચી, નાવ્યા ટ્રેડિંગ કંપનીમાંથી રૂ.૯૧,૫૪,૫૧૯ની ડાંગરની આવક ન આવી હોવા છતાં કંપનીને પેમેન્ટ કરી સહી કરેલા ચેકનો ખોટો ઉપયોગ કરી રાઈસ મિલમાંથી નાણાંની ઉચાપત કરી છેતરપિંડી કરી હોવા અંગે નિશાબેન જીજ્ઞોશભાઈ ઠક્કરે ફરિયાદ નોંધાવી હતી.

### ઉમરાળા પોલીસ મથકમાં ગુનો નોંધાયો

# રંઘોળા ચોકડી પાસે 2 ટ્રક વચ્ચે અકસ્માત, ટ્રક ચાલકનું નું મોત

(એજન્સી) રંઘોળા | તા. 16

રંઘોળા ચોકડી પાસે આજે મોડી રાત્રે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં જામજોધપુરથી ભાવનગર તરફ આવી રહેલા ટ્રક ચાલકનું મોત થયું છે. બનાવ અંગે ઉમરાળા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.પોરબંદર જિલ્લાના રાણાવાવ ખાતે રહેતા રાજુભાઈ નારણભાઈ પાંડાવદરાએ ઉમરાળા પોલીસ મથકમાં જીજે-૦૯-ઝેડ-૨૦૫૯ નંબરના ટ્રકના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તેમના મોટાભાઈ હમીરભાઈ પાંડાવદરા (ઉ.વ.૪૭) જામજોધપુર તાલુકાના પાટણ ગામેથી જીજે-૨૫-યુ-૬૬૧૮ નંબરનો ટ્રક ભરીને ભાવનગર તરફ આવી રહ્યાં હતા ત્યારે ગત મોડી રાત્રિના બે કલાકના અરસામાં ધોળા ગામ તરફથી આવી રહેલા ઉક્ત ટ્રકના ચાલકે તેમની સાથે અકસ્માત સર્જતા તેમના ભાઈ હમીરભાઈને ગંભીર ઈજા પહોંચતા તેમને સારવાર માટે ઉમરાળા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે ઉમરાળા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


### પતિને મહિલા સાથે અનૈતિક સબંધ હતો

# લગ્ન છૂટા કરવાનું દબાણ કરતા પત્નીએ ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો


(એજન્સી) ભાવનગર | તા. 16

ગઢડા તાલુકાના ગઢાંળી ગામે રહેતા પતિને સુરત ખાતે રહેતી મહિલા સાથે અનૈતિક સંબંધ હોય પત્ની સાથે વારંવાર ઝઘડો કરી લગ્ન છુટા કરવા દબાણ કરતા પત્નીએ ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ સમગ્ર બનાવની જાણવા મળતી વિગત અનુસાર ગઢડા તાલુકાના ગઢાંળી ગામે સાસરું ધરાવતા શાંતુબેનના લગ્ન ૨૧ વર્ષ પહેલા મુકેશભાઈ બધાભાભાઈ વાઘેલા સાથે થયા હતા.લગ્ન જીવન દરમિયાન બે પુત્ર અને એક પુત્રીનો જન્મ થયો હતો. શાંતુબેનના પતિ મુકેશને સુરત ખાતે રહેતી મહિલા સાથે અનૈતિક સંબંધ બંધાયો હતો.ત્યારથી પતિ મુકેશ પત્ની અને બાળકોને મૂકી સુરત રહેવા માટે જતા રહ્યા હતા.અને પત્ની શાંતાબેન અને બાળકો ગઢાળી ખાતે રહેતા હતા.અને પતિ ગઢાળી આંટો મારવા આવે ત્યારે પતિ - પત્ની વચ્ચે ઝઘડા થતા હતા.પરંતુ શાંતુબેન પુત્ર અને પુત્રીના ભવિષ્યનો વિચાર કરી ઘર સંસાર ચલાવવા મજબૂર હતા.અને લગ્ન છુટા કરવાનું દબાણ પતિ મુકેશ વારંવાર કરતો હતો.આ ત્રાસથી કંટાળી શાંતુબેને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ રાત્રિના અગીયાર વાગ્યાના સમયે પોતાના ઘરમાં ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે .




**વૃષભ (બ,વ,ઉ)**
ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.



**કર્ક (ડ,હ)**
સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.




**સિંહ (મ,ટ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.




**તુલા (ર,ત)**
વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.




**વૃશ્ચિક (ન,ય)**
તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.




**ધન (ભ,ધ,ફ)**
તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.



**મકર (ખ,જ)**
સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂ ટેન્શન ઘટાડશે.



**કુંભ (ગ,શ,સ)**
મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય.



**મીન (દ,ચ,ઝ,થ)**
સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો પારિવારિક ચિંતાઓને તમારૂ ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

# ડોલર સામે રુપિયો નબળો થતાં વિદેશ પ્રવાસ મોંઘા, અમેરિકા માટે 20 હજાર વધુ ખર્ચવા પડશે

ડોલર સામે રુપિયો નબળો થતાં વિદેશ પ્રવાસ મોંઘા, અમેરિકા માટે 20 હજાર વધુ ખર્ચવા પડશે

(એજન્સી) મુંબઈ તા 16

ઉનાળાના વેકેશન દરમિયાન અમેરિકા ફરવા જવાનું આયોજન કરી રહ્યા હોવ તો ગયા વર્ષની સરખામણીએ રૂપિયા 20 હજાર જેટલા વધુ ખર્ચ કરવા પડી શકે છે. વાત એમ છે કે, ડોલર સામે રૂપિયાનો ભાવ ગગડીને 86.67 થઈ જતાં અમેરિકાનો પ્રવાસ મોંઘો થઈ ગયો છે. છેલ્લા 5 વર્ષમાં ડોલર સામે રૂપિયાનો ભાવ 15 રૂપિયા 16 પૈસા વધ્યો

ઉનાળાના વેકેશનમાં વિદેશ ફરવા જવાનું હોય તો સામાન્ય રીતે લોકો જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તેના બૂકિંગ કરાવતા હોય છે. આ વખતે પણ વિદેશ પ્રવાસ માટે ઈન્ક્વાયરી-બૂકિંગનો પ્રારંભ થઈ ગયો છે. પરંતુ પેકેજ ગયા વર્ષની સરખામણીએ વધી ગયું છે. ગયા વર્ષની સરખામણીએ અમેરિકા માટે રૂપિયા 15થી 20 હજાર, યુરોપિયન દેશ માટે રૂપિયા 10 થી 15 હજાર, દુબઈ-સિંગાપોર માટે રૂપિયા 5થી 7 હજાર વધારે ખર્ચવા



પડશે. હાલ અમેરિકાનું પેકેજ રૂપિયા 3.50 લાખથી રૂપિયા 7 લાખ, યુરોપનું પેકેજ રૂપિયા 3 લાખથી રૂપિયા 6 લાખ, દુબઈનું પેકેજ રૂપિયા 1 લાખથી રૂપિયા 1.25 લાખ,જ્યારે સિંગાપોરનું પેકેજ રૂપિયા 1.25 લાખ આસપાસ હોય છે. પાંચ વર્ષ અગાઉ ફેબ્રઆરી 2020માં ડોલર સામે રૂપિયાનો ભાવ 71.51 હતો. પાંચ વર્ષમાં ડોલર સામે રૂપિયાનો ભાવ 15 રૂપિયા 16 પૈસા વધી ગયો છે. ગયા વર્ષે 15મી ફેબ્રુઆરીના ડોલર સામે રૂપિયાનો ભાવ 83.01 હતો.

## પ્રવાસીઓની સંખ્યા પર કેટલી અસર પડશે?

ડોલર સામે રૂપિયાનો ભાવ ગગડતાં પ્રવાસીઓની સંખ્યા પર અસર પડશે કે કેમ તે અંગે ટૂરિઝમ ડેવલપમેન્ટ સોસાયટીના ચેરમેન મનીષ શર્માએ જણાવ્યું કે, 'ગયા વર્ષની સરખામણીએ પેકેજમાં વધારો છતાં ગુજરાતથી વિદેશ પ્રવાસે જતાં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડાની સંભાવના નહિવત્ છે. ડોલરના ભાવમાં સતત ફેરફારને પગલે ટૂર ઓપરેટરોએ હવે વિદેશ જવા માગતો પ્રવાસી જ્યારે ફૂલ પેમેન્ટ કરે ત્યારે જે ડોલરનો ભાવ હોય તે પ્રમાણે પેકેજના રેટ ગણવાનું શરૂ કર્યું છે. અગાઉ વર્ષ દરમિયાન ડોલરના ભાવમાં આટલા ફેરફાર થતા નહોતા. ત્યારે પ્રવાસી જે થોડું-ઘણું પેમેન્ટ કરતો એ વખતે જે ડોલરનો ભાવ હોય તે મુજબ જ રેટ ગણાતો હતો.'



ઘરઆંગણે સ્ટીલ સસ્તુ થવાના કિસ્સામાં વપરાશકારોને લાભની અપેક્ષા

# ટ્રેડ વોરને પરિણામે દેશનો સ્ટીલ ઉદ્યોગ જોખમમાં મુકાશે

(એજન્સી) મુંબઈ તા 16

અમેરિકા દ્વારા સ્ટીલ તથા એલ્યુમિનિયમ પ્રોડકટસ પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાતથી દેશમાં સ્ટીલ ઉદ્યોગના ચાલી રહેલા ક્ષમતા વિસ્તરણ અથવા નવા પ્રોજેકટસ સામે પડકારો ઊભા થયા છે. એક અંદાજ પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં કુલ ૩૫૦ જેટલા પ્રોજેકટસ અમલીકરણ હેઠળ જે પાછળ રૂપિયા ૮.૬૦ ટ્રિલિયનનો મૂડી ખર્ચ અંદાજાયો છે. સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર અમેરિકામાં ૨૫ ટકા વધારાની ટેરિફ વસૂલવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી છે ત્યારે આ જાહેરાતને પગલે ભારતમાં સસ્તા સ્ટીલનો પૂરવઠો ખાસ કરીને ચીન ખાતેથી સ્ટીલનું ડમ્પિંગ વધી જવાની સ્ટીલ ઉદ્યોગને ચિંતા સતાવી રહી



છે. સ્ટીલની આયાતમાં વધારાથી ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગોમાં માલભરાવો થવાની અને વિસ્તરણ કાર્યક્રમો ઘોંચમાં પડવાની શકયતા જોવાઈ રહી છે. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી માળખાકીય ક્ષેત્રના વિકાસને લઈને સ્ટીલની માગમાં નોંધપાત્ર વધારો થયો છે જેને પહોંચી વળવા સ્ટીલ ઉત્પાદકોએ ક્ષમતાના વિસ્તરણ માટે કાર્યક્રમો હાથ ધર્યા છે એમ સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. એલ્યુમિનિયમની સરખામણીએ સ્ટીલ ઉત્પાદકો પર ઊંચા ટેરિફની વધુ અસર જોવા મળશે કારણ કે ભારતમાં અગાઉથી જ સ્ટીલની માગ કરતા પૂરવઠો વધુ જોવા મળી રહ્યો છે. સ્ટીલના ભાવમાં કોઈપણ ઘટાડાથી સ્ટીલ ઉત્પાદકોના માર્જિન પર દબાણ આવશે પરંતુ સ્ટીલના વપરાશકારોને આ ઘટાડોનો લાભ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે. દેશમાં બાંધકામ, ઓટો, માળખાકીય, રેલવે પ્રોજેકટસ વગેરેમાં સ્ટીલનો મોટો વપરાશ થાય છે.

# સોના-ચાંદીમાં તીવ્ર કડાકોઃ વૈશ્વિક સોનું 50 ડોલરથી વધુ તૂટી 2,900 ડોલરની અંદર!

(એજન્સી) મુંબઈ તા 16

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોના-ચાંદીના ભાવમાં તેજીને બ્રેક વાગતાં ભાવ પ્રત્યાઘાતી ઝડપી ઘટાડા પર જોવા મળ્યા હતા. વિશ્વબજારમાં સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી દેખાઈ હતી. વૈશ્વિક સોનાના ભાવ ઔંશદીઠ ૨૯૩૦થી ૨૯૩૧ વાળા તૂટી નીચામાં ૨૮૭૭ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૨૮૮૨થી ૨૮૮૩ ડોલર રહ્યા હતા. રશિયા તથા યુક્રેન વચ્ચે યુધ્ધ પૂરું કરવા શરૂ થયેલા પ્રયત્નો વચ્ચે વિશ્વબજારમાં સોનામાં તથા ક્રૂડતેલમાં ભાવ દબાણ હેઠળ જોવા મળ્યા હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણે



આજે અમદાવાદ બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૮૮૨૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૮૫૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૧૫૦૦ તૂટી રૂ.૯૫ હજાર બોલાયા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ૩૩.૧૫થી ૩૩.૧૬ વાળા નીચામાં ૩૨.૦૭ થઈ છેલ્લે ૩૨.૧૦થી ૩૨.૧૧ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ૧૦૦૭થી ૧૦૦૮ વાળા તૂટી ૯૭૯ થઈ છેલ્લે ૯૮૩થી ૯૮૪ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૦૬થી ૧૦૦૭ વાળા નીચામાં ૯૬૩ થઈ છેલ્લે ભાવ ૯૬૯થી ૯૭૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૨.૩૩ ટકા તૂટયા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૭.૧૮ તથા નીચામાં ૧૦૬.૫૭ થઈ છેલ્લે ૧૦૬.૭૯ રહ્યાના નિર્દેશો હતા. ડોલર સામે રૂપિયામાં વૃધ્ધિ આ સપ્તાહમાં ૦.૭૦ ટકા થતાં રૂપિયા માટે આ સપ્તાહ છેલ્લા ૧૯ મહિનાનો સૌથી શ્રેષ્ઠ સપ્તાહ ગણાઈ રહ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.

## HSBC મ્યુચ્યુઅલ ફંડ દ્વારા નવી ફાઈનાન્શિયલ સર્વિસિસ ફંડ લોન્ચ

(એજન્સી) મુંબઈ તા 16

એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડે એક નવી પહેલ અંતર્ગત એચએસબીસી ફાઈનાન્શિયલ સર્વિસેસ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ ફંડ એક ઓપન-એન્ડેડ ઈક્વિટી યોજના છે, જે મુખ્યત્વે નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. નવું ફંડ ઓફર (NFO) 6 ફેબ્રુઆરી 2025થી ખુલ્લું છે અને 20 ફેબ્રુઆરી 2025ના રોજ બંધ થશે. આ ફંડ ભારતના નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં વિકાસના અવસરોનો લાભ ઉઠાવવાનો હેતુ ધરાવે છે. વધતા નાણાકીય સમાવેશ, ડિજિટાઈઝેશન અને અનુકૂળ નિયમનકારી નીતિઓના કારણે ભારતના નાણાકીય ક્ષેત્રમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે. લોકોની બચતને નાણાકીય સંપત્તિમાં રૂપાંતરિત કરવાની વૃદ્ધિની સાથે, આ ક્ષેત્રમાં વધુ પડતી શક્યતાઓ ઊભી થઈ રહી છે. ફંડનું મુખ્ય લક્ષ્ય બેન્કો, નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (NBFCs), એસેટ મેનેજમેન્ટ કંપનીઓ, વીમા કંપનીઓ, ફાઈનાન્શિયલ ટેક્નોલોજી (FinTech) અને પેમેન્ટ કંપનીઓમાં રોકાણ કરવાનું છે. આમાંથી કેટલીક કંપનીઓ પરંપરાગત લેનદેન કરતા હોય છે, જ્યારે અન્ય નોન-લેનદેન સેવાઓ પૂરી પાડે છે.

## PM અને Trumpની મુલાકાત વચ્ચે આ વ્હીસ્કીની જકાત 100% ઘટી

(એજન્સી) મુંબઈ તા 16

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટોની અસર હવે દેખાઈ રહી છે. ભારતે અમેરિકન બોર્બોન વ્હિસ્કી પરની આયાત જકાત 150 ટકાથી ઘટાડીને 100 ટકા કર્યો છે. એટલે કે ટેક્સમાં 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ભારતે આ પગલું એવા સમયે લીધું છે. જ્યારે મોદીને મળતા પહેલા ટ્રમ્પે દક્ષિણ એશિયાઈ બજારોમાં ઊંચા કરની ટીકા કરી હતી. ટેરિફ અંગે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અન્ય કોઈપણ દેશ કરતાં વધુ ટેક્સ વસૂલ કરે છે. તેમણે હાર્લી ડેવિડસનનું ઉદાહરણ આપ્યું. જેના સંદર્ભમાં તેમણે કહ્યું કે ભારતમાં ઊંચા કરવેરા હોવાને કારણે હાર્લી ડેવિડસનને ભારતમાં જ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવો પડ્યો. જેથી તેને ટેક્સ ન ભરવો પડે. આવી સ્થિતિમાં, એ જાણવું મહત્વપૂર્ણ છે કે ભારતે બોર્બોન વ્હિસ્કી પરનો ટેક્સ કેમ ઘટાડ્યો. આ બોર્બોન વ્હિસ્કીનો ઈતિહાસ શું છે અને તેનું બજાર કેટલું મોટું છે... અમેરિકા બોર્બોન વ્હિસ્કીનો મુખ્ય નિકાસકાર છે અને ભારતમાં તેની આયાતનો લગભગ એક ચતુર્થાંશ ભાગ અમેરિકાથી આવે છે. ભારતે 2023-24માં $2.5 મિલિયનની કિંમતની બોર્બોન વ્હિસ્કી આયાત કરી હતી. વોશિંગ્ટન અને નવી દિલ્હીએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને $500 બિલિયન કરવાની વાત કરી છે.

# ખાદ્યતેલોની ટેરીફ વેલ્યુ બદલતાં ઈફેકટીવ ડયુટીમાં ફેરફારો : એરંડાનો પાક ઓછો થશે

(એજન્સી) મુંબઈ તા 16

મુંબઈ તેલિ-બિયાં બજારમાં આજે વિવિધ ખાદ્યતેલોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. વિશ્વબજારમાં મલેશિયા ખાતે પામતેલના ભાવ ઉંચકાતાં સતત ચાર સપ્તાહથી ત્યાં ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા. ઘરઆંગણે હઝીરા ખાતે સોયાતેલ રિફાઈન્ડના ભાવ ૨૩ ફેબુરઆરીના પાંચ માર્ચ સુધીના રૂ.૧૨૯૫ રહ્યા હતા. મધ્ય પ્રદેશમાં સોયાતેલ રિફાઈન્ડના ભાવ જાતવાર રૂ.૧૨૮૫થી ૧૩૦૦ સુધી રહ્યા હતા. મુંદ્રા-હઝીરા ખાતે વિવિધ ડિલીવરીના ભાવ પામતેલના રૂ.૧૩૮૦થી ૧૩૯૦ તથા સનફલાવરના રૂ.૧૪૨૦ રહ્યા હતા. દરમિયાન, સૌરાષ્ટ્ર- ગોંડલ ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૩૮૦થી ૧૪૦૦ તથા કોટન વોશ્ડના ભાવ વધી રૂ.૧૨૪૦થી ૧૨૪૫ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૨૯૫થી ૧૩૦૦ રહ્યા હતા. મસ્ટર્ડ-સરસવની આવકો રાજસ્થાન ખાતે ૬૫ હજાર



તથા ઓલ ઈન્ડિયા આવકો ૨ લાખ ૫૫ હજાર ગુણી આવી હતી. રાજસ્થાનમાં ભાવ રૂ.૨૫ વધી રૂ.૬૩૦૦થી ૬૩૨૫ રહ્યા હતા. સનફલાવર રિફાઈન્ડના ભાવ વધી ખપોલી ખાતે રૂ.૧૪૩૦ તથા માર્ચના રૂ.૧૪૪૦ રહ્યા હતા. વિશ્વબજારમાં અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીનના ભાવ ૬૦ પોઈન્ટ વધ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ૧૮ પોઈન્ટ નરમ હતા સામે સોયાખોળના ભાવ ૩૨ પોઈન્ટ ઉંચકાયા હતા. દરમિયાન, દેશમાં આયાત થતા વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ફેરફારો કરતાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં બદલાવ આવ્યો છે. ક્રૂડ પામ ઓઈલ સીપીઓની આવી ટેરીફ વેલ્યુ ૧૧૦૯થી વધી ૧૧૧૧ ડોલર થઈ છે જ્યારે આરબીડી પામોલીનની ટેરીફ વેલ્યુ ૧૧૬૪થી ઘટી ૧૧૫૮ ડોલર કરાઈ છે. સામે સોયાતેલ ડિગમની ટેરીફ વેલ્યુ ૧૧૧૮થી ઘટી ૧૦૮૨ ડોલર થઈ છે. આના પગલે સીપીઓની ઈફેકટીવ ડયુટી ટનના રૂ.૯૪ વધી છે જ્યારે આરબીડી પામોલીનની ઈફેકટીવ ડયુટી ટનના રૂ.૧૮૯ ઘટી છે જ્યારે સોયાતેલ ડિગમની ઈફેકટીવ ડયુટી ટનના રૂ.૮૭૫ જેટલી ઘટી છે. દરમિયાન, સરકારી અંદાજ મુજબ ભારતમા ૨૦૨૪- ૨૫ના પાક વર્ષે માટે એરંડાના વાવેતર હેઠળનો વિસ્તાર ૧૨ ટકા ઘટી ૮.૬૭ લાખ હેકટર્સનો થયો છે. જે પાછલી મોસમમાં ૯.૮૮ લાખ હેકટર્સનો હતો. નેશનલ યીલ્ડ હેકટરદીઠ પાંચ ટકા વધી ૨૧૦૧ કિલો અંદાજાઈ છે. જ્યારે નેશનલ ઉત્પાદન ૮ ટકા ઘટી ૧૮.૨૨ લાખ ટનનો અંદાજાયો છે.

## આવતા અઠવાડિયે આવી રહ્યા 2 નવા IPO, 11નું થશે લિસ્ટિંગ

(એજન્સી) મુંબઈ તા 16

આ અઠવાડિયે 2 નવા IPO આવવાના છે. તો એક મેઈનબોર્ડ IPO હશે અને બીજો SME હશે. બીજસન એક્સપ્લોટેક SME IPOમાં સામેલ છે. જેનો IPO સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે આવશે. બીજી તરફ, મેઈનબોર્ડ આઈપીઓ HP ટેલિકોમ ઈન્ડિયાનો છે. જેનું સબસ્ક્રિપ્શન ગુરુવારથી શરૂ થશે. આગામી શેરબજારના રોકાણકારો IPO કરતાં વધુ કંપનીઓના લિસ્ટિંગની રાહ જોઈ રહ્યા છે. તેનું પણ એક કારણ છે. આ સોમવારથી માત્ર બે જ આઈપીઓ શેરબજારમાં આવશે. અને આ સિવાય આવતા અઠવાડિયે 11 કંપનીઓ સેકન્ડરી માર્કેટમાં ધૂમ મચાવા જઈ રહી છે. આ અઠવાડિયે 2 નવા IPO આવવાના છે. તો એક મેઈનબોર્ડ IPO હશે અને બીજો SME હશે. બીજસન એક્સપ્લોટેક SME IPOમાં સામેલ છે. જેનો IPO સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે આવશે. બીજી તરફ, મેઈનબોર્ડ આઈપીઓ HP ટેલિકોમ ઈન્ડિયાનો છે. જેનું સબસ્ક્રિપ્શન ગુરુવારથી શરૂ થશે. Beezaasan Explotech IPO: બિજાસન એક્સપ્લોટેક લિમિટેડ, વિસ્ફોટક એસેસરીઝની વિશાળ શ્રેણીનું ઉત્પાદન અને સપ્લાય કરે છે, તેની સ્થાપના ઓગસ્ટ 2013 માં કરવામાં આવી હતી. આ કંપનીનો IPO આવતા અઠવાડિયે આવી રહ્યો છે. IPO ખોલવાની તારીખ 21 ફેબ્રુઆરી 2025 છે અને 25 ફેબ્રુઆરી 2025 ના રોજ બંધ થશે.

# EPFOના કર્મચારીઓ માટે ખુશખબરી વ્યાજદરમાં થઈ શકે છે વધારો

(એજન્સી) મુંબઈ તા 16

પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા તમામ કર્મચારીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) 2024-25 માટે વ્યાજ દરોમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. વ્યાજદર હવે 8 ટકાથી 8.25 ટકા વચ્ચે નિશ્ચિત કરવામાં આવી શકાય છે. એવું માનવામાં આવે છે કે 28 ફેબ્રુઆરીએ યોજાનારી સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેઠકમાં આ જાણકારી આપવામાં આવી શકે છે. કોઈપણ વર્ષ માટે પીએફ ડિપોઝિટ પર વ્યાજ દર સૌ પ્રથમ EPFO દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવે છે. આ પછી તેને CBT દ્વારા પાસ કરવામાં આવે છે. તે પછી જ તેને નાણાં મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવે છે. EPFOના 65 મિલિયનથી વધુ સભ્યો છે. દરેક કર્મચારીને યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) આપવામાં આવે



છે. આનો ઉપયોગ વિવિધ એમ્પ્લોયર સાથે બહુવિધ પીએફ ખાતાઓને લિંક કરવા માટે થઈ શકે છે. UAN દ્વારા તમે તમારા EPF બેલેન્સને ચકાસી શકો છો અને અન્ય ઘણી સર્વિસના લાભ પણ લઈ શકો છો. EPF બેલેન્સ ચેક કરવાની ઘણી રીતો છે. તમે તેને EPFO પોર્ટલ દ્વારા, મિસ્ડ કોલ દ્વારા અથવા SMS મોકલીને પણ ચકાસી શકો છો. EPFO વેબસાઈટ પર જાઓ અને 'મેમ્બર પાસબુક' પર ક્લિક કરો. તમે તમારો UAN અને પાસવર્ડ દાખલ કરીને તમારી PF પાસબુકની વિગતો ચકાસી શકો છો. જો તમારું UAN EPFO સાઈટ પર રજિસ્ટર્ડ છે. આવી સ્થિતિમાં, તમે તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી 011-22901406 પર મિસ્ડ કોલ આપીને EPF બેલેન્સ વિશે માહિતી મેળવી શકો છો. જો તમારું UAN EPFOમાં નોંધાયેલું છે. તમે SMS મોકલીને તમારા યોગદાન અને PF બેલેન્સ વિશે માહિતી મેળવી શકો છો. SMS મોકલવા માટે તમારે 7738299899 પર 'UAN EPFOHO ENG' મોકલવાનું રહેશે. જો તમારી પાસે ઉમંગ એપ નથી તો ઉમંગ એપ ડાઉનલોડ કરો. મોબાઈલ નંબર સાથે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરો. આ પછી લોગ ઈન કરો. EPF પાસબુક જુઓ, ક્લેમ દાખલ કરો અને ક્લેમની સ્થિતિને ટ્રેક કરો. ઉમંગ એપ સરકાર દ્વારા શરૂ કરાયેલું એક પ્લેટફોર્મ છે. તે એક જ જગ્યાએ અનેક સરકારી સેવાઓ પૂરી પાડે છે.

## અનિલ અંબાણીને મોટો ફટકો, કંપનીના નુકસાનમાં થયો મોટો વધારો

(એજન્સી) મુંબઈ તા 16

અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ત્રીજા ક્વાર્ટરમાં મોટું નુકસાન થયું છે. હા, આ નુકસાન નાનું નથી પણ ઘણું મોટું છે. શેરબજારને આપવામાં આવેલી માહિતી મુજબ ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીમાં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નુકસાનમાં લગભગ 8 ગણો વધારો થયો છે. ખાસ વાત એ છે કે શુક્રવારે શેરમાં લગભગ 7 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનું કોન્સોલિડેટેડ ચોખ્ખું નુકસાન વધીને રૂપિયા 3298.35 કરોડ થયું છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો ખોટ રૂપિયા 421.17 કરોડ જોવા મળ્યો હતો. આનો અર્થ એ થયો કે આ ત્રણ મહિનામાં કંપનીનું નુકસાન લગભગ 8 ગણું વધી ગયું છે. જે પોતાનામાં એક મોટું નુકસાન છે. કંપની માટે આ નુકસાન ભરપાઈ કરવું ખૂબ મુશ્કેલ સાબિત થઈ શકે છે. કંપનીએ જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને રૂપિયા 5,129.07 કરોડ થઈ છે, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 4,717.09 કરોડ હતી. કંપનીએ જણાવ્યું હતું કે સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં તેનો ખર્ચ ઘટીને રૂપિયા 4963.23 કરોડ થયો છે, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 5068.71 કરોડ હતો. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાવર, રોડ, મેટ્રો રેલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રો માટે એન્જિનિયરિંગ અને બાંધકામ સેવાઓ પૂરી પાડવાના વ્યવસાયમાં છે.

# શું 12 લાખની આવક વાળાએ ITR ફાઈલ કરવાનું રહે છે ખરૂ?

(એજન્સી) મુંબઈ તા 16

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ 2025માં વાર્ષિક આવક 12 લાખ રૂપિયા સુધી રહેવાનો અંદાજ મૂક્યો છે. આવી સ્થિતિમાં, તમે આવકવેરામાં છૂટનો સંપૂર્ણ લાભ લઈ શકો છો. આવી સ્થિતિમાં, શું 12 લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા લોકોને પણ ITR ફાઈલ કરવાની જરૂર નહીં પડે? શું તેમની ટેક્સ જવાબદારી શૂન્ય હશે? નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ 2025માં એક મોટું પગલું ભર્યું છે. જો તમારી વાર્ષિક આવક 12 લાખ રૂપિયા સુધી છે. આવી સ્થિતિમાં, તમે આવકવેરામાં છૂટનો સંપૂર્ણ લાભ લઈ શકો છો. એકંદરે તમારે કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. આ નિયમ આગામી નાણાકીય વર્ષ એટલે કે 1 એપ્રિલ 2025થી લાગુ થશે. આ ફેરફારનો અર્થ એ છે કે જો તમારી વાર્ષિક આવક 12 લાખ રૂપિયા સુધી છે, તો તમને કલમ 87A હેઠળ રિબેટનો




સંપૂર્ણ લાભ મળશે. આવી સ્થિતિમાં, શું 12 લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા લોકોને પણ ITR ફાઈલ કરવાની જરૂર નહીં પડે? શું તેમની ટેક્સ જવાબદારી શૂન્ય હશે? પરંતુ તેમ છતાં, કલમ 87A હેઠળ રિબેટનો લાભ મેળવવા માટે, તમારે ITR ફાઈલ કરવાની જરૂર પડશે. જ્યાં સુધી તમે ITR ફાઈલ કરશો નહીં. તમને રિબેટનો લાભ નહીં મળે. આ રિબેટનો લાભ તે લોકોને મળશે જેમની આવક 12 લાખ રૂપિયા સુધી છે. ઉપરાંત, જેમની આવકમાં વિશિષ્ટ દરે ટેક્સ લાગવાવાળા સ્ત્રોતોનો સમાવેશ થતો નથી. આ રિબેટ ત્યારે જ મળશે જ્યારે તમે ITR ફાઈલ કરશો. કેટલાક ખાસ સંજોગો છે જેમાં તમારી આવક ઓછી હોવા છતાં પણ ITR ફાઈલ કરવી જરૂરી રહેશે. જો તમારી પાસે વિદેશી મિલકત છે. તમારા બેંક ખાતામાં 1 કરોડ રૂપિયાથી વધુ પૈસા જમા છે. તમે વિદેશ પ્રવાસ પર 2 લાખ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે. આવી પરિસ્થિતિઓમાં તમારે ITR ફાઈલ કરવી પડશે. ભલે તમારી આવક 4 લાખ રૂપિયાથી ઓછી હોય. તેવી જ રીતે, જો તમારું વીજળીનું બિલ 1 લાખ રૂપિયાથી વધુ છે. તમારું વેચાણ રૂ. 60 લાખથી વધુ હોવું જોઈએ. આવી સ્થિતિમાં પણ તમારે ITR ફાઈલ કરવી પડશે. જો તમે આ પરિસ્થિતિઓમાં ITR ફાઈલ કરશો નહીં, તો તમને આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી શકે છે.જો કે, હવે દંડ નથી લાગતો, પરંતુ લેટ ફી લાગુ કરવામાં આવી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-5

# મનુષ્યના અસ્તિત્વ માટે પડકારજનક સ્થિતિ



આજના સમયમાં પર્યાવરણ, જૈવ વિવિધતા અને પ્રકૃતિ સાથે છેડછાડની જે સ્થિતિ બની છે, તે માનવના અસીમિત લોભ અને સંસાધનોની આંધળી દોટનું પરિણામ છે. હવામાનમાં આવેલા અત્યધિક બદલાવ, પારિસ્થિતિકી તંત્રમાં પતન અને આર્થિક-સામાજિક માળખામાં સંકટ આ બધાનું પ્રત્યક્ષ પરિણામ છે. આ બદલાવ અચાનક નથી થયો, બલ્કે વર્ષોથી પર્યાવરણવિદ્ આપણને ચેતવણી આપી રહ્યા હતા કે આપણે જો સમય રહેતાં પગલાં ન લીધાં, તો પરિણામ વિનાશકારી હોઈ શકે છે. આપણે હવે એ સ્થિતિમાં પહોંચી ગયા છીએ જ્યાંથી વાપસી કરવી બહુ મુશ્કેલ છે.દુનિયાના સ્તર પર જૈવ વિવિધતાની વાત કરી તો અમેરિકાની એએન્ડએમ યુનિવર્સિટી સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના એક અધ્યયનમાં ખુલાસો થયો છે કે છોડ-ઝાડની હાજરી લોકોના માનસિક તણાવથી મુક્તિ અપાવવામાં સહાયક હોય છે. માનસિક રોગીઓ પર કરવામાં આવેલા અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે હરિયાળી વચ્ચે રહેનારા લોકોમાં અવસાદની આશંકા બહુ ઓછી જોવા મળી છે. જ્યારે જૈવ વિવિધતાવાળી જમીન પર કબ્જાની ઘટનાઓમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને ૨૦૦૮ બાદથી. આ ઘટનાઓ વિશેષ રૂપે ઉપ-સહારા આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા ક્ષેત્રોમાં થઈ રહી છે, જેની અસર વૈશ્વિક સ્તર પર ભૂમિ અસમાનતા, ખાદ્ય અસરક્ષા, ખેડૂત વિદ્રોહ અને ગ્રામીણ પલાયનમાં વૃદ્ધિ કરી રહી છે. આ પ્રવૃત્તિએ નાના અને મધ્યમ ખાદ્ય ઉત્પાદકોને સંકટમાં મૂકી દીધા છે. માનસિક સ્વાસ્થ્યની વિશેષજ્ઞ પ્રોફેસર એન્દ્રિયા મેચલી અનુસાર, જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતાનું તેજ પતનથી માત્ર પ્રાકૃતિક પર્યાવરણ નહીં, બલ્કે તેમાં રહેનારા લોકોનં માનસિક સ્વાસ્થ્ય પણ પ્રભાવિત થઈ રહ્યું છે. છેલ્લા બે દાયકામાં આખી દુનિયામાં ૭૮ મિલિયન હેક્ટર પહાડી જંગલો નષ્ટ થઈ ગયાં છે. જ્યારે પહાડ દુનિયાના ૮૫ ટકાથી વધારે પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ અને ઉભયચરોનું આશ્રયસ્થળ છે. ઉલ્લેખનીય એ છે કે દર વર્ષે જેટલું જંગલ ખતમ થઈ રહ્યં છે, તે એક લાખ ત્રણ હજાર વર્ગ કિલોમીટરમાં ફેલાયેલા દેશ જર્મની, નોર્ડિક દેશ આઈસલેન્ડ, ડેનમાર્ક, સ્વીડન અને ફિનલેન્ડ જવા ક્ષેત્રોના ક્ષેત્રફળ જેટલું છે. પરંતુ દુ:ખ અને ચિંતાની વાત એ છે કે તેના અનુપાતમાં નવાં જંગલ લગાવવાની ગતિ બિલકુલ ધીમી છે. જ્યાં સુધી ધરતીનાં ફેફ્સાં કહેવાતા દિક્ષમ અમેરિકાના અમેઝોન બેઝિનના બહુ મોટા ભૂભાગ પર ફેલાયેલ અમેઝોનમાં વર્ષા જંગલોનો સવાલ છે, તે વિનાશના આરે છે. વધતા તાપમાન, ભયાવહ દુકાળ, જંગલોની અંધાધૂંધ કાપણી અને જંગલોમાં આગની વધતી ઘટનાઓને કારણે અમેઝોનનાં જંગલો ખતરાના દાયરામાં છે. અસલમાં દુનિયામાં જંગલોનો સૌથી વધુ વિનાશ બ્રાઝિલમાં થયો છે અને આ સિલસિલો આજે પણ ચાલુ છે. તેના પછી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને બોલીવિયાનો નંબર આવે છે. જો મેરીલેન્ડ યુનિવર્સિટી અને વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટના ગ્લોબલ વોચના હાલના રિપોર્ટનું માનીએ તો દુનિયાભરમાં વર્ષ ૨૦૨૩માં ૩૭ લાખ હેક્ટર જંગલો નષ્ટ થઈ ગયાં. ભારતમાં છેલ્લા ૩૦ વર્ષોમાં જંગલોની કાપણીમાં ભારે વધારો થયો છે. ભલે તેના પ્રાકૃતિક કારણો હોય કે માનવીય. તેમાં દેશના પાંચ રાજ્યો આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ, તેલંગણા અને હિમાચલ પ્રદેશ શીર્ષ પર છે જ્યાં દેશમાં આગથી સૌથી વધારે જંગલો તબાહ થયાં છે. આ સિલસિલો આજે પણ ચાલુ છે. જો ગ્લાસગોમાં થયેલ કોપ-૨૬ સંમેલનની વાત કરીએ તો તેમાં દુનિયાના ૧૪૪ દેશોએ ૨૦૩૦ સુધી આ જંગલોને બચાવવાનો સંકલ્પ લીધો હતો. ઉલ્લેખનીય છે કે જો દુનિયામાં જંગલોની કાપણી પર રોક લગાવવામાં આવે છે તો એક અનુમાનના આધારે એ હાલતમાં ૯૦૦ અબજ ડોલરની રકમ ખર્ચ થશે. જ્યારે હાલમાં દુનિયામાં જંગલોને બચાવવા પર વાર્ષિક ત્રણ અબજ ડોલરની રકમ ખર્ચ કરાઈ રહી છે. કેમ્બ્રિજ યનિવર્સિટીની કંઝર્વેશન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની વૈજ્ઞાનિક અનુસાર જંગલોને બચાવવા માટે દુનિયાભરની સરકારોએ વાર્ષિક ૧૩૦ અબજ ડોલર ખર્ચ કરવા પડશે. જો ૨૦૩૦ સુધી જંગલોની કાપણી પર કાબૂ ન મેળવાયો તો આવનાર સમયમાં આ ખર્ચ કેટલાય ગણો વધી જશે કાર્બન ઉત્સર્જનમાં વધારાથી પર્યાવરણીય સમસ્યાઓ વધુ વિકરાળ સ્વરૂપ લઈ લેશે.

## કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ તેમના પરિવાર સાથે ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું, મહાકુંભને સનાતન સંસ્કૃતિની જીવંત અભિવ્યક્તિ કહેવાય છે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આસ્થા, આધ્યાત્મિકતા અને સનાતન પરંપરાઓના ભવ્ય સંગમ મહાકુંભ 2025માં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ તેમના પરિવાર સાથે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું અને માતા ગંગા, માતા યમુના અને માતા સરસ્વતીના આશીર્વાદ મેળવ્યા.

આ શુભ અવસર પર, તેમણે કહ્યું કે 'મહા કુંભ માત્ર એક ધાર્મિક પ્રસંગ નથી, પરંતુ એક એવો પ્રસંગ છે જે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મૂર્તિમંત કરે છે, જ્યાં સમગ્ર દેશના લોકો એક આસ્થા અને સંસ્કૃતિથી બંધાયેલા છે. તીર્થરાજ પ્રયાગ ખાતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના આગમન પર ઉત્તર પ્રદેશ સરકારના ઔદ્યોગિક વિકાસ મંત્રી નંદ ગોપાલ ગુપ્તા નંદીએ તેમનું કુંભ કલશ અર્પણ કરીને ભવ્ય સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે મહાકુંભ એ ભારતના સાંસ્કૃતિક પુનરુજ્જીવન અને જાગૃતિનું પ્રતીક છે, જે



સમગ્ર વિશ્વને સનાતન સંસ્કૃતિનો પરિચય કરાવે છે.ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યા બાદ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સનાતન પરંપરાઓની ભવ્યતાને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે મહાકુંભ ભારતીય સંસ્કૃતિની એકતા અને આધ્યાત્મિક શક્તિનું પ્રતીક છે. આ ઘટના આપણને આપણા મૂળ સાથે જોડે છે અને સમગ્ર સમાજને એક કરવાનું કામ કરે છે. ઉત્તર પ્રદેશ સરકારની વ્યવસ્થાની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે સરકાર અને વહીવટીતંત્રે આટલી મોટી ઘટના માટે પ્રશંસનીય કામ કર્યું છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે શ્રદ્ધાળુઓની સુવિધા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે. વ્યવસ્થાને સુચારૂ રીતે ચલાવવા માટે વહીવટીતંત્ર અને પોલીસે જહેમત ઉઠાવી છે. હજારો શ્રધ્ધાળુઓ માર્ગ માર્ગે યાત્રા કરી રહ્યા છે અને તમામને સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે મહાકુંભ આપણા બધા માટે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉર્જા મેળવવાનો અવસર છે. અમે સૌના સુખાકારી માટે પ્રાર્થના કરીએ છીએ કે આ પ્રસંગ બધા માટે લાભદાયી બને.

# સ્કીન થઈ ગઈ છે ટેન, તો આ ઘરેલૂ ઉપાયોથી મેળવો સુંદરતા

**વધારે સમય સુધી હાનિકારક કિરણોના સંપર્કમાં રહેવાના કારણે ખાસ કરીને સ્કીનના સેલ્સ ડેમેજ થઈ જાય છે. આ સેલ્સના ડેમેજ થવાના કારણે સ્કીનની સમસ્યાઓ વધી જતી જોવા મળે છે. આ કારણે સ્કીન મેલેનિનનું વધારે પ્રોડક્શન કરવા લાગે છે અને તેનાથી સ્કીન ડાર્ક બને છે. મેલેનિન એક પ્રકારનું પિગમેન્ટ છે જે સ્કીન અને વાળને ડાર્ક બ્રાઉન અને બ્લેક કલર આપે છે. સ્કીનમાં મેલેનિન વધી જવાના કારણે ટેનિંગની સમસ્યા થાય છે.**





### કેવી રીતે કરશો de-tan

de-tan માટે તમે આર્ટિફિશિયલ રીતનો ઉપયોગ કરી શકો છો. માર્કેટમાં અનેક ટ્રીટમેન્ટ છે જેમાં કેમિકલ સ્પ્રે, લેમ્પ અને અન્ય કેમિકલનો ઉપયોગ કરીને ટેનિંગ હટાવી શકાય છે. પણ આ ચીજોથી સ્કીન વધારે ડેમેજ બને છે. આ માટે ક્યારેય પણ ટેનિંગ હટાવવા માટે કોી સાધનનો ઉપયોગ ન કરો તે ઈચ્છનીય છે. તમે ઘરમાં રહેલી કેટલીક ચીજોથી ટેનિંગથી રાહત મેળવી શકો છો. તો જાણો ઘરે કેવી રીતે કરશો સ્કીનને ડીટેન.

### મધ, દૂધ અને હળદરનો કરો ઉપયોગ

હળદર એન્ટી ઓક્સીડન્ટથી ભરપૂર હોય છે અને તેનાથી પિગ્મેન્ટેડ સ્કીન ટોનને લાઈટ કરવામાં મદદ મળે છે. દૂધના ઉપયોગથી સ્કીનમાં નિખાર આવે છે અને સાથે જ હાનિકારક કિરણોના કારણે સ્કીન ડેમેજને ક્યોર કરવામાં મદદ મળે છે. આ બંનેને સાથે મિક્સ કરીને લગાવવાથી નેચરલ રીતે સ્કીન ગ્લો થાય છે. હળદર અને દૂધનો ફેસપેક તૈયાર કરતી સમયે તમે તેમાં મધ પણ મિક્સ કરી શકો છો. તે સ્કીનને સોફ્ટ બનાવે છે.

### મધ અને પપૈયાનો પેક

ટેનિંગ દૂર કરવા માટે આ પેક બેસ્ટ માનવામાં આવે છે. પપૈયામાં રહેલા એન્જાઈમ ડેડ સેલને હટાવવાની સાથે સ્કીનમાં ગ્લો લાવવાનું કામ કરે છે. તેની સાથે જ તેનાથી સ્કીનમાં પિંપલ્સના ડાઘ ધબ્બા પણ ઘટાડી શકાય છે. પપૈયામાં બીટા કેરોટીન મળે છે જે સ્કીનને ભેજ આપે છે.

### ગ્રીન ટી પેક

ગ્રીન ટીમાં એન્ટીઓક્સીડન્ટની સાથે સાથે ફ્લેવોનોઈડ્સ પણ હોય છે જે સ્કીનના કલરને નિખારવાનું કામ કરે છે. ગ્રીન ટીના ઉપયોગથી તમે સન ડેમેજ, કરચલીઓ, ડાઘ ધબ્બાના નિશાનને ઘટાડી શકો છો. ગ્રીન ટીના ઉપયોગથી તમે આંખની નીચેના ડાર્ક સર્કલ્સને પણ ઘટાડી શકાય છે.

# ડ્રાય અને રફ વાળ ઘરે જ બનશે સિલ્કી

**નરમ અને મોઈશ્ચરાઈઝ્ડ વાળ ખૂબ જ સુંદર લાગે છે, તેનાથી વિપરીત, શુષ્ક વાળ ખરાબ લાગે છે અને જ્યારે સ્પર્શ કરવામાં આવે ત્યારે ડંખે પણ છે. શુષ્ક વાળના ઘણા કારણો હોઈ શકે છે. શુષ્કતાના કારણે સ્કલ્પ પર ખોડો જામવાની સમસ્યા આવે છે, આ સાથે વધુ પડતા વાળ ધોવા, વાળને કલર કરવા, હોર્મોનલ ફેરફારો, ખોટી પ્રોડક્ટ્સનો ઉપયોગ અથવા ગરમ સાધનોનો ઉપયોગ પણ શુષ્ક વાળનું કારણ બની શકે છે. જો તમે પણ શુષ્ક, ફ્રિઝી અને ગૂંચવાયેલા વાળથી પરેશાન છો, તો ઘરે જ અનેક વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો. જેનાથી તમારા વાળ નરમ અને સુંદર દેખાય છે.**



### બનાના હેર માસ્ક

વાળને શુષ્કતાથી દૂર રાખવા અને તેમાં ભેજ જાળવી રાખવા માટે કેળાનો હેર માસ્ક લગાવી શકાય છે. બનાના હેર માસ્ક ફ્રિઝિનેસ પણ દૂર કરે છે. એક કેળાને મેશ કરો અને તેમાં એક ચમચી મધ અને એક ચમચી બદામનું તેલ મિક્સ કરો. આ હેર માસ્કને અડધા કલાક સુધી વાળમાં રાખો અને પછી તેને ધોઈ લો.



### દહીં અને નાળિયેર તેલ

દહીં અને નાળિયેરનું તેલ અલગ-અલગ રીતે વાળમાં લગાવવામાં આવે છે, પરંતુ તેને એકસાથે લગાવવાથી વાળમાં ભેજ પણ મળે છે. 2 ચમચી દહીંમાં 2 થી 3 ચમચી નારિયેળ તેલ ઉમેરીને વાળમાં સારી રીતે લગાવો અને પછી ધોઈ લો.

**એલોવેરા જેલ |** તાજા એલોવેરા પલ્પ અથવા બજારમાંથી લાવેલી એલોવેરા જેલ વાળ પર લગાવી શકાય છે. એક બાઉલમાં લગભગ 3 થી 4 ચમચી એલોવેરા લો અને તેને ચમચા વડે બીટ કરો. તેને મૂળથી લઈને વાળના છેડા સુધી લગાવો અને પછી એક કે બે કલાક પછી ધોઈ લો. આ જેલ વાળ પર રાતભર પણ લગાવી શકાય છે.




### નાળિયેર તેલ સાથે ચંપી

ફેટી એસિડથી ભરપૂર નારિયેળ તેલ વાળને ભેજ આપવામાં અસરકારક છે. આ તેલને થોડું ગરમ કરીને વાળમાં લગાવો અને મસાજ કરો. થોડા કલાકો પછી માથું ધોઈ શકાય છે. વાળની શુષ્કતા દૂર થશે.

### દૂધ અને મધ

તમે આ મિશ્રણને તમારા વાળમાં લગાવવાનું કદાચ ક્યારેય સાંભળ્યું નથી, પરંતુ તેની અસર એટલી અદ્ભુત લાગે છે કે તમે લિક્વિડને તમારા વાળ પર વારંવાર લગાવવા ઈચ્છશો. દૂધ અને મધ સમાન માત્રામાં મિક્સ કરીને માથામાં મૂળથી છેડા સુધી લગાવો અને અડધા કલાક પછી માથું ધોઈ લો. વાળમાં ભેજ રહેશે અને વાળ મુલાયમ થઈ જશે અને આંગળીઓમાંથી સરકવા લાગશે.



# KIDNEY DAMAGE

## કિડનીને ગંભીર નુકસાન પહોંચાડે છે આ પાંચ વસ્તુ, ભોજનમાં સામેલ કરવાનું ટાળો



શરીરને હેલ્ધી રાખવા માટે બોડીના બાકીના અંગોનું સ્વસ્થ રહેવું જરૂરી છે. હાર્ટ, લિવર, ફેફસાની જેમ કિડનીને પણ સ્વસ્થ રાખવી જરૂરી છે. તે શરીરનું ફિલ્ટર હોય છે, જે બોડીના ટોક્સિન્સને બહાર કાઢે છે. તે શરીરમાં લોહીને ફિલ્ટર કરે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સને બેલેન્સ કરવામાં મદદ કરે છે. કિડનીને સ્વસ્થ રાખવા માટે હેલ્ધી ભોજન ખુબ જરૂરી છે. જો તમે ભોજનમાં ખોટી વસ્તુને સામેલ કરો છો તો કિડની સાથે જોડાયેલી બીમારીના શિકાર બની શકો છો. અહીં તમને પાંચ એવી વસ્તુ વિશે જણાવી રહ્યાં છીએ જેનાથી તમારે દૂર રહેવું જોઈએ.

**1. કેળા |** કેળામાં પોટેશિયમની માત્રા વધુ હોય છે. પરંતુ તેમાં સોડિયમની માત્રા ઓછી હોય છે. પરંતુ કિડનીની સમસ્યાથી બચવા માટે કેળાને દરરોજ ભોજનમાં સામેલ કરવાથી બચવું જોઈએ.

**2. ફ્રાઈડ પોટેટો |** જો તમને ચિપ્સ જેવા પેકેટ ખાવ છો કો ફ્રેન્ચ ફ્રાઈસ ખાવાનું પસંદ કરો છો તો તે તમારી કિડની માટે સારૂ નથી. કિડની સાથે જોડાયેલી સમસ્યાથી બચવા માટે તળેલી વસ્તુ ખાવાથી બચો. જો તમને કિડનીની કોઈ બામારી છે તો બટાટા ખાવાથી બચો કારણ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે કિડની માટે સારૂ નથી.

**3. કેફીનવાળી વસ્તુ |** કોફી, ચા, સોડા જેવી વસ્તુમાં કેફીન હોય છે, જે કિડની પર દબાવ નાખે છે. કેફીન બ્લડ ફ્લો, બ્લડ પ્રેશર અને કિડની પર તણાવ વધારે છે. વધુ કેફીન લેવાથી કિડનીમાં પથરીની સમસ્યા થઈ શકે છે.

**4. નમક |** સોડિયમની વધુ માત્રાથી બ્લડપ્રેશર વધે છે, જેના કારણે કિડની પર દબાવ પડે છે. ડબ્બાબંધ સૂપ, પ્રોસેસ્ડ મીટ, સોસ, પિઝ્ઝા, કેચઅપ, બીબીક્યૂ સોસ, સોયા સોસ, અથાણા જેવી વસ્તુમાં નમકની માત્રા વધુ હોય છે.

**5. સોડા |** સોડામાં ખાંડની માત્રા વધુ હોય છે અને તેનામાં પોષણ મૂલ્ય નામના હોય છે. દરરોજ બે કે વધુ કાર્બોનેટેડ સોડા પીવાથી કિડની સાથે જોડાયેલી સમસ્યા થઈ શકે છે. કાર્બોનેટેડ અને એનર્જી ડ્રિંક બંનેમાં પથરી થવાનો ખતરો રહે છે.

**ટ્રમ્પે એક તરફી રીતે ભારત અમેરિકા માલસામાન પર ટેરિફ લાદે તેવું એલાન કરી દીધું છે કેમ કે ભારત અમેરિકામાંથી કમાણી કરી જાય તે ટ્રમ્પને પરવડતું નથી : ભારત અને અમેરિકાના વ્યાપારમાં અત્યારે ભારતનો હાથ ઉપર છે. મતલબ કે, ભારત અમેરિકાથી જે માલ આયાત કરે છે તેની સરખામણીમાં ભારતની અમેરિકામાં નિકાસ વધારે છે. ભારત અમેરિકામાંથી કમાણી કરી જાય એ ટ્રમ્પને પરવડતું નથી તેથી ટ્રમ્પે તેનો પણ ઉપાય શોધી કાઢયો. ટ્રમ્પે મોદીને એનર્જી અંગેનો કરાર કરવાની ફરજ પાડી છે. આ કરાર પ્રમાણે, ભારત અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ગેસ અને ક્રૂડ ઓઈલ ખરીદશે કે જેથી વ્યાપાર ખાધ ઘટે. અમેરિકા પાસેથી વધારે ક્રૂડ-ગેસ ખરીદવામાં આપણે લાંબા થઈ જવાના છીએ...**

# મોદીની અમેરિકા યાત્રા: ગાજ્યા મેઘ વરસ્યા નહીં

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા પર સૌની નજર હતી. ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા પછી મોદી સાથે તેમની આ પહેલી મુલાકાતમાં ટેરિફથી માંડીને અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયો સુધીના મુદ્દે ચર્ચા થશે, ભારત તથા અમેરિકા બંને ફાયદામાં રહે એવું કશુંક નિપજશે એવી વાતો થતી હતી પણ ગાજ્યા મેઘ વરસ્યા નહીં. બલ્કે મોદી માટે તો હીરો ઘોઘે જ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો જેવો ઘાટ થઈ ગયો. મોદી અમેરિકામાં ૩૬ કલાક રહ્યા, અમેરિકાની સરકારના ૬ મહત્વના લોકો સાથે બેઠકો કરી પણ એક પણ બેઠકમાં કશું એવું નક્કર નિપજ્યું નથી કે જેના કારણે ભારતને ફાયદો થાય. આ બેઠકોમાં સૌથી મહત્વની બેઠક મોદી અને ટ્રમ્પ વચ્ચે હતી. બેઠકના અંતે થયેલી જાહેરાતો પરથી સ્પષ્ટ છે કે, અમેરિકાનાં આર્થિક હિતો સચવાયાં છે અને ભારતને ભાગે નિરાશા જ આવી છે. અમેરિકાને રાજી કરવા માટે કેન્દ્રીય બજેટમાં અમેરિકાના માલ સામાન પર લદાતો મહત્તમ ટેરિફ ૧૫૦ ટકાથી ઘટાડીને ૭૦ ટકા પહેલાં જ કરી દેવાયેલો. આ જાહેરાત દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને સંકેત અપાયેલો કે, અમેરિકાને ભારત સાથે વ્યાપાર કરવામાં રસ છે અને તેના માટે ભારત નમતું જોખવા પણ તૈયાર છે. અમેરિકાએ એ વાતની નોંધ સુદ્ધાં ના લીધી. ટ્રમ્પે એકતરફી રીતે ભારત અમેરિકાના માલસામાન પર લાદે છે એટલો ટેરિફ ભારતના માલ પર લાદવાનું એલાન કરી દીધું. ભારત અને અમેરિકાના વ્યાપારમાં અત્યારે ભારતનો હાથ ઉપર છે. મતલબ કે, ભારત અમેરિકાથી જે માલ આયાત કરે છે તેની સરખામણીમાં ભારતની અમેરિકામાં નિકાસ વધારે છે. ભારત અમેરિકામાંથી કમાણી કરી જાય એ ટ્રમ્પને પરવડતું નથી તેથી ટ્રમ્પે તેનો પણ ઉપાય શોધી કાઢયો. ટ્રમ્પે મોદીને એનર્જી અંગેનો કરાર કરવાની ફરજ પાડી છે. આ કરાર પ્રમાણે, ભારત અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ગેસ અને ક્રૂડ ઓઈલ ખરીદશે કે જેથી વ્યાપાર ખાધ ઘટે. અમેરિકા પાસેથી વધારે ક્રૂડ-ગેસ ખરીદવામાં આપણે લાંબા થઈ જવાના છીએ. ભારત યુક્રેન યુદ્ધ પછી રશિયા પાસેથી વધારે પ્રમાણમાં ક્રૂડ ખરીદતું હતું. આ ક્રૂડ ભારતને



આંતરરાષ્ટ્રીય બજાર કરતાં સસ્તા ભાવે પડતું હતું અને શરૂઆતમાં રશિયા ભારત પાસેથી રૂપિયામાં પેમેન્ટ લેતું હતું તેથી મોંઘું વિદેશી હૂંડિયામણ પણ બચતું હતું. ટ્રમ્પે ગયા મહિને લાદેલા નવા પ્રતિબંધોના કારણે રશિયાથી ક્રૂડ મંગાવવાના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધ્યો છે છતાં રશિયાનું ક્રૂડ ભારતને સસ્તું પડે છે. ભારતે અમેરિકા પાસેથી ક્રૂડ ખરીદવું પડે તો એ ભારતને ભાવ અને ટ્રાન્સપોર્ટેશનની રીતે તો મોંઘું પડશે જ પણ ડોલરમાં ચૂકવણી કરવી પડશે તેથી વધારે મોંઘું પડશે. ડોલર સામે રૂપિયો સતત તૂટી રહ્યો છે એ જોતાં ક્રૂડના ભાવ સ્થિર રહે તો પણ તૂટતા રૂપિયાના કારણે ભારતનું ક્રૂડ ઈમ્પોર્ટ બિલ વધ્યા કરશે અને વિદેશી હૂંડિયામણ વપરાયા કરશે એ લટકામાં. ભારતે અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ડીફેન્સ ઈક્વિપમેન્ટ ખરીદવાં પડશે એવી પણ ટ્રમ્પે ફરજ પાડી છે. મોદી સાથેની પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે જાહેરાત કરી નાંખી કે, ભારત અમેરિકા પાસેથી એફ-૩૫ ફાઈટર જેટ ખરીદશે. ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરે પાડોશી દેશો ભારતના દુશ્મન છે તેથી ભારતે વધારે પ્રમાણમાં ફાઈટર જેટ ખરીદવાં જરૂરી છે પણ ભારત પાસે રશિયન બનાવટનાં એસયુ-૫૭ના રૂપમાં બહેતર વિકલ્પ છે. અમેરિકન એફ-૩૫ ફાઈટર જેટ પોતાની સ્ટીલ્થ કેપેબેલિટીઝ અને સેન્સર્સ માટે વખણાય છે પણ એસયુ-૫૭ વધારે સ્પીડ અને ચપળતા ધરાવે છે. એફ-૩૫ ૨૦૦૬માં બનેલાં જ્યારે એસયુ-૫૭ ૨૦૧૦માં બન્યાં છે તેથી એકદમ લેટેસ્ટ છે. દુશ્મનના રડારમાં પકડાય એ પહેલાં નિકળી જતાં એસયુ-૫૭ સુપરક્રૂઝ બનવાની ક્ષમતા ધરાવે છે. સુપરક્રૂઝનો મતલબ વધારે તાકાત ધરાવતાં ફાઈટર જેટ. રશિયાએ અમેરિકાનાં એફ-૨૨ રેપ્ટર અને એફ-૩૫ ફાઈટર જેટને સ્પર્ધામાં જ એસયુ-૫૭ બનાવ્યાં છે. રશિયા ભારતને એસયુ-૫૭ વેચવા માગે છે પણ એ પહેલાં ટ્રમ્પે ફાચર મારી દીધી અને મોદી કંઈ બોલી પણ ના શક્યા. ખ-૩૫ ફાઈટર જેટ ફિફ્થ જનરેશન એરક્રાફ્ટ છે પણ બહુ મોંઘું છે. લોકહીડ માર્ટિન દ્વારા વિકસાવાયેલું ખ-૩૫ યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના ઈતિહાસમાં સૌથી મોંઘુ વિમાન છે. ૮.૨૫ કરોડ ડોલર (લગભગ રૂપિયા ૭૧૫ કરોડ)ના આ ફાઈટર પ્લેનની સરખામણીમાં એસયુ-૭૫ બહુ સસ્તું છે. ભારત માટે એસયુ-૫૭ બનાવવાનો પ્રોજેક્ટ રશિયાએ હાથ ધરેલો પણ ૨૦૧૮માં મોદી ટ્રમ્પના દબાણથી પાણીમાં બેસતાં ભારત ખસી ગયેલું. રશિયા એ છતાં ભારતને સસ્તા ભાવે એસયુ-૫૭ આપવા તૈયાર જ છે. ટ્રમ્પે ભલે જાહેરાત કરી નાંખી પણ ભારતે સત્તાવાર રીતે હજુ એફ-૩૫ લેવાનો નિર્ણય લીધો નથી. ભારત પાછા ફર્યા પછી મોદી ટ્રમ્પના પ્રભાવમાંથી બહાર આવીને ભારત માટે ક્યાં ફાઈટર જેટ બહેતર હોવાનું મૂલ્યાંકન કરાવીને નિર્ણય લેશે તો ભારતનાં હિત સચવાશે. ભારત અને અમેરિકાના સંબંધોમાં બીજા મુદ્દા પણ મહત્વના છે. ગુરપતવંત સિંહલ પન્નુન સહિતના ખાલિસ્તાનવાદીઓ અમેરિકાની ધરતીનો ઉપયોગ ભારતમાં આતંકવાદ ફેલાવવા કરી રહ્યા છે. પન્નુન આણિ ટોળીની પ્રવૃત્તિઓ ભારતની સુરક્ષા માટે ખતરરૂપ છે પણ મોદી તેમના પર અંકુશ મૂકાવવા માટે પણ કશું કરાવી શક્યા નથી. ઉલટાનું ટ્રમ્પે તો પન્નુન સહિતના અમેરિકન નાગરિકોની સુરક્ષા વધારે મહત્વની હોવાનું કહીને મોદીને ચાટ પાડી દીધા. ટ્રમ્પ અમેરિકાનાં હિતોને જ મહત્વ આપે છે એ જોતાં મોદીએ પણ ભારતમાં હિતો વિશે જ વિચારવું જોઈએ. કમનસીબે મોદી વાતો મોટી મોટી કરે છે પણ એવી હિંમત બતાવી શકતા નથી. મોદી ટ્રુડો-ક્લોડિયા કે જિનપિંગ જેવો મર્દાના મિજાજ ના બતાવી શક્યા મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાત પછીની પત્રકાર પરિષદમાં ટ્રમ્પે મોદીને 'માય ફ્રેન્ડ' તરીકે સંબોધ્યા અને મોદીને 'ટફ નેગોશિએટર' ગણાવ્યા. ટ્રમ્પે મોદીને મિસ કર્યા હોવાનું પણ કહ્યું. સોશિયલ મીડિયા પર મોદીભક્તો આ બધી વાતોને હાઈલાઈટ કરીને મોદીનાં ગુણગાન ગાઈ રહ્યા છે પણ તેનાથી ભારતને શું ફાયદો ? ભારતને કોઈ ફાયદો નથી. વાસ્તવમાં ટ્રમ્પ મોદીને પંપાળી પંપાળીને પોતાનું કામ કઢાવી રહ્યા છે કેમ કે તેમને ખબર છે કે, મોદીમાં અમેરિકા સામે બાંયો ચડાવવાની હિંમત જ નથી. ટ્રમ્પે પ્રમુખ બનતાં જ કેનેડા અને મેક્સિકોના માલસામાન પર ૨૫ ટકા ટેરિફ લાદવાની ને ચીનના માલ પર વધારાની ૧૦ ટકા ડયુટી લાદવાની જાહેરાત કરી નાંખેલી. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને મેક્સિકોનાં પ્રમુખ ક્લોડિયા શેનબૌમે જેવા સાથે તેવા થઈને અમેરિકાના માલસામાન પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી તેમાં તો ટ્રમ્પે ઢીલા પડીને એક મહિના માટે ૨૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય મોકૂફ રાખવો પડયો. ચીને તો અમેરિકાની ૧૦ ટકા ડયુટી સામે ૧૫ ટકા ડયુટી લાદવાનું એલાન કરીને સીધો એલાન-એ-જંગ જ કરી દીધો છે. આ ઓછું હોય તેમ ગુગલ સહિતની અમેરિકાની કંપનીઓ સામે તપાસ પણ શરૂ કરીને તેમને ચીનમાંથી બિસ્તરાંપોટલાં બાંધીને ઉચાલા ભરાવવાનો તખ્તો પણ તૈયાર કરવા માંડયો છે. મોદી એવું કરી શકે તેમ નથી કેમ કે ભારત ચીનની જેમ સ્વાવલંબી નથી. વિશ્વગુરૂ બનવાની, આત્મનિર્ભરતા ને મેઈક ઈન ઈન્ડિયાની વાતો ખાલી હવામાં છે. ભારત આજેય અમેરિકા, ચીન સહિતના દેશો પર નિર્ભર છે તેથી ચીન જેવી ખુદ્દારી બતાવી શકાતી નથી.

## ટ્રમ્પે મોદી સાથે ચર્ચા વિના જ ટેરિફની જાહેરાત કરી નાંખી

નરેન્દ્ર મોદીની અમેરિકાની યાત્રા દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતના માલસામાન પર ટેરિફ (ડયુટી)ના મુદ્દે ચર્ચા થશે એવી વાતો થતી હતી પણ ટ્રમ્પે મોદી સાથે એ અંગે ચર્ચા કરવાનું પણ મુનાસિબ ના માન્યું. મોદી સાથેની મુલાકાતના બે કલાક પહેલાં ટ્રમ્પે અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદનારા દેશો પર એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવાની જાહેરાત કરી નાંખી. આ જાહેરાત દ્વારા ટ્રમ્પે સ્પષ્ટ સંકેત આપી દીધો કે, અમેરિકા ભારત સહિતના દેશો સાથેના વ્યાપારમાં 'જેવા સાથે તેવા'ની નિતી અપનાવશે અને અમેરિકા માટે વ્યાપારના મુદ્દે જેમની સાથે ચર્ચા કરવી પડે એટલા મહત્વના મોદી છે જ નહીં. મોદી સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં પણ ટ્રમ્પે ભારતની ઝાટકણી કાઢતાં કહ્યું કે, કેટલાક નાના દેશો ભારતથી પણ વધુ ટેરિફ લાદે છે પણ ઓવરઓલ ભારતનો ટેરિફ ઘણો ઊંચો છે. અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદવામાં ભારત સૌથી મોખરે છે. પત્રકાર પરિષદમાં પણ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, બેઠકમાં અમે દરેક પાસાની ચર્ચા કરી છે પણ ભારત અમેરિકાના માલસામાન પર ૭૦ ટકા ટેરિફ લાદે છે એ નહીં ચાલે. ભારત માટે સૌથી મહત્વનો મુદ્દો ટેરિફનો છે પણ ટ્રમ્પ એ અંગે એકતરફી નિર્ણય જાહેર કરી નાંખે તેનો અર્થ એ થયો કે, ટ્રમ્પને મન મોદીની કે ભારતની કોઈ વિસાત જ નથી. ભારત અમેરિકાનું દુશ્મન નથી પણ મિત્ર છે છતાં ટ્રમ્પ ભારતને દુનિયાના બીજા દેશોની હરોળમાં ગણે એ અપમાનજનક કહેવાય.

# કોકો પછી હવે કોફીનો ઘૂંટ પણ મોંઘો: ભાવમાં ઉછાળો નોંધાયો

દેશમાં કોફી બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે પ્રવાહો તાજેતરમાં ઝડપથી પલટાતા જોવા મળ્યા છએ. ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે ચોકલેટના ઉત્પાદનમાં વપરાતા કોકોના ભાવમાં રેકોર્ડ તેજી આવ્યા પછી હવે ૨૦૨૫ના નવા વર્ષમાં કોફીની બજાર આ દિશામાં આગળ વધતી જોવા મળી રહી છે એવું જાણકારો જણાવી રહ્યા છે. વિશ્વ બજારમાં અરેબિકા કોફીના રેકોર્ડ ભાવ રતલના ૩.૭૪થી ૩.૭૫ ડોલર સુધી તાજેતરમાં પહોંચી ગયાના વાવડ મળ્યા હતા. બ્રાઝીલમાં પ્રતિકૂળ હવામાનના પગલે ત્યાંથી આવતી સપ્લાય ઘટવાની ભીતિ બતાવાઈ રહી છે. વૈશ્વિક સ્તરે મોટા-મોટા રોસ્ટરો પાસે કોફીબીન્સ-કોફીના બીંયાનો સ્ટોક ઘટી ગયાના વાવડ પણ દરિયાપારથી મળ્યા હતા.

ભારતમાં જો કે જનતામાં ચાનો વપરાશ સામાન્યપણે વધુ થાય છે પરંતુ દક્ષિણ ભારતમાં વિવિધ રાજ્યોમાં કોફીનો વપરાશ મહત્ત્મ થતો રહ્યો છે. આ ઉપરાંત હવે વિવિધ શહેરોમાં દેશવ્યાપી ધોરણે યુવાવર્ગમાં કોફી પીવાનો ટ્રેન્ડ વધ્યાના વાવડ પણ મળ્યા હતા. દરમિયાન, બ્રાઝીલમાં કોફીના ઘણાં પ્લાન્ટેશનવોમાં ગુલામ જેવી સ્થિતિ ભોગવતા સંખ્યાબંધ વર્કરોને તાજેતરમાં બ્રાઝીલની સરકારે બચાવી બહાર કાઢ્યાના વાવડ પણ મળ્યા હતા. વિશ્વ બજારમાં તાજેતરમં અરેબીકા કોફીના ભાવ સતત ૧૦ દિવસ એકધારા વધી રતલના ચાર ડોલર સુધી પહોંચી ગયા હતા. વૈશ્વિક સ્તરે કોફીંમાં આવી એકધારી તેજી આ પૂર્વે છેક ૧૯૮૦માં જોવા મળી હતી! એવું વિશ્વ બજારના જાણકારોએ જણાવ્યું હતું.

અરેબીકા કોફીના ભાવ ગયાવર્ષે બમણા થયા હતા તથા આ વર્ષના આરંભથી બજારમાં તેજી આગળ ધપતી જોવા મળી છે. બ્રાઝીલનો કોફીનો પુરવઠો વિશ્વ બજારમાં ઓછો આવી રહ્યો છે. બ્રાઝીલમાં ૨૦૨૫-૨૬નો કોફીનો પાક અરેબીકા તેમજ રોબસ્ટા કોફીનો પાક ઓછો



આવવાની શક્યતા બ્રાઝીલના કોફીના મોટા નિકાસકારો બતાવી રહ્યા છે. કોફી એક્સચેન્જમાં કોફીનો સ્ટોક ઘટી નવેમ્બર પછીનાનવા નીચા તળિયે ઉતરી ગયો છે. જોકે બ્રાઝીલમાં ડ્રાય-વેધરની સ્થિતિ લાંબો સમય ચાલ્યા પછી તાજેતરમાં ત્યાં હળવો વરસાદ શરૂ થયાના વાવડ પણ મળ્યા હતા. દરમિયાન, ભારતમાં ઘરઆંગણે કોફીનું ઉત્પાદન વિશેષરૂપે કર્ણાટકમાં થાય છે અને કર્ણાટકથી મળેલા સમાચાર મુજબ ત્યાં કોફીની ખેતી કરતા પ્લાન્ટરોને હાલ સારા ભાવ ઉપજી રહ્યા છે. ભારતમાં કોફીનું સૌથી વધુ ઉત્પાદન કર્ણાટકમાં થાય છે. વિશ્વ બજારમાં બ્રાઝીલ ઉપરાંત વિયેતનામથી આવતી કોફીની સપ્લાય પણ ધીમી રહી છે. વૈશ્વિક સ્તરે કોફીનું જે કુલ ઉત્પાદન થાય છે એ પૈકી આશરે ૬૦ ટકા ઉત્પાદન એકલા બ્રાઝીલમાં થાય છે.દરમિયાન, કર્ણાટકના બજારોમાં અરેબીકા કોફીના ભાવ એક મહિનામાં ૫૦ કિલોની ગુણીના રૂ.૧૯ હજારથી ઉછળી રૂ.૨૪ હજાર સુધી પહોંચી ગયાના સમાચાર આવ્યા છે! રોબસ્ટા કોફીના ભાવ બમણા થઈ રૂ.૨૦ હજાર સુધી ગુણીદીઠ (૫૦ કિલો) ટ્રેડ થતા જોવા મળ્યા છે. દેશમાં ૧૯૭૭માં કોફી બજારમાં રેકોર્ડ તેજી આવી હતી. તથા આ વર્ષે પણ આવા સંજોગો દેખાયા છે. ભારત સરકારના કોફી બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ ગયા વર્ષ કરતાં આ વ ર્ષમાં ભાવમાં આશરે ૩૦ ટકા જેટલી વૃદ્ધી થઈ છે. કર્ણાટકના પ્લાન્ટર્સ એસોસીએશનના સૂત્રોના જણાવ્યા મુજબ કોફીના ભાવ આગળ ઉપર વધઘટે ઉંચા જતાં જોવા મળશે એવી શકયતા જણાય છે. જો કે એક બાજુ કોફીના ભાવ ઉંચા જતા દેખાયા છે ત્યારે બીજી તરફ કોફી ઉત્પાદનનો ખર્ચ પણ વધ્યો છે. લેબર, ખાતર, પ્લાન્ટેશનોના સાધનો વિ. વિવિધ બાબતોનો ખર્ચ ખાસ્સો વધી ગયો છે. આના પગલે કોફી બજારમાં રેકોર્ડ તેજી છતાં પ્લાન્ટેશન માલિકોને તથા કોફી ઉગાડતા ખેડૂતોને લાભ ઓછો મળી રહ્યો છે. કોકોના ભાવ ૭૦ ટકા એક જ સિઝનમાં વધી ગયા છે અને કોફી બજારમાં પણ આવી સ્થિતી સર્જાઈ રહી છે. કોકોના ભાવ કિલોના રૂ.૪૪૦થી વધી ૭૭૦ સુધી પહોંચ્યા છે. કોકોમાં શોર્ટ સપ્લાય જેવી સ્થિતી હવે કોફી બજારમાં પણ દેખાતી થઈ છે. ન્યુયોર્ક તથા લંડનના વાયદા બજારોમાં કોફી વાયદાના ભાવમાં તાજેતરમાં ખાસ્સી તેજી આવી હતી. ભારતમાં કોફીના ફાર્મ-ગેટ ભાવ વધી તાજેતરમાં ૫૦ કિલોના રૂ.૨૨થી ૨૫ હજાર સુધી જોવા મળ્યા હતા. બે મહિનાના ભાવ ૨૪થી ૨૫ ટકા વધી ગયા છે. વૈશ્વિક સ્તરે પણ કોફી તેજીની ચાલ બતાવી રહી હતી. જો કે ભારતમાં ભાવ વધતાં કોફીની નવી નિકાસ માગને પ્રતિકૂળ અસર પડવાની શરૂઆત પણ થઈ છે. એવા સંકેતો વહેતા થયા છે.

# ભારતીય ગુરુ શિષ્યની સંસ્કૃતિમાં ઉતમ ભક્તના ઉદાહરણ અસંખ્ય

ભારતીય ગુરુ શિષ્ય ની સંસ્કૃતિ માં ઉતમ ભક્તના ઉદાહરણ અસંખ્ય છે.રામ ભક્ત હનુમાનજી,જટાયુ, સુગ્રીવ,વગેરે રામાયણ માં રામ ભગવાન ના અનન્ય ભક્ત હતા. ભક્ત અને ભગવાન ના સબંધ ને સમજવું હશે તો રામાયણ નું અધ્યયન કરવું પડશે. ભગવાન શ્રી રામ ચંદ્રજી પત્ની ને શોધવા વન વન માં ભટકતા હતા.ત્યારે અચાનક પ્રભુ શ્રી રામચંદ્રજીની નજર છેલ્લા મૃતપાય હાલત માં પડેલ જટાયુ પર પડી,ઘાયલ જટાયુ એ ભગવાન શ્રી રામ ચંદ્રજી ના દર્શન કરતાં કહ્યું કે પ્રભુ ક્ષમા કરજો ખુદ એ રાક્ષસ રાજ સાથે લડ્યો હતો પરંતુ એના બળ સામે મારી રામ ભક્તિ ટૂંકી પડી એટલે રામકાજ કરવા અસમર્થ રહીયો.ભગવાન શ્રી રામચંદ્રજી એ જટાયુ ની કપાયેલી પાંખ તરફ નજર કરતા પૂછ્યું કે તારી આવી હાલત કોણે કરી? જટાયુ એ ભગવાન ને જવાબ આપતા કહ્યું કે લંકાનો રાજા રાવણ જબરદસ્તી થી માતા સીતા ને વિમાન માં બેસાડી ને લંકા પ્રયાણ કરી રહીયો હતો ત્યારે મે રાવણ ની ચુંગલ માંથી માતા સીતા ને બચાવવા અથાગ પ્રયત્ન કર્યો હતો.રાક્ષસ રાજ રાવણ એ મારી પાંખ પર પ્રહાર કર્યો ને ઘાયલ કરી દીધો. ક્ષમા કરજો ભગવાન માતા સીતા ને બચાવવા અસમર્થ રહીયો

પ્રભુ મૃત્યુ પામું એ પહેલા આપની સમક્ષ અંતિમ વાત રજૂ કરું છું કે અધમ રાવણ એની નગરી લંકા તરફ માતા સીતા ને લઈને ગયો છે..જતા જતા માતા સીતા એ એના હાથ ના કંગન કાઢી ને મારા તરફ ફેક્યા..પ્રભુ આપની અમાનત માતા સીતાજી ના કંગન આપવા માટે મે પ્રાણ ટકાવ્યા હતા બોલી મે જટાયુ એ દેહ છોડયો..

ભક્ત અને ભગવાન વચ્ચે નો સબંધ સમજવો હશે તો રામાયણ ના પાત્રો હનુમાનજી,સુગ્રીવ, જામવંત, જટાયુ ના ભાઈ સાંપતી વગેરે વિશે સમજવું પડશે.ભગવાન શ્રી રામ ચંદ્રજી પત્નીના વિયોગ માં એના કંગન હાથ માં પકડી ને ઉદાસ બેસી રહ્યા હતા.હનુમાનજી અને લક્ષ્મણ ને પોતાના આરાધ્ય પ્રભુ શ્રી રામ ના સ્થિતિ ની ચિંતા થતી હતી. હતાં.બન્ને વિચારી રહ્યા હતા કે પ્રભુ નું મિલન માતા જાનકી જી સાથે કરાવવા રાવણ ને હરાવવા જરૂરી છે.હનુમાન જી એ લક્ષમણ જી ને કહ્યું કે રાવણ ની સેના ને ટક્કર આપે એવું સૈન્ય બળ વાનર રાજા વાલી પાસે છે અભિમાની વાલી એ એના નાના ભાઈ સુગ્રીવની પત્ની હઠ અને બળ પૂર્વક છીનવી ને એનો દેશ નિકાલ કર્યો છે.લક્ષ્મણજી અને હનુમાનજી એના ઈષ્ટ પ્રભુ શ્રી રામની આ દશા જોતા વિચાર્યું કે ગમે તેમ કરીને માતા ને લંકા થી રાવણ ને યુદ્ધ મા હરાવી ને લાવશે.મારા પ્રભુ ના ચહેરા પરના અસહ્ય વિયોગ દૂર કરીને પુનઃ ખુશીઓ ની ક્રાંતિ આવશે.



ભક્ત અને ભગવાન
- રુપાલી દવે

વાલી થી ભયભીત સુગ્રીવ ને શું કરવું? સમજાતું નહોતું. ત્યારે હનુમાનજી એ સુગ્રીવ ને સમજાવ્યું કે પ્રભુ શ્રી રામ ના આશ્રય માં સર્વ સુખ સમાયેલું છે હનુમાનજીની વાતને જામવંત જી એ સમર્થન આપ્યું.પ્રભુ શ્રી રામ ના દર્શન થતાંજ હર્ષના આસું સારતા સુગ્રીવ જી બોલ્યા કે પ્રભુ,આપનું તેજ એજ આપનું સામર્થ્ય છે પામર પ્રાણી એટલું કશુંય જાણવા અસમર્થ છું.આપ જેમ કહો એમ કરીશું માતા સીતાજી ને લવવવા લંકાપતિ સાથે યુદ્ધ કરવું પડે તો પણ કરીશું.કિષ્કિંધા ની સેના વિશાળ છે ને એમાં બળવાન યોધ્ધાઓ માં રાક્ષશ સેના નો સામનો કરી શકે એવી તાકાત છે પરંતુ મારો મોટો ભાઈ વાલી અધમ અને નીચ છે એણે મારી પત્ની અને પુત્રો ને છીનવી ને નગર માંથી કાઢી મૂક્યો છેભગવાન શ્રી રામચંદ્રજી એ સુગ્રીવ ને વાલી ના વધ નું આશ્વાસન આપ્યું ને કીધું કે ચિંતા ના કરો કિષ્કિંધા નગરી ના રાજ સિંહાસન પર રાજ તિલક નક્કી સમજો..

મંગલ ભવન અમંગલ હારી દ્રૂભવહુ દશરથ અજીર બિહારી..

વાલી ના વધ બાદ સુગ્રીવ કિષ્કિંધા નગરી ના રાજા બન્યા ને રાજકાજ માં વ્યસ્ત થઈ ગયા ત્યારે હનુમાનજી એ યાદ કરાવ્યું કે "રામકાજ ભૂલ્યા છો"..સુગ્રીવ એ પ્રભુ શ્રી રામ આગળ આવી ને ભૂલ બદલ ક્ષમા માંગી ને કીધુ કે સીતાજી ની ભાળ મેળવી અને રાવણ ને પરાસ્ત ના કરો ત્યાં સુધી રાજકાજ નો ત્યાગ કરીશ ને રામકાજ ધ્યેય બનશે..એનું સંપૂર્ણ સૈન્ય પ્રભુ શ્રી રામને અર્પણ કર્યું. હનુમાનજી અને જાંબવંત જી વાનર અને રીંછ સેના સાથે વિશાળ સો યોજન ના મહાસાગર ના તટ પર આવ્યા..

બધા સમુદ્ર કિનારા ના ખંડેર ની અંદર પ્રવેશ્યા,ત્યાં પાંખ વિહોણા ગરુડ પક્ષી ને જોઈને વાનર સેના એના પર આક્રમણ કરવા જતી હતી.ત્યારે જામવંત ની તેજ નજરે ઓળખી ને કહ્યું કે આ તો જટાયુ નો નાનો ભાઈ સંપાતી છે.. સંપાતી કીધું કે ભાઈ જટાયુ ની રાહ માં ભૂખ્યો તરસ્યો જીવ બચાવી જીવું છું ત્યારે જામવંત જી એ સાંપાતી ને કહ્યું કે તમારા ભાઈ જટાયુ એ માતા સીતાજી ને છોડાવવા રાવણ સાથે યુદ્ધ કર્યું એમાં ઘાયલ થઈ ને મૃત્યુ પામ્યા છે. ભાઈના મૃત્યુ ના સમાચાર સાંભળી ને ખૂબ રડ્યા.. શોકગ્રસ્ત સાંપતિ એ સ્વસ્થ થતાં કહ્યું કે મારી આંખ સો યોજન દૂર થી પણ વધારે જોઇ શકે છે રામકાજ માટે મારા ભાઈ એ આપેલ બલિદાન વ્યર્થ જવા દઈશ નહિ."માતા સીતાજી ગુનેગાર ની માફક લંકા માં અશોક વાટિકા ના અશોકના વૃક્ષ નીચે ભયાનક રાક્ષશીઓના ટોળા વચ્ચે ભયભીત વદનને રામ સ્મરણ માં માંડ માંડ દિવસો પૂરા કરી રહ્યા છે" વાક્યો પૂરા થતાંજ સંપાતી મૃત્યુ પામ્યો..

સુગ્રીવ નું વાનર રીંછ સૈન્ય વિચારી રહ્યું હતું કે લંકા માં સીતાજી ની ભાળ મેળવવા કોણ જશે? હનુમાનજી ને શાંત ચિત્તે બેઠેલા જોઈને જામવંતજી એ હનુમાનજી ને ઉદ્દેશી ને કહ્યું કે:

"પવન તનય બલ પવન સમના,
બુદ્ધિ બીબેક બિજ્ઞાન નિધાના.."

જામવંત જી એ હનુમાનજી ને યાદ કરાવ્યું ને બોલ્યા કે હનુમાનજી, ઋષિના શાપના લીધે ભૂલી ગયા છો કે તમારી તાકાત અને બાહુબળ અનંત ગણું છે,તમે વાયુ પુત્ર છો ને સૂર્યને ગળવાની તાકાત ધરાવો છો.તમે ઈચ્છા અનુસાર હવામાં ઉડી શકો છો,થાક તમને ક્યારેય લાગતો નથી. તમને પરાસ્ત કરવાની તાકાત કોઈના માં ખુદ રાવણ માં પણ નથી,તમારા જેવા વીર યોદ્ધા પૃથ્વી પર નથી. તમારો જન્મ રામ કાજ માટે થયો છે એટલે ઋષિ એ તમને શ્રાપ આપ્યો હતો.પરંતુ રામકાજ માટે પુનઃ તમારી શકિત અજમાવીને લંકા માંથી માતા સીતાની ભાળ મેળવી પરત આવશો એ ખાતરી છે. હનુમાન જી ને પોતાની તાકાત અને બાહુબળ યાદ આવતાં જ:

"રામ કાજ લગી તવ અવતારા.."

સાંભળતા જ:

"સુનત હું ભયઉ પર્બતાકારા.."

હનુમાનજી એ સો યોજન લાંબો દરિયો ઓળંગી ને લંકા માં પ્રવેશ્યા એકદમ કીડી જેવું સ્વરૂપ ધારણ કરી ને. પરંતુ લંકા ની કુળદેવી લંકીનીની નજર હનુમાનજી પર પડતા એને અટકાવ્યા ને કીધું કે મારી મરજી વગર તૃણ પણ પ્રવેસ્તું નથી તો તું ક્યાં જાય છે? ઉભો રહે..હનુમાનજી એ એનું સ્વરૂપ એકાએક વધારી ને એના માથા પર પગ મૂકતાં એ ગભરાઈ ને બોલી કે ક્ષમા કરજો વીર,સમજી ગઈ લંકા માંથી વિદાઈ લેવાનો સમય આવી ચૂક્યો છે.લંકીની એ રાત્રે જ કાયમી વિદાઈ લીધી હતી.

> **પ્રભુ મૃત્યુ પામું એ પહેલા આપની સમક્ષ અંતિમ વાત રજૂ કરું છું કે અધમ રાવણ એની નગરી લંકા તરફ માતા સીતા ને લઈને ગયો છે..જતા જતા માતા સીતા એ એના હાથ ના કંગન કાઢી ને મારા તરફ ફેક્યા..પ્રભુ આપની અમાનત માતા સીતાજી ના કંગન આપવા માટે મે પ્રાણ ટકાવ્યા હતા બોલી મે જટાયુ એ દેહ છોડયો..**

"રામાયુદ્ધ અંકિત ગૃહ સોભા બરની ન જાય,
નવ તુલસિકા વૃંદ તહ દેખિ હરષ કપિરાય.."

હનુમાનજી એ લંકા માં એક માત્ર મહેલની બહાર અસંખ્ય તુલસી વૃંદ જોતા અચરજ થયું ને ભવન માંથી રામ સ્મરણ સાંભળી ને ચોંકી જતાં ગૃહ માં પ્રવેશ્યા ને રાવણ ના નાના ભાઈ વિભીષણ ને મળીયા ને સીતાજી ની ભાળ પૂછી..વિભીષણ એ અશોક વાટિકા નો માર્ગ દેખાડતા કહ્યું કે આજ મારા ખુશ નસીબ છે કે રામ ભક્ત હનુમાન જી ના સાક્ષાત દર્શન થયા..રાત્રિ આખી અશોક વાટિકા ના અશોક વૃક્ષની ઉપર હનુમાનજી એ વિતાવ્યો.

સવાર પડતાં જ સુર્ય સોળે કળા એ ખીલ્યો ને કેસરી કિરણો જમીન પર પડતાં જ રાવણ એની પત્ની મંદોદરી સહિત અન્ય દાસ દાસીઓ સાથે સીતાજી સમીપ આવ્યો ને ધમકી આપી સામ,દંડ,ભય,ભેદ થી બોલ્યો કે લગ્ન કરો અથવા તો મૃત્યુ પ્રાપ્ત કરો.આ બન્ને માંથી એક સ્વીકારવું પડશે માત્ર અમુક દિવસો નો સમય વિચારવા માટે આપુ છું.સીતાજી એ રાવણ ને તૃણ દેખાડી ને જવાબ મા કહ્યું હતું કે રામ મારો શ્વાસ,જીવન અને આનંદ છે.સીતાજી નો જવાબ સાંભળી ને ગુસ્સા મા રાવણ ભવન તરફ ચાલ્યો ગયો....હનુમાનજી ઝાડ પર બેઠા બેઠા રાવણની ખાલી ઢોલ જેવી ધમકીઓ સાંભળી ને હસ્યા ને રાવણ ના ગયા બાદ રામ નામ ની મુદ્રિકા નીચે ફેંકી. મુદ્રિકા જોતાજ સીતાજી એ હાથ માં પકડી ને ખુશ થઈ ગયા પરંતુ એને રાવણ નું ષડ્યંત્ર લાગતા ફેકવાં નું વિચાર્યું ત્યાં જ હનુમાનજી એના ચરણો માં બેસી ને બોલ્યા કે હું માતા રામ ભક્ત હનુમાનજી છું આપની શોધ માટે પ્રભુ શ્રી રામએ મોકલાયો છે.માં ભૂલચૂક મારાથી થઈ હોય તો પુત્ર માની ક્ષમા કરજો. સીતાજી ને હનુમાનજી પર ભરોષો થાય એટલે હનુમાનજી એ એનું સ્વરૂપ વધાર્યું ને પૂછ્યું કે માતા આપ આજ્ઞા આપો તો બેત્રણ દિવસથી ભૂખ્યો છું ને અશોક વાટિકા ના ઝાડ પર લચી પડેલા રસાળ ફળો જોઈને વાનર સહજ ખાવાની ઈચ્છા થઈ છે તો ખાવ..જગત જનની માં જગદંબા ના અવતાર સીતાજી એ હનુમાનજી ને પુત્ર માની આશીર્વાદ આપ્યા:

"રિધ્ધિ સિધ્ધિ નવ નિધિ કે દાતા અસવર દિન જાનકી માતા.."

# વિક્રાંત મેસી અને ભૂમિ પેડનેકરે કરી 'પરીક્ષા પે ચર્ચા'

**એક્ટરે કહ્યું- જીવનમાં સફળ થવા માટે ભણો, એક્ટ્રેસે આપી ફોકસ વધારવાની ટિપ્સ**

આજે "પરીક્ષા પે ચર્ચા 2025" ના 6ઠ્ઠા એપિસોડમાં, એક્ટર વિક્રાંત મેસી અને એક્ટ્રેસ ભૂમિ પેડનેકરે "મિશન ક્રિએટિવિટી વિથ પોઝિટિવિટી" એટલે કે તમારા કાર્ય પ્રત્યે સકારાત્મક કેવી રીતે રહેવું તે અંગે ચર્ચા કરી.

ફક્ત ભણવા માટે નહીં, જ્ઞાન મેળવવા માટે ભણો વિક્રાંતે કહ્યું કે અમારા સમયમાં આવા કાર્યક્રમો થતા નહોતા. પીએમ મોદી દ્વારા શરૂ કરાયેલી પહેલથી તમે લોકો ખૂબ નસીબદાર છો. હું એવરેજ કરતાં પણ નીચેની શ્રેણીનો વિદ્યાર્થી હતો. મને રમતગમતમાં વધુ રસ હતો અને પરીક્ષા સમયે હું પુસ્તકો અને નોટબુક ઉપાડતો. હું મારા ભત્રીજાઓ અને ભત્રીજીઓને કહું છું કે ફક્ત વાંચવા માટે નહીં, જ્ઞાન મેળવવા માટે વાંચો.

પોતાની સાથે વાત કરો અને મેનિફેસ્ટેશન કરો વિક્રાંતે કહ્યું કે તમારા દિવસના 10 મિનિટ કાઢો અને તમારી ખુશી, નિરાશાઓ અને લક્ષ્યો લખો. પોતાની સાથે વાત અને મેનિફેસ્ટેશનની એક પદ્ધતિ છે. ઉપરાંત, બાળકો પર અજાણતાં પ્રેશર ન કરો. તેમની કુશળતાને ઓળખો, માર્ક્સ પ્રત્યે ઘમંડી ન બનો. તમારી આંખો નીચે રાખો (વિનમ્રતા રાખો) અને તમારા વિચારો ઉપર રાખો. અભ્યાસની સાથે એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિઓ પણ મહત્ત્વપૂર્ણ છે ભૂમિ કહે છે કે હું એક સારી વિદ્યાર્થિની હતી. પણ એની સાથે, મને એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિઓ ખૂબ ગમતી. મને ઘણા સમય પહેલાં ખ્યાલ આવી ગયો હતો કે હું એક્ટ્રેસ બનવા માગું છું. પરીક્ષા દરમિયાન, હું દરરોજ એક કલાકનો વિરામ લેતી હતી. મને બેડમિન્ટન રમવાનો શોખ હતો. ફોકસ કરવા માટે બ્રેક લેવો જરૂરી હવે, જ્યારે હું શૂટિંગ કરું છું, ત્યારે 15 મિનિટમાં ખાઈ લઉં છું અને અડધો કલાક ઊંઘ લઉં છું, જે મને 8 કલાક ફોક્સ કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત, મને બેડમિન્ટન રમવાનો શોખ હતો, તેથી મગજને આરામ આપવાનો આ એક રસ્તો પણ હતો. તમારી શક્તિઓને ઓળખવી મહત્ત્વપૂર્ણ છે જ્યારે મેં મારા પિતા ગુમાવ્યા ત્યારે હું નાની હતી. મને ખબર હતી કે મારે મારી તાકાતને ઓળખવી પડશે. હવે જ્યારે પણ કોઈ પડકાર આવે છે, તાકાત બની જાય છે.



**સોનાલી, રુજુતા અને રેવંતની વિદ્યાર્થીઓને 5 ટિપ્સ 14 ફેબ્રુઆરીના રોજ "પરીક્ષા પે ચર્ચા 2025" ના 4 એપિસોડમાં, શેફ સોનાલી સબરવાલ, ઈન્ફ્યુએન્સર રેવંત હિંમતસિંકા અને ન્યૂટ્રિશનિસ્ટ રુજુતા દિવેકરે બાળકો સાથે વાત કરી. ત્રણેયે બાળકોને સ્વસ્થ આહાર અને ગુણવત્તાયુક્ત ઊંઘ અંગે ટિપ્સ આપી.**

## કંઈપણ ખાતા પહેલાં લેબલ વાંચો

- જંકફૂડની ક્રેવિંગ ટાળવા માટે સવારે ગ્રેન્સમાંથી બનેલી વસ્તુઓ ખાઓ
- આપણે શું ખાઈએ છીએ તે આપણી માનસિકતા નક્કી કરે છે
- સમયસર સૂવું એ યોગ્ય ખાવા જેટલું જ મહત્ત્વપૂર્ણ છે
- પરીક્ષા દરમિયાન કેળાં, દહીં-ભાત ખાઓ અને પુષ્કળ પાણી પીઓ
- વિદ્યાર્થીઓ માટે ગૌરવ ચૌધરી-રાધિકા ગુપ્તાની 5 ટિપ્સ શોના ત્રીજા એપિસોડમાં, ટેક્નિકલ ગુરુજી તરીકે ફેમસ ગૌરવ ચૌધરી અને ઉદ્યોગસાહસિક રાધિકા ગુપ્તાએ બાળકો સાથે વાત કરી. 20 મિનિટના શોમાં, તેમણે બાળકોને અભ્યાસ માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા અંગે ઘણી ટિપ્સ આપી. આમાં 5 ખાસ બાબતો હતી.

## AIની મદદથી તમારું ટાઈમ ટેબલ અને ટૂ-ડૂ લિસ્ટ બનાવો

- ટેકનોલોજી સાથે તમારી પ્રગતિનું નિરીક્ષણ કરો
- મોબાઈલ પર રીલ્સ નહીં, પોડકાસ્ટ જુઓ
- અભ્યાસમાંથી વિરામ લઈ થોડો સમય ગેમ્સ રમો
- થોડો સમય ઑફલાઈન પણ વિતાવો
- એપિસોડ 2માં દીપિકાએ માનસિક સ્વાસ્થ્ય ટિપ્સ આપી હતી 12 ફેબ્રુઆરીના રોજ, એક્ટ્રેસ અને મેન્ટલ હેલ્થની હિમાયતી દીપિકા પાદુકોણે બાળકો સાથે વાત કરી. દીપિકાએ જણાવ્યું કે તે બાળપણમાં ખૂબ જ તોફાની હતી અને ગણિતમાં ખૂબ જ નબળી હતી. તેમણે કહ્યું, 'તણાવ અનુભવવો એ જીવનનો એક ભાગ છે, આપણે તેને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ તે મહત્ત્વનું છે.'



તમારાં પુસ્તકોને રમતની રીતે વાંચો

દરેક વ્યક્તિ ખાસ છે, બીજાઓ સાથે તમારી સરખામણી ન કરો

તમારી જાતને જુઓ, તમારી ક્ષમતાઓને ઓળખો

તમારી બુદ્ધિમત્તાનો અંદાજ તમારાં પાઠ્યપુસ્તક પરથી ન લગાવો

એવી માહિતી છોડી દો જે તમારા માટે ઉપયોગી ન હોય

બહારથી મેળવેલી માહિતી તમારા શરીરને અસર કરે છે

મનોવિજ્ઞાન અને સેલ્ફ એટલે કે પોતાના વચ્ચેનો તફાવત જાણો

## અભ્યાસનું વધારે પડતું પ્રેશર ક્યારેય ન લો

- જે વિષય તણાવ આપી રહ્યો છે તેનાથી થોડો સમય બ્રેક લઈ લો
- તણાવ જીવનનો એક ભાગ છે પણ તેનો સામનો કરતા શીખો
- સારી ઊંઘ લો, તે સારા માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે
- એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિઓમાં ભાગ લો

10 ફેબ્રુઆરીએ પીએમ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા' કરી હતી 'પરીક્ષા પે ચર્ચા 2025'ની શરૂઆત 10 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રીના બાળકો સાથેના સંવાદ સાથે થઈ હતી. તેમના 1 કલાકના શોમાં, પીએમએ બાળકોને પરીક્ષા યોદ્ધા બનવા માટે 9 ટિપ્સ આપી.

# અક્ષય કુમારે અમિતાભ બચ્ચનના ચરણ સ્પર્શ કર્યા



## ISPLમાં પુત્રી નિતારા સાથે પહોંચ્યો, ચાહકોએ તેને ટ્વિંકલ ખન્નાની કાર્બન કોપી કહી...

(એજન્સી) મુંબઈ | તા.16

અક્ષય કુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં અક્ષય અમિતાભ બચ્ચનના ચરણ સ્પર્શ કરતો અને તેમને ગળે લગાવતો જોવા મળે છે. આ દરમિયાન બંનેએ એકબીજા સાથે વાત પણ કરી. અક્ષય અને તેની પુત્રી નિતારાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેને જોયા પછી, યુઝર્સ તેને ટ્વિંકલ ખન્નાની કાર્બન કોપી કહી રહ્યા છે.

15 ફેબ્રુઆરીની સાંજે ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) ના ફિનાલેમાં બોલિવૂડ ઉદ્યોગના કલાકારોએ હાજરી આપી હતી. બીજી સિઝનની અંતિમ મેચ 'માઝી મુંબઈ' અને 'શ્રીનગર કે વીર' વચ્ચે થાણે, મુંબઈના દાદોજી કોંડાદેવ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. અમિતાભે માઝી મુંબઈ ટીમને સપોર્ટ કરવા માટે આ ક્રિકેટ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. અમિતાભે આ કાર્યક્રમમાં સફેદ રંગની હૂડી પહેરી હતી, જેના પર માઝી મુંબઈનો લોગો છપાયેલો હતો. વીડિયોમાં અક્ષય અમિતાભના પગ સ્પર્શ કરતો અને તેમને ગળે લગાવતો જોવા મળ્યો હતો.

અક્ષય કુમાર પુત્રી નિતારા સાથે જોવા મળ્યો અક્ષય કુમાર શ્રીનગરની વીર ક્રિકેટ ટીમનો માલિક છે. આ કાર્યક્રમમાં અક્ષયની પુત્રી નિતારા પણ તેની સાથે બેઠેલી જોવા મળી હતી. અભિનેતાની પુત્રીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે પોતાની ટીમને ચીયર કરતી જોવા મળે છે. વીડિયો જોયા પછી, ચાહકો તેમને ટ્વિંકલ ખન્નાની કાર્બન કોપી કહી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો તેમને અક્ષય કુમારનું નાનું વર્ઝન કહી રહ્યા છે.

### ચાહકોએ પ્રતિક્રિયા આપી

અક્ષયે 2001 માં ટ્વિંકલ ખન્ના સાથે લગ્ન કર્યા હતા. અક્ષય કુમારે 17 જાન્યુઆરી, 2001 ના રોજ સુપરસ્ટાર રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડિયાની પુત્રી અભિનેત્રી ટ્વિંકલ ખન્ના સાથે લગ્ન કર્યા. લગ્ન પહેલાં, બંનેએ 1999 માં 'ઈન્ટરનેશનલ ખિલાડી' અને 'ઝુલ્મી' જેવી ફિલ્મો સાથે કરી હતી. આ દંપતીને બે બાળકો છે, એક દીકરો અને એક દીકરી. પુત્ર આરવ કુમાર જે 22 વર્ષનો છે અને પુત્રી નિતારા ભાટિયા જે 12 વર્ષની છે. તેમની પુત્રીનો જન્મ 25 સપ્ટેમ્બર, 2012 ના રોજ થયો હતો.

# કાર્તિક આર્યનની નવી ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ...

## સાઉથ એક્ટ્રેસ શ્રીલીલા સાથે રોમાન્સ કરતો દેખાયો, અનટાઈટલ્ડ ફિલ્મને સો. મીડિયા પર 'આશિકી 3' નામ મળ્યું

(એજન્સી) મુંબઈ | તા.16

કાર્તિક આર્યન તેની આગામી ફિલ્મને લઈને સમાચારમાં છે. તાજેતરમાં જ ફિલ્મનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. કાર્તિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે સાઉથ એક્ટ્રેસ શ્રીલીલા સાથે રોમાન્સ કરતો જોવા મળે છે. હાલમાં ફિલ્મના ટાઈટલ અંગેના વિવાદને કારણે પ્રોડ્યૂસરે ટાઈટલ રિવીલ કર્યું નથી. પરંતુ વીડિયો જોયા પછી, સોશિયલ મીડિયા પર લોકો અનુમાન લગાવી રહ્યા છે કે આ 'આશિકી' સીરિઝની ફિલ્મ હશે.

તૃપ્તિને અગાઉ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી હતી આ ફિલ્મમાં પહેલા એક્ટ્રેસ તૃપ્તિ ડિમરીને લીડ રોલ માટે કાસ્ટ કરવામાં આવી હતી. જોકે, પાછળથી તેમનું નામ ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર એવી અફવા ફેલાઈ હતી કે એક્ટ્રેસે 'એનિમલ'માં જે રીતની ભૂમિકા ભજવવી હતી આ કારણે હટાવવામાં આવી. ઘણા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ શરૂ થવાનું હતું, જેના માટે તૃપ્તિએ લુક ટેસ્ટ આપ્યો હતો અને મુહૂર્ત શોટ માટે પણ પરફોર્મ કર્યું હતું, પરંતુ બાદમાં મેકર્સને લાગ્યું કે એક્ટ્રેસ 'એનિમલ' ફિલ્મમાં આવા ઘણા સીન આપ્યા છે.


### ડિરેક્ટરે તૃપ્તિને કાસ્ટ ન કરવાનું કારણ જણાવ્યું

આ પછી, ફિલ્મના ડિરેક્ટર અનુરાગ બાસુએ પોતે કહ્યું હતું કે જે પણ સમાચાર ફેલાઈ રહ્યા છે તે ખોટા છે અને તૃપ્તિ પણ આ વાતથી સંપૂર્ણપણે વાકેફ છે. એવું બિલકુલ નથી કે 'એનિમલ'માં ભજવેલી ભૂમિકાને કારણે તેને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી નથી.

'આશિકી' 1990 માં રિલીઝ થઈ હતી 'આશિકી' ફ્રેન્ચાઈઝીની વાત કરીએ તો, પહેલી ફિલ્મ 1990માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જેમાં રાહુલ રોય અને અનુ અગ્રવાલ મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ મહેશ ભટ્ટના દિગ્દર્શન હેઠળ બનાવવામાં આવી હતી. આ પછી, 2013માં 'આશિકી 2' રિલીઝ થઈ, આ ફિલ્મમાં આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મનું દિગ્દર્શન મોહિત સૂરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ફિલ્મે વિશ્વભરમાં 5 કરોડ રૂપિયાની કમાણી કરી હતી 'આશિકી' ફ્રેન્ચાઈઝી બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ. ફિલ્મના કલેક્શન વિશે વાત કરીએ તો, સક્કિનલ્કના મતે, આશિકીનું ભારતમાં કુલ કલેક્શન રૂ. 4.50 કરોડ હતું. આ ફિલ્મે વિશ્વભરમાં 5 કરોડની કમાણી કરી. 'આશિકી' ફિલ્મ 80 લાખ રૂપિયાથી પણ ઓછા બજેટમાં બની હતી. અહેવાલો અનુસાર, ફિલ્મના શો 6 મહિના સુધી હાઉસફુલ રહ્યા.

'આશિકી 2' એ તેના બજેટ કરતાં સાત ગણી કમાણી કરી ફિલ્મ 'આશિકી 2'નું બજેટ 15 કરોડ રૂપિયા હતું.




# આલિયા અને સાઉથના દિગ્દર્શક નાગ અશ્વિન આગામી ફિલ્મ માટે સંપર્કમાં...

મુંબઈ: આલિયા ભટ્ટ સાઉથના લોકપ્રિય ડિરેકટર નાગ અશ્વિન સાથે કામ કરવામાટે રસ દાખવી રહી છે. હાલ આ ચર્ચા એડવાન્સ સ્ટેજમાં છે એક વખત લોજિસ્ઠિકસ વિશે નિર્ણય લેવાઈ જાય પછી આલિયા પોતાની તારીખો આપશે. આલિયા સંજય લીલા ભણશાલીની ફિલ્મ લવ એન્ડ વોરનું શૂટિંગ પુરુ કરીને નાગ અશ્વિનની ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. આલિયા ભટ્ટને ફિલ્મની વાર્તા પસંદ પડી છે અને તે દક્ષિણના આ દિગ્દર્શક સાથે કામ કરવા ઉત્સાહિત છે. જોકે ફિલ્મ વિશેની અન્ય બાબતો ખાનગી રાખવામા આવી છે. આલિયા અને નાગ અશ્વિન તારીખો બાબત વાતચીત કરી રહ્યા છે. જો બધુ સમુસૂથરું પાર પડશે તો આલિયા આ ફિલ્મ સાઈન કરી લેશે. હાલ આલિયા સંજય લીલા ભણશાલીની લવ એન્ડ વોરના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ પુરુ થયા પછી નાગ અશ્વિનની ફિલ્મ શરૂ કરવાની આલિયાની યોજના છે. આલિયા નવેમ્બર મહિનાથી બીજી ફિલ્મ શરૂ કરવાની યોજના કરી રહી છે. તેમજ નાગ અશ્વિનને પણ પોતાનો આગામી પ્રોજેક્ટ નવેમ્બર મહિનાથી શરૂ કરવો છે. તેમજ ચોક્કસ સમયમાં નાગ અશ્વિનને પોતાની આ નવી ફિલ્મ પુરી પણ કરી નાખવી છે. તેની પાસે લાઈનમાં કલ્કિ ૨૮૯૮ પણ છે જેને તે ૨૦૨૬ના ઉતરાર્ધમાં શરૂ કરવાની યોજના કરી રહ્યો છે. આલિયા અને નાગ અશ્વિને પોતાની મુલાકાતો અને વાતચીત દરમિયાન દસ્તાવેજો સાઈન કરતા પહેલા તારીખ અને અન્ય બાબતો પર નિર્ણય લેવા માટે ચર્ચા કરી રહ્યા છે. જોકે રચનાત્મક રીતે અત્યાર સુધી બન્ને જણા સાથે કામ કરવા માટે સકારાત્મક વલણ અપવાની રહ્યા છે.

# વિક્કી કૌશલની કારકિર્દીમાં પ્રથમ વખત બોક્સ ઓફિસ પર ડબલ ડિજિટ કમાણી

મુંબઈ: વિક્કી કૌશલની છાવા ફિલ્મ ૧૪ ફેબુરઆરીના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ ગઈ છે. જેમાં અભિનેતા શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજની ભૂમિકા ભજવત ોજોવા મળી રહ્યો છે. છાવા ફિલ્મ વિક્કી કૌશલની કારકિર્દીની અત્યાર સુધીની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ છે. એટલું જ નહીં આ ફિલ્મ ઘરેલુ બોક્સ ઓફિસ પર પણ ૨૦૨૫ની પ્રથમ દિવસે જ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. ફિલ્મ છાવાના ઓપનિંગ કલેશનથી વિક્કી કૌશલના ભાગ્ય ખુલી ગયાની ચર્ચા થઈ રહી છે. બોલીવૂડમાં ચર્ચા છે કે, વિક્કી કૌશલ માટે છાવા ફિલ્મ બોલીવૂડમાં તેના માટે સારા દિવસો લાવશે. આ પહેલા અભિનેતાની બેડ ન્યુઝ ફિલ્મ સૌથી મોટી ઓપનર હતી, જેણે ૮.૬૪ કરોડ રૂપિયાનું કલેકશન કર્યું હતું. તેની સેમ બહાદુરે ૫ કરોડ રૂપિયા, ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલીએ ૧ કરોડ રૂપિયા, જરા હટકે જરા બચકેએ ૫ કરોડ રૂપિયા, ભૂત પાર્ટ વન ધ હોન્ટેડ શિપે ૫ કરોડ રૂપિયા, ઉરીએ ૮ કરોડ રૂપિયા કલેકશન કર્યું છે.






# 'હું ડરેલો છું, ભાગ્યો નથી...': વિવાદ વચ્ચે રણવીરએ શેર કરી પોસ્ટ

(એજન્સી) મુંબઈ | તા.16

કોમેડિયન સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં માતાપિતા અને તેમના સેક્સ લાઈફ વિશે મજાક કર્યા બાદ યુટ્યૂબર રણવીર અલ્હાબાદિયા મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. રણવીરની મજાકનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો, જેના પછી તે ટ્રોલ થવા લાગ્યો. આ મામલો ધીમે ધીમે ઈન્ટરનેટથી સંસદ સુધી પહોંચ્યો.

જનતાની સાથે નેતાઓ, સેલેબ્સ અને હિન્દુ સંગઠનોએ પણ રણવીરની ટીકા કરી હતી. એટલું જ નહીં, ભારતનાં વિવિધ રાજ્યોમાં યુટ્યૂબરના નામે FIR પણ નોંધાઈ છે.

યુટ્યૂબરે પોસ્ટ શેર કરી હવે યુટ્યૂબરે સામે આવીને કહ્યું છે કે તે ભાગી રહ્યો નથી. રણવીર અલ્હાબાદિયાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી છે. આમાં તેણે લખ્યું, મારી ટીમ અને હું તપાસમાં પોલીસ અને અન્ય અધિકારીઓને સહકાર આપી રહ્યા છીએ. હું પ્રક્રિયાનું પાલન કરીશ અને હવે એજન્સી માટે ઉપલબ્ધ રહીશ. માતા-પિતા વિશે મારી કોમેન્ટ અસંવેદનશીલ અને અયોગ્ય હતી. વધુ સારું બનવું એ મારી નૈતિક જવાબદારી છે અને મને ખરેખર દુ:ખ છે.

યુટ્યૂબરે આગળ કહ્યું કે લોકો તેને અને તેના પરિવારને ધમકીઓ આપી રહ્યા છે, જેના કારણે તે ડરી ગયો છે. રણવીરે આગળ લખ્યું, મને એવા લોકો તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે અને મારા પરિવારને નુકસાન પહોંચાડવા માગે છે. લોકો દર્દી હોવાનો ઢોંગ કરીને મારી માતાના ક્લિનિકમાં ઘૂસી ગયા. મને ડર લાગે છે અને મને ખબર નથી પડતી કે શું કરવું. પણ હું ભાગી રહ્યો નથી. મને પોલીસ અને ન્યાયિક વ્યવસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ છે.

પોલીસનો ચોંકાવનારો ઘટસ્ફોટ મુંબઈ પોલીસ રણવીર અલ્હાબાદિયા વિરુદ્ધ નોંધાયેલા કેસની તપાસ કરી રહી છે. રણવીરની સાથે, 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની ટીમ સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેમાં કોમેડિયન સમય રૈના, યુટ્યૂબર આશિષ ચંચલાની અને અપૂર્વા માખીજાનો સમાવેશ થાય છે. બધાને એક પછી એક મુંબઈના ખાર પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવી રહ્યા છે અને પૂછપરછ કરવામાં આવી રહી છે. એવામાં 14 ફેબ્રુઆરીના રોજ મુંબઈ પોલીસના અધિકારીઓએ એક ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે રણવીર અલ્લાહબાદિયાએ હજુ સુધી પોતાનું નિવેદન નોંધાવ્યું નથી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, રણવીરના મુંબઈના ઘરે તાળું મારેલું છે.

# WPLમાં દિલ્હીએ મુંબઈને 2 વિકેટે હરાવ્યું

## DC છેલ્લા બોલે જીત્યું; શેફાલ વર્માએ 18 બોલમાં 43 રનની તાબડતોડ ઈનિંગ રમી

(એજન્સી) વડોદરા તા 16

વુમન્સ મહિલા પ્રીમિયર લીગ (WPL)ની બીજી મેચમાં દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 3 વિકેટથી હરાવ્યું હતું. દિલ્હીએ શનિવારે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. મુંબઈની ટીમ 19.1 ઓવરમાં 164 રનમાં ઓલઆઉટ થઈ હતી. જવાબમાં દિલ્હીએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો હતો.

મુંબઈ તરફથી નતાલી સિવર બ્રન્ટે 80 અને કેપ્ટન હરમનપ્રીત કૌરે 42 રન બનાવ્યા. હેલી મેથ્યુઝ અને એમેલિયા કેરે 2-2 વિકેટ લીધી. દિલ્હી તરફથી શેફાલી વર્માએ 43 અને નિક્કી પ્રસાદે 35 રન બનાવ્યા. એનાબેલ સધરલેન્ડે 3 અને શિખા પાંડેએ 2 વિકેટ લીધી. મુંબઈની ઈનિંગ્સ... ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા મુંબઈએ 20મી ઓવરમાં પોતાની છેલ્લી વિકેટ ગુમાવી દીધી. ટીમ 164 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. નતાલી સાયવર બ્રન્ટ 80 રન બનાવી અણનમ રહી, તેણે પોતાની ઈનિંગમાં 13 ચોગ્ગા ફટકાર્યા. છેલ્લી ઓવરમાં, સાઈકા ઈશાક ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગઈ મુંબઈ તરફથી, યાસ્તિકા ભાટિયા 11 રન, અમેલિયા કેર 9 રન, અમનજોત કૌર 7 રન, સંસ્કૃતિ ગુપ્તા 2 રન અને સજીવન સજના 1 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. હેલી મેથ્યુઝ ખાતું પણ ખોલાવી શકી નહીં. દિલ્હી તરફથી એનાબેલ સધરલેન્ડે 3 અને શિખા પાંડેએ 2 વિકેટ લીધી. એલિસ કેપ્સી અને મિન્નુ મણિએ 1-1 વિકેટ લીધી.જ્યારે 3 બેટર્સ રન આઉટ થયા હતા.



### દિલ્હીએ 5 ઓવર સુધી એક પણ વિકેટ ગુમાવી ન હતી

165 રનના ટાર્ગેટ ચેઝ કરતી દિલ્હી કેપિટલ્સે પ્રથમ 5 ઓવરમાં એક પણ વિકેટ ગુમાવી ન હતી. ટીમે 45 રન બનાવ્યા. કેપ્ટન મેગ લેનિંગ અને શેફાલી વર્મા નોટઆઉટ રહી. જોકે પાવરપ્લેની છેલ્લી ઓવરમાં દિલ્હીએ વિકેટ ગુમાવી હતી.ટીમે શેફાલી વર્માની વિકેટ ગુમાવી દીધી. શેફાલીએ 18 બોલમાં 43 રન બનાવ્યા. પાવરપ્લેના અંત પછી ટીમે 60 રન બનાવ્યા.

### દિલ્હીએ છેલ્લી ઓવરમાં 10 રન બનાવ્યા

દિલ્હીને મેચ જીતવા માટે છેલ્લી ઓવરમાં 10 રનની જરૂર હતી. મુંબઈ તરફથી જિન્તીમણિ કલિતા ઓવર નાખવા આવી. નિક્કી પ્રસાદે પહેલા 2 બોલમાં 6 રન બનાવ્યા. છેલ્લા 2 બોલમાં 2 રનની જરૂર હતી

### આખી મેચમાં આ એક બોલે બદલી નાખી દિલ્હીની કિસ્મત

દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે ખૂબ જ રોમાંચક મેચ જોવા મળી. વડોદરામાં રમાયેલી રોમાંચક મેચમાં દિલ્હીનો 2 વિકેટે વિજય થયો. વડોદરામાં દિલ્હીના ખેલાડીએ માત્ર 2 રન બનાવીને જીત મેળવી છે. આ જીતમાં અરુંધતી રેડ્ડીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, તેણીએ ફક્ત 2 રન બનાવ્યા હતા પરંતુ તે આ મેચમાં નિર્ણાયક સાબિત થયો. WPL 2025 માં દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે ખૂબ જ રોમાંચક મેચ જોવા મળી. વડોદરામાં રમાયેલી રોમાંચક મેચમાં દિલ્હીનો 2 વિકેટે વિજય થયો. ટીમ પ્લેયર અરુંધતી રેડ્ડીએ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેણે ફક્ત 2 રન બનાવ્યા પણ તે આ મેચમાં નિર્ણાયક સાબિત થયો. તેના એક જ શોટે મુંબઈનો વિજય છીનવી લીધો. તમને જણાવી દઈએ કે હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની MI ટીમે પ્રથમ બેટિંગ કરતા 165 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ડીસીએ છેલ્લા બોલ પર આ લક્ષ્ય હાંસલ કર્યું. નતાલી સાયવર બ્રન્ટ 80 રન બનાવી અણનમ રહી, તેણે પોતાની ઈનિંગમાં 13 ચોગ્ગા ફટકાર્યા. છેલ્લી ઓવરમાં, સાઈકા ઈશાક ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગઈ

# વિશ્વના નં.1 ટેનિસ ખેલાડીએ 3 મહિનાનો પ્રતિબંધ સ્વીકાર્યો

(એજન્સી) લંડન તા 16

વિશ્વના નંબર-1 ટેનિસ ખેલાડી જેનિક સિનરે 3 મહિનાનો પ્રતિબંધ સ્વીકારી લીધો છે. WADAએ શનિવારે એક નિવેદન બહાર પાડીને કહ્યું - 'સિનરે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. તેથી, તેના પર 3 મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.' 23 વર્ષીય સિનર વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી (WADA)ના બંને પરીક્ષણોમાં નિષ્ફળ ગયો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય ટેનિસ ફેડરેશન દ્વારા તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો ન હતો. કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS)માં અપીલ દાખલ કરી હતી, જેની સુનાવણી એપ્રિલ 2025 માં થવાની હતી. સુનાવણી પહેલા WADA અને સિનર વચ્ચે 3 મહિનાના પ્રતિબંધ માટે કરાર થયો હતો. આ પ્રતિબંધ 9 ફેબ્રુઆરીથી અમલમાં આવશે, જે 4 મે, 2025 સુધી રહેશે. ઈટાલિયન સ્ટાર 25 મેથી શરૂ થનારી ફ્રેન્ચ ઓપનમાં રમતા જોવા મળશે. ડોપિંગ કેસમાં, સિનરે કહ્યું- આ કેસ એક વર્ષથી પેન્ડિંગ હતો અને પ્રક્રિયા એટલી લાંબી હતી કે નિર્ણય વર્ષના અંતમાં જ આવતો હતો. મેં હંમેશા સ્વીકાર્યું છે કે હું મારી ટીમ માટે જવાબદાર છું અને મારું માનવું છે કે રમતની સલામતી માટે WADAના કડક નિયમો જરૂરી છે. એટલા માટે મેં મામલો ઉકેલવા માટે WADAની ત્રણ મહિનાની પ્રતિબંધની ઓફર સ્વીકારી. સિનર ડોપિંગ ટેસ્ટમાં નિષ્ફળ ગયો, પણ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો ન હતો આ કેસ 2024નો છે.



**સતત બીજો ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યો :** ઈટાલીના યુવા સ્ટાર જેનિક સિનરે 26 જાન્યુઆરીએ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યું હતું. તેણે મેલબોર્નના રોડ લેવર એરેનામાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને સીધા સેટોમાં 6-3, 7-6 (7-4), 6-3 થી હરાવ્યો હતો. તે વર્ષના પહેલા ગ્રાન્ડ સ્લેમમાં સતત બીજી વખત ચેમ્પિયન બન્યો હતો.ગયા વર્ષે માર્ચમાં સિનરના શરીરમાં પ્રતિબંધિત એનાબોલિક સ્ટીરોઈડ ક્લોસ્ટેબોલના નિશાન મળી આવ્યા હતા. સિનારે પછી કહ્યું, 'ટ્રેનર પાસેથી મસાજ કરાવતી વખતે આ તત્વો તેના શરીરમાં પ્રવેશ્યા કારણ કે તેણે આંગળીમાં વાગ્યા પછી આ પદાર્થનો ઉપયોગ કર્યો હતો.'

### સિનર ડોપિંગ ટેસ્ટમાં નિષ્ફળ ગયો, પણ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો ન હતો

આ કેસ 2024નો છે. સિનર એક ટુર્નામેન્ટ દરમિયાન WADA ડોપિંગ ટેસ્ટમાં નિષ્ફળ ગયો હતો, પરંતુ ઈન્ટરનેશનલ ટેનિસ ઈન્ટિગ્રિટી એજન્સીએ સિનર પર પ્રતિબંધ મૂક્યો ન હતો. આ સામે WADAએ CASને અપીલ કરી હતી. ગયા વર્ષે માર્ચમાં સિનરના શરીરમાં પ્રતિબંધિત એનાબોલિક સ્ટીરોઈડ ક્લોસ્ટેબોલના નિશાન મળી આવ્યા હતા. સિનારે પછી કહ્યું, 'ટ્રેનર પાસેથી મસાજ કરાવતી વખતે આ તત્વો તેના શરીરમાં પ્રવેશ્યા કારણ કે તેણે આંગળીમાં વાગ્યા પછી આ પદાર્થનો ઉપયોગ કર્યો હતો.'

# ગુજરાત ટાઇટન્સે 'જુનિયર ટાઇટન્સ સીઝન-2'નું સફળતાપૂર્વક આયોજન

(એજન્લી )અમદાવાદ તા 16

ગુજરાત ટાઈટન્સે અમદાવાદમાં 'જુનિયર ટાઈટન્સ સિઝન ટુ'ના ફાઈનલ મેચની સફળતાપૂર્વક ઉજવણી કરી હતી. આ ઉજવણી વિશ્વની લોકપ્રિય બ્રાન્ડ પોકેમોન સાથે તેના પ્રથમ જોડાણ માટે પણ હતી. 'લેટ્સ સ્પોર્ટ આઉટ' થીમ સાથે સજ્જ આનો હેતુ 14 વર્ષથી ઓછી વયજૂથના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટે પ્રેમ અને ઉત્સુક્તા જાગૃત કરવાનો હતો. સીઝન-2ની ફાઈનલ મેચ અમદાવાદનાં સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ લોયલા હોલ ખાતે યોજાઈ હતી. આ ઈનોવેટિવ અભિયાનનું આયોજન ગુજરાતના પાંચ શહેરો જૂનાગઢ, ભાવનગર, ભરૂચ, પાલનપુર અને આજે અમદાવાદમાં થયું હતું. જેમાં 106 શાળાઓમાંથી 5000 વિદ્યાર્થીઓની હાજરી સાથે પાંચ શહેરોમાંથી મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા.ગુજરાત ટાઈટન્સ દ્વારા શરૂ આ યુનિક ઝુંબેશ બાળકોને આઉટડોર એક્ટિવિટીમાં ભાગ લેવા પ્રોત્સાહન પૂરુ પાડે છે. તેમજ નાનપણથી જ આઉટડોર સ્પોર્ટ્સ માટે તેમના જુસ્સાને વેગ આપતાં સ્પોર્ટ્સ કલ્ચર સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. આ સીઝનની મુખ્ય વિશેષતા પોકેમોન સાથે ભાગીદારી હતી. જોડાણના ભાગરૂપે બાળકોને



તેમના પ્રિય પોકેમોન, પિકાચુને મળવાની અને રોમાંચક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક આપી હતી. જેમાં પ્રોત્સાહક ઈનામો હાંસલ કરવાની તક પણ હતી. પાલનપુર અને અમદાવાદમાં બાળકોને પોકેમોન ગુડી બેગ અને સ્ટીકર્સ વહેંચ્યા હતા. આ ભાગીદારી ગુજરાત ટાઈટન્સની ક્રિકેટ સીઝનનું વિસ્તરણ કરશે, જેમાં પસંદ કરાયેલા બાળકોને પોકેમોન સાથે લાઈવ મેચ ડેનો અનુભવ કરવાની મંજૂરી મળશે. ગુજરાત ટાઈટન્સના ચાહકોને આગામી ક્રિકેટ સીઝન દરમિયાન લોન્ચ થનારા ડિજિટલ ઈન્ટિગ્રેશન સેટથી ટીમના હોમ સ્ટેડિયમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ફેન ઝોનમાં પીકાચુ સાથે વાર્તાલાપ કરવાની તક પણ મળશે.

# ચેમ્પિયન્સ ટ્રોફી: ભારતીય ટીમની પહેલી બેચ દુબઈ જવા રવાના



(એજન્સી) દુબઈ તા 16

ગંભીર, રોહિત, વિરાટ મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા; ટીમનો પહેલો મુકાબલો 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની પહેલી બેચ શનિવારે દુબઈ જવા રવાના થઈ છે. ANI એ એક વીડિયો શેર કર્યો છે જેમાં ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર, કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી સહિત કેટલાક ખેલાડીઓ મુંબઈ એરપોર્ટ પર જોવા મળી રહ્યા છે. રાવલપિંડી અને લાહોરમાં રમાશે. ટીમ ઈન્ડિયાનો પહેલો મુકાબલો 20 ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે થશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગ્રૂપ મેચ 23 ફેબ્રુઆરીએ દુબઈમાં રમાશે. ફાઈનલ 9 માર્ચે રમાશે હાઈબ્રિડ મોડેલમાં યોજાનારી આ ટુર્નામેન્ટની ફાઈનલ 9 માર્ચે રમાશે. આ 19 દિવસીય ટુર્નામેન્ટમાં 15 મેચ રમાશે. બીજા સેમિફાઈનલ અને ફાઈનલ માટે પણ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. પ્રથમ સેમિફાઈનલ દુબઈમાં રમાશે. જો ભારત ફાઈનલમાં પહોંચે છે તો આ મેચ પણ દુબઈમાં જ રમાશે. ટુર્નામેન્ટની બાકીની 10 મેચ માટે ટીમ ઈન્ડિયા રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવ. રિઝર્વ: યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ અને શિવમ દુબે.

# મુંબઈની ટીમને સૌથી મોટો ઝટકો, સેમીફાઈનલમાં બહાર થયો જયસ્વાલ

(એજન્સી) મુંબઈ તા 16

ઘૂંટણની ઈજાને કારણે મેચમાંથી બહાર વિદર્ભ સામેની રણજી ટ્રોફીની સેમીફાઈનલ મેચ પહેલા મુંબઈ ક્રિકેટ ટીમને મોટો ફટકો પડ્યો છે, જ્યાં ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન યશસ્વી જયસ્વાલ ઘૂંટણની ઈજાને કારણે મેચમાંથી બહાર થઈ ગયો છે. આ પહેલા જયસ્વાલે રોહિત શર્મા સાથે જમ્મુ-કાશ્મીર સામે બીજા તબક્કાની પ્રથમ મેચમાં ભાગ લીધો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર, જયસ્વાલે ડાબા પગની ઘૂંટીમાં દુખાવાની ફરિયાદ કરી છે અને તેથી તે વિદર્ભ સામેની સેમીફાઈનલ મેચમાંથી બહાર થઈ ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે યશસ્વી હવે બેંગલુરુમાં NCAમાં જઈને પગની ઘૂંટીની ઈજાની તપાસ કરાવશે. કરુણ નાયર અને કંપની સામેની મેચ પહેલા ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ માટે આ મોટો ફટકો છે. અચાનક વિકાસનો અર્થ એ છે કે રાષ્ટ્રીય પસંદગીકારોને ચેમ્પિયન્સ ટ્રોફી માટે નવા બિન-ટ્રાવેલિંગ રિઝર્વનું નામ આપવાની ફરજ પડી શકે છે.



### યશસ્વી ચેમ્પિયન્સ ટ્રોફી ટીમનો ભાગ હતો

યશસ્વીને પહેલા ચેમ્પિયન્સ ટ્રોફી માટે 15 સભ્યોની ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં BCCIએ ટીમમાં ફેરફાર કર્યો અને તેની જગ્યાએ સ્પિનર વરુણ ચક્રવર્તીને સામેલ કર્યો. હવે તેને શિવમ દુબે અને મોહમ્મદ સિરાજની સાથે ટીમમાં નોન-ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે રાખવામાં આવ્યો છે. તેણે તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં ડેબ્યૂ કર્યું હતું.

### જયસ્વાલના સ્થાને મુંબઈ માટે કોણ કરશે ઓપનીંગ?

જયસ્વાલના બહાર નીકળ્યા પછી, આયુષ મ્હાત્રે અને આકાશ આનંદ મુંબઈ માટે ઈનિંગ્સની શરૂઆત કરવાનું ચાલુ રાખશે. સોમવારથી નાગપુરમાં મુંબઈ અને વિદર્ભ વચ્ચેની સેમીફાઈનલ મેચ શરૂ થશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈએ ક્વાર્ટર ફાઈનલમાં હરિયાણાને હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે.

# ક્રિકેટ જગતમાં થપ્પડ મારવાની મોટી ઘટનાઓ

## ક્રિકેટ જગતમાં થપ્પડ કાંડ : વેલેન્ટાઈન ડે વીક 7 થી 14 ફેબ્રુઆરી સુધી ઉજવવામાં આવે છે. જ્યારે 15 થી 21 ફેબ્રુઆરી દરમિયાન એન્ટી વેલેન્ટાઈન ડે વીક ઉજવવામાં આવી રહ્યો છે. 15 ફેબ્રુઆરીને સ્લેપ ડે તરીકે ઓળખવામાં આવે છે.



**હરભજન-શ્રીસંત વિવાદ :** વર્ષ 2008 માં IPL ની પહેલી સીઝનમાં શાંતાકુમારન શ્રીસંત અને હરભજન સિંહ વચ્ચે મોટો વિવાદ થયો હતો. તે સમયે હરભજન મુંબઈ ઈન્ડિયન્સ તરફથી અને શ્રીસંત પંજાબ કિંગ્સ રમી રહ્યા હતા. મેચ સમાપ્ત થયા પછી, બંને વચ્ચે કોઈ વાત પર ઝઘડો થયો. ત્યારબાદ હરભજને શ્રીસંતને થપ્પડ મારી દીધી. શ્રીસંત મેદાન પર જ રડવા લાગ્યો. આ ઘટના બાદ હરભજન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

**હેડ કોચે ખેલાડીને મારી થપ્પડ :** શ્રીલંકાના ભૂતપૂર્વ ખેલાડી ચંડિકા હથુરુસિંઘે 2023ના ODI વર્લ્ડકપ દરમિયાન બાંગ્લાદેશ ક્રિકેટ ટીમના કોચ હતા. તે સમયે તેના પર એક ખેલાડીને થપ્પડ મારવાનો આરોપ હતો. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ બાદમાં ચંડિકા સામે કાર્યવાહી કરી.

**આ વ્યક્તિએ સેહવાગ પર ઉઠાવ્યો હાથ :** ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સેહવાગને પણ થપ્પડ મારવામાં આવી છે. વર્ષ 2002 દરમિયાન, ટીમ ઈન્ડિયાના કોચ જોન રાઈટ હતા. તે દરમિયાન ઈંગ્લેન્ડ પ્રવાસ પર, સેહવાગ સતત એક જ ભૂલ કરી રહ્યો હતો અને નિષ્ફળ રહ્યો હતો, પછી જોને સેહવાગને થપ્પડ મારી દીધી. બાદમાં, જોને આ બાબતમાં સ્પષ્ટતા કરતા કહ્યું કે તેને ફક્ત તેને ધક્કો માર્યો હતો, થપ્પડ મારી ન હતી.

# રોહિત શર્મા, વિરાટ અને જાડેજા માટે છેલ્લી ટુર્નામેન્ટ હોઈ શકે છે ચેમ્પિયન્સ ટ્રોફી: આકાશ

(એજન્સી) નવી દિલ્હી તા 16

ઈંગ્લૅન્ડ વિરુદ્ધ વનડે સીરિઝમાં શાનદાર જીત બાદ ટીમ ઈન્ડિયાની નજર હવે ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા પર છે. ગયા વર્ષે ટી20 વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય ટીમ વધુ એક આઈસીસી ટુર્નામેન્ટ પોતાના નામે કરવા ઈચ્છશે. સાથે જ આ ભારતના ઘણા દિગ્ગજો માટે અંતિમ ચેમ્પિયન્સ ટ્રોફી હોઈ શકે છે. તેમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજા મુખ્ય છે. પૂર્વ ભારતીય ઓપનર આકાશ ચોપડાનું માનવું છે કે ચેમ્પિયન્સ ટ્રોફી કોહલી, રોહિત અને જાડેજા માટે અંતિમ આઈસીસી ઈવેન્ટ હોઈ શકે છે.



### આગામી વર્લ્ડ કપમાં રમવું મુશ્કેલ

આકાશ ચોપડાનું માનવું છે કે ત્રણેય સીનિયર ખેલાડી 2027ની આગામી વનડે વર્લ્ડ કપ સુધી રાહ જોશે નહીં. કોહલી, રોહિત અને જાડેજાએ ભારતની 2024 વાત પર વધુ ચર્ચા છેડી દીધી કે શું તે ચેમ્પિયન્સ ટ્રોફી બાદ આઈસીસી ટુર્નામેન્ટોમાં પોતાના વનડે કરિયરને પણ સમાપ્ત કરી દેશે. પોતાના તાજેતરના યુટ્યૂબ વીડિયોમાં આકાશ ચોપડાએ સમજાવ્યું કે કેવી રીતે ત્રણેય ટુર્નામેન્ટ માટે પોતાના આઈસીસી કરિયરને સમાપ્ત કરવાની એક સારી તક હશે.

### આકાશ ચોપડાએ શું કહ્યું?

પૂર્વ ક્રિકેટરે કહ્યું કે '2027ના વનડે વર્લ્ડ કપનું લક્ષ્ય બનાવવું અમારા માટે અવાસ્તવિક હશે. હું ભારે મનથી કહી રહ્યો છું. એક મજબૂત શક્યતા છે. ચેમ્પિયન્સ ટ્રોફી થવાની છે અને તે બાદ આ વર્ષે વધુ એક આઈસીસી ઈવેન્ટ થશે, જે ડબલ્યુટીસી (વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ) ફાઈનલ છે અને અમે ત્યાં પહોંચ્યા નથી. તો વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિન્દ્ર જાડેજામાંથી કોઈ પણ રમશે નહીં. તે બાદ આગામી વર્ષની આઈસીસી ઈવેન્ટ ટી20 વર્લ્ડ કપ છે પરંતુ ત્રણેયે તે ફોર્મેટથી સંન્યાસ લીધો છે. તો ત્રણેય ત્યાં પણ રમશે નહીં. વનડે વર્લ્ડ કપ 2027માં હશે, જે ખૂબ દૂર છે. 2027 સુધી દુનિયા ખૂબ અલગ દેખાશે.

# RCB બાદ્ હવે KKR પણ આપશે સરપ્રાઈઝ!

(એજન્સી) કોલકત્તા તા 16

IPL 2025 Updates : IPL 2025 શરૂ થવામાં હવે દોઢ મહિનાથી ઓછો સમય બાકી છે, ત્યારે નવી સિઝન પહેલા 10માંખી 8 ટીમોએ પોતાના કેપ્ટનની ઘોષણ કરી દીધી છે. જ્યારે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સે હજુ સુધી તેમના કેપ્ટન પસંદ કર્યા નથી. બંને ટીમોએ મેગા ઓક્શન પહેલા તેમના કેપ્ટનને રિલીઝ કર્યા હતા. દિલ્હીએ હરાજીમાં કેએલ રાહુલને ખરીદ્યો. પરંતુ KKR એ તાજેતરના IPL સિઝનમાં કેપ્ટનશીપ કરી હોય તેવા કોઈપણ ખેલાડીને ખરીદ્યો નથી. જ્યારે RCB બાદ હવે KKR પણ સરપ્રાઈઝ આપશે. કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાં કેપ્ટન બનાવવાની રેસમાં અનેક ખેલાડી છે. જેમાં સૌથી આગળ રિંકુ સિંહ અને બંને પાસે કેપ્ટનશીપનો કોઈ ખાસ અનુભવ નથી. IPL મેચમાં કેપ્ટન પર ઘણું દબાણ હોય છે. તેમની પાસે વેસ્ટ ઈન્ડિઝનો રોવમેન પોવેલ પણ છે, પરંતુ તે દરેક મેચમાં રમશે એ નિશ્ચિત નથી. આવી સ્થિતિમાં ફ્રેન્ચાઈઝ અજિંક્ય રહાણેને કેપ્ટનશીપ આપી શકે છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ICC વનડે રેન્કિંગની જાહેરાત

(એજન્સી)દુબઈ તા 16

ટ્રાઈ સીરિઝની ફાઈનલમાં પાકિસ્તાનને 5 વિકેટથી હરાવ્યા બાદ ન્યૂઝીલૅન્ડને આઈસીસીની નવી વનડે રેન્કિંગમાં ઘણો લાભ થયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં આ જીતથી ન્યૂઝીલૅન્ડના ખેલાડીઓનું મનોબળ મજબૂત થશે. ન્યૂઝીલૅન્ડની ટીમે 243 રનના ટાર્ગેટને માત્ર 45.2 ઓવરમાં ચેઝ કરીને જીત હાંસલ કરી હતી. ડેરિલ મિશેલે 57 રન અને કૅપ્ટન ટોમ લેથમે 56 રનની તોફાની ઈનિંગ રમીને જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત ન્યૂઝીલૅન્ડના પેસર વિલ ઓ'રૂરકે પણ શાનદાર પ્રદર્શન કરીને 9.3 ઓવરમાં 4 વિકેટ લઈને પાકિસ્તાનને 250થી ઓછા સ્કોર પર રોકી દીધું હતું.વનડે રેન્કિંગમાં



### ન્યૂઝીલૅન્ડની રેટિંગ વધી

વિઝડન અનુસાર, ટ્રાઈ સીરિઝ જીત્યા બાદ ન્યૂઝીલૅન્ડની આઈસીસી વનડે રેન્કિંગમાં રેટિંગ 100થી વધીને 105 થઈ ગઈ, જેનાથી ટીમ હવે રેન્કિંગમાં ચોથા સ્થાન પર પહોંચી ગઈ છે. જેની સામે ફાઈનલમાં હાર થતાં પાકિસ્તાનની રેટિંગ ઘટીને 107 થઈ ગઈ છે અને રેન્કિંગમાં પાકિસ્તાની ટીમ ત્રીજા સ્થાને ખસી ગઈ છે.ટ્રાઈ સીરિઝ સિવાય ઓસ્ટ્રેલિયાને શ્રીલંકા સામેની વન-ડે સીરિઝમાં 0-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. જે પછી ઓસ્ટ્રેલિયાની રેટિંગ ઘટીને 110 થઈ ગઈ છે. આ સાથે જ વર્લ્ડ ચેમ્પિયન ટીમ આ સમયે બીજા સ્થાને છે. બીજી બાજુ રોહિત શર્માની આગેવાનીવાળી ભારતીય ટીમે હાલમાં જ ઈંગ્લૅન્ડને વનડે સીરિઝમાં 3-0થી મ્હાત આપી હતી, નોંધનીય છે કે, ફેબ્રુઆરીથી થશે. જેમાં ભારત, પાકિસ્તાન સહિત ન્યૂઝીલૅન્ડ, બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાનની ટીમ ભાગ લઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં અનેક ટીમની આઈસીસી રેન્કિંગ પર અસર પડશે.

# પુલવામા હુમલામાં પિતા શહીદ, દીકરાની જવાબદારી સહેવાગે ઉપાડી

(એજન્સી) નવી દિલ્હી તા 16

પુલવામામાં થયેલા આતંકી હુમલાને 6 વર્ષ થયા. 14 ફેબ્રુઆરી 2019ના રોજ જૈશ-એ-મોહમ્મદના એક આતંકવાદીએ વિસ્ફોટકોથી ભરેલું વાહન આરપીએફ જવાનોને લઈ જતી બસ સાથે અથડાવ્યું હતું. આ અથડામણ પછી એક મોટો વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં 40 CRPF જવાનો શહીદ થયા હતા. આ હુમલા બાદ ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે હૃદયને સ્પર્શે તેવો નિર્ણય કર્યો હતો. જેમાં સહેવાગે પુલવામા આંતકવાદી હુમલામાં શહીદ થયેલા CRPF જવાનોના બાળકોને ભણવવામાં થતાં ખર્ચની જવાબદારી લીધી અને તેને ખૂબ સારી રીતે નિભાવી રહ્યા છે. રાહુલ સોરેંગની હરિયાણા અંડર-19 ટીમમાં પસંદગી રાહુલ સોરેગં અને અર્પિત સિંહ ઝજ્જર સ્થિત સહેવાગ ઈન્ટરનેશન સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. રાહુલના પિતા વિજય સોરેંગ અને અપિત સિંહનાપિતા રામ વકીલ પુલવામા આંતકવાદી હુમલામાં શહીદ થયા હતા. રાહુલ સોરેંગ હવે ક્રિકેટની દુનિયામાં પણ પોતાની ઓળખ બનાવી રહ્યા છે. રાહુલ સોરેંગની તાજેતરમાં હરિયાણા અંડર-19 ટીમમાં પસંદગી થઈ છે. આ માહિતી ખુદ વીરેન્દ્ર સહેવાગે આપી છે.

## યુરોપિયન દેશો પર વાણી સ્વાતંત્ર્યનું ઉલ્લંઘન કરવાનો આરોપ

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું- અમે ગ્રેટાને સહન કરી

(એજન્સી) અમેરિકા તા 16

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વાન્સે જર્મનીને કહ્યું છે કે જેમ અમેરિકાને ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગની ટીકા સહન કરવી પડી હતી, તેવી જ રીતે તેણે ઈલોન મસ્કની પણ આદત પાડવી જોઈએ. અલ જઝીરાના અહેવાલ મુજબ, મ્યુનિક સુરક્ષા પરિષદમાં ભાગ લેવા માટે જર્મનીમાં રહેલા વાન્સે શુક્રવારે કહ્યું કે જ્યારે અમેરિકન લોકશાહી થનબર્ગની ટીકાને 10 વર્ષ સુધી સહન કરી શકે છે, તો તમે મસ્કને પણ થોડા મહિનાઓ સુધી સહન કરી શકો છો. હકીકતમાં, જર્મન નેતાઓ મસ્ક પર યુરોપિયન ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો અને દક્ષિણપંથી પાર્ટી AFDને ટેકો આપવાનો આરોપ લગાવી રહ્યા છે. વાન્સે યુરોપિયન નેતાઓ પર વાણી સ્વાતંત્ર્યને ઓછું કરવાનો આરોપ પણ લગાવ્યો. AFD પાર્ટીએ 25 જાન્યુઆરીએ પોતાનો



### યુરોપિયન દેશોએ તેમની સુરક્ષા પર કામ કરવું જોઈએ

વાન્સે એવા પક્ષો પર પણ સવાલ ઉઠાવ્યા જે ઈમિગ્રેશનની ચિંતાઓ પર ધ્યાન આપ્યા વિના લોકપ્રિય વચનો આપે છે. યુએસ ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે યુરોપે પોતાની સુરક્ષા માટે કામ કરવું જોઈએ. વાન્સે કહ્યું કે યુરોપમાં એક પણ મતદાતાએ લાખો ઈમિગ્રન્ટ્સને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવા માટે મતદાન કર્યું નથી. જર્મનીના દક્ષિણપંથી પાર્ટી (AFD)ને અસ્પૃશ્ય ગણવા બદલ વાન્સે અન્ય પક્ષોની ટીકા કરી. તેમણે આ રાજકીય અલગતાને 'અગ્નિની દિવાલ' તરીકે વર્ણવી. વાન્સે કહ્યું કે લોકશાહીમાં લોકોનો અવાજ મહત્વનો હોય છે.

### વાણી સ્વાતંત્ર્ય બંધ કરવું એ લોકશાહીનો નાશ કરવાનો એક માર્ગ છે

વાન્સે કહ્યું કે યુરોપ માટે સૌથી મોટો ખતરો રશિયા અને ચીનથી નથી, પરંતુ યુરોપથી જ છે. પોતાના 20 મિનિટના ભાષણમાં, વાન્સે જર્મની અને બ્રિટન સહિત ઘણા સાથી યુરોપિયન દેશોની ટીકા કરી. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે યુરોપિયન દેશોમાં સોશિયલ મીડિયા પર સેન્સરશીપ કરવામાં આવી રહી છે. મારું માનવું છે કે મીડિયા પર દબાણ લાવવું, લોકોની ચિંતાઓની પરવા ન કરવી, ચૂંટણીમાં દખલ કરવી જેવી બાબતો લોકશાહીનો નાશ કરવાનો સૌથી નિશ્ચિત માર્ગ છે.

**વાન્સે સ્વીડન અને રોમાનિયાની પણ ટીકા કરી :** વાન્સે રોમાનિયાની પણ ટીકા કરી. યુરોપિયન દેશે ડિસેમ્બરમાં રશિયન હસ્તક્ષેપનો આરોપ લગાવીને ચૂંટણી રદ કરી હતી. તેમણે કુરાનને જાહેરમાં બાળી નાખનાર વ્યક્તિને ગુનેગાર ગણાવવા બદલ સ્વીડનની પણ ટીકા કરી. વાન્સે યુરોપિયન દેશોની સરકારો પર તેમના મૂલ્યોથી પીછેહઠ કરવાનો આરોપ મૂક્યો. તેમણે કહ્યું કે યુરોપ ઈમિગ્રેશનની ચિંતાઓ પર ધ્યાન આપી રહ્યું નથી. વાન્સે યુરોપિયન દેશોને ઈમિગ્રેશન અંગેનો માર્ગ બદલવા હાકલ કરી. તેમણે યુરોપિયન દેશો પર ચૂંટણીમાં દખલ કરવાનો અને ખ્રિસ્તીઓના અધિકારોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો. તેમના ભાષણ દરમ્યાન હોલમાં શાંતિ છવાઈ ગઈ. પોતાના સંબોધનમાં, વાન્સે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વોશિંગ્ટન ડીસીના નવા શેરિફ ગણાવ્યા.

## ઉ. કોરિયાએ અમેરિકા પર પરમાણુ બોમ્બ ઝીંકવા અત્યાધુનિક મિસાઇલ બનાવી,

(એજન્સી) ઉત્તર કોરિયા તા 16

ઉત્તર કોરિયાના તાનાશાહ કિન જોંગ ઉન અમેરિકાને સૌથી મોટો દુશ્મન દેશ માને છે. પેંટાગોનના ટોચના અધિકારીએ ચેતવણી આપી છે કે, ઉત્તર કોરિયા અમેરિકામાં ગમે તે સ્થળે હુમલો કરવાની યોજના બનાવી છે અને તેણે ઈન્ટરકૉન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ(ICBM)ના સીરિયત ઉત્પાદન વધારવાની તૈયારી શરુ કરી દીધી છે. ઉત્તર કોરિયાના તાનાશાહ આ મિસાઈલથી અમેરિકામાં ગમે તે સ્થળે હુમલો કરીને તબાહી મચાવી શકે છે. તેમણે કહ્યું કે, કિમ જોંગ-ઉનનું પ્રશાસન કદાચ અમેરિકા પર પરમાણુ હુમલો કરાવ માટે સક્ષમ મિસાઈલોનું ઉત્પાદન કરી રહ્યું છે. જનરલ ગ્રેગરી ગુઈલોટે ચેતવણી આપી છે અને તેમાં કહ્યું છે કે, ઉત્તર કોરિયાના સોલિડ ફ્યૂલ પ્રોપેલેન્ટ ડિઝાઈનનો અર્થ છે કે, કિમ જોંગ ઉન ઓછા સમયમાં અમેરિકા પર હુમલો કરી શકે છે. અમેરિકાના અધિકારીઓએ 'ઉત્તર કોરિયાએ ઑક્ટોબરમાં હ્વાસોંગ-19 ICBMનું ટેસ્ટિંગ કર્યું હતું. તે જોતાં સંકેત આપ્યા છે, તેમણે ચેતવણી આપી છે કે, પ્યોંગયાંગના નિવેદન પરથી જાણવા મળ્યું છે કે, ઉત્તર કોરિયા 'રિસર્ચ ઍન્ડ ડૅવલપમેન્ટ' તબક્કાને આગળ વધારી બહોળી સંખ્યામાં મિસાઈલોનું ઉત્પાદન કરવા માંગે છે. અમેરિકી અધિકારીએ કહ્યું કે, 'યુક્રેન સામે યુદ્ધ લડતાં ઉત્તર કોરિયાના સૈનિકો જીવ જોખમમાં નાખવાની ક્ષમતા ધરાવે છે અને તેઓ કોઈપણ હદ પાર કરી શકે છે.

## ઇઝરાયલે 369 પેલેસ્ટિનિયન કેદીઓને ટી-શર્ટ પહેરાવીને મુક્ત કર્યા: તેના પર લખ્યું- ન ભૂલીશું, ન માફ કરીશું;

(એજન્સી) તેલ અવીવ તા 16

હમાસની કેદમાંથી ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા બાદ ઈઝરાયલે શનિવારે 369 પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કર્યા. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ, આ કેદીઓને ખાસ પ્રકારની ટી-શર્ટ પહેરાવીને મુક્ત કરવામાં આવ્યા છે. તેના પર લખ્યું છે 'અમે ન ભૂલીશું અને ન માફ કરીશું'. હકીકતમાં, હમાસ દર વખતે ઈઝરાયલી બંધકોની મુક્તિ પહેલાં એક કાર્યક્રમનું આયોજન કરે છે. આમાં, બંધકોને લાવવામાં આવે છે અને તેમને હમાસની પ્રશંસા કરાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં હજારો પેલેસ્ટિનિયનો ભેગા થાય છે. ઈઝરાયલ આનાથી ગુસ્સે છે. આજે હમાસે 3 ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા અને એક કાર્યક્રમનું આયોજન કર્યું. યુદ્ધવિરામ કરાર હેઠળ, આ ત્રણ બંધકોને ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં સવારે 10 વાગ્યે (ઈઝરાયલી સમય) રેડ ક્રોસને સોંપવામાં આવ્યા હતા. આ પછી



તેમને ઈઝરાયલી સેનાને સોંપવામાં આવ્યા. મુક્ત કરાયેલા ત્રણ પુરુષ બંધકોના નામ સાગુઈ ડેકેલ-ચેન, સાશા ટ્રોફાનોવ અને ઈએર હોર્ન છે. ગયા મહિને અમલમાં આવેલા યુદ્ધવિરામ કરાર હેઠળ બંધકો અને પેલેસ્ટિનિયન કેદીઓની આ છઠ્ઠી અદલાબદલી હતી. આ વખતે મુક્ત કરાયેલા ત્રણ ઈઝરાયલી બંધકો ગયા અઠવાડિયે મુક્ત કરાયેલા બંધકો કરતાં સ્વસ્થ હોવાનું જણાયું હતું. હકીકતમાં, ગયા વખતે જે ત્રણ બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતા તેઓ ખૂબ જ પાતળા થઈ ગયા હતા. ઈઝરાયલે પણ હમાસની સ્થિતિ અંગે ટીકા કરી હતી. હમાસે અત્યાર સુધીમાં 19 ઈઝરાયલી અને 5 થાઈ બંધકોને મુક્ત કર્યા છે. IDFએ જણાવ્યું હતું કે, મુક્ત કરાયેલા ત્રણ બંધકો 498 દિવસ પછી ઈઝરાયલ પાછા ફર્યા. આ ત્રણેયને તબીબી તપાસ માટે IDF કેમ્પમાં લઈ જવામાં આવશે. આ પછી તેઓ તેમના પરિવારો સાથે ફરી મળશે. 7 ઓક્ટોબર, 2023ના રોજ હજારો હમાસ લડવૈયાઓએ ઈઝરાયલ પર હુમલો કર્યો અને 1200 લોકોને મારી નાખ્યા. આ સાથે 250થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે કેદીઓના અદલા-બદલી માટેની આ ડીલ 19 જાન્યુઆરીથી શરૂ થઈ હતી. આ ડીલ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે. આમાં, 42 દિવસ સુધી બંધકોની આપ-લે કરવામાં આવશે.

## અમેરિકામાં હવે ટ્રાન્સજેન્ડર સૈન્યમાં ભરતી નહીં થઈ શકે

(એજન્સી) અમેરિકા તા 16

અમેરિકામાં ટ્રાન્સજેન્ડર હવે સેનામાં જોડાઈ શકશે નહીં. અમેરિકાની આર્મીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે. આ ઉપરાંત સૈનિકોને જેન્ડર ચેન્જ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને ન તો સેના જેન્ડર અફર્મિંગ કેરની સુવિધા પૂરી પાડશે. યુએસ આર્મીએ પોસ્ટમાં લખ્યું છે કે, 'ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને હવે સૈન્યમાં જોડાવાની મંજૂરી આપવામાં આવશે નહીં.' સેના સૈનિકો માટે જેન્ડર ચેન્જ પ્રક્રિયાઓ કરવાનું કે તેને સરળ બનાવવાનું બંધ કરશે. અમેરિકન આર્મીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'તાત્કાલિક અસરકારક રીતે જેન્ડર ડિસફોરિયાની હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિઓને સેનામાં જોડાવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. સર્વિસ મેમ્બર માટે જેન્ડર ચેન્જની પુષ્ટિ કરવા અથવા સુવિધા આપવા માટેની બધી તબીબી પ્રક્રિયાઓ બંધ કરી દેવામાં આવી છે. જેન્ડર ડિસફોરિયા ધરાવતા વ્યક્તિઓએ સ્વેચ્છાએ આપણા દેશની સેવા કરી છે અને તેમની સાથે ગૌરવ અને આદર સાથે વ્યવહાર કરવામાં આવશે.' આ જાહેરાત 27મી જાન્યુઆરીના રોજ પ્રમુખ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયેલા એક એક્ઝિક્યુટિવ ઓર્ડરને અનુસરે છે, જેમાં પેન્ટાગોન (યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ)ને 30 દિવસની અંદર ટ્રાન્સજેન્ડર સૈનિકો માટે નીતિ નક્કી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

'અમેરિકામાં ટ્રાન્સજેન્ડર માટે બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પહેલા ભાષણમાં જણાવ્યું હતું કે, 'મારા બીજા કાર્યકાળમાં અમેરિકામાં ટ્રાન્સજેન્ડર માટે કોઈ સ્થાન રહેશે નહીં, હવે ફક્ત બે જ જેન્ડર રહેશે.

## મોદી અને ટ્રમ્પની મુલાકાત વચ્ચે આ વ્હીસ્કીની જકાત 100% ઘટી

(એજન્સી) અમેરિકા તા 16

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટોની અસર હવે દેખાઈ રહી છે. ભારતે અમેરિકન બોર્બોન વ્હિસ્કી પરની આયાત જકાત 150 ટકાથી ઘટાડીને 100 ટકા કર્યો છે. એટલે કે ટેક્સમાં 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ભારતે આ પગલું એવા સમયે લીધું છે. જ્યારે મોદીને મળતા પહેલા ટ્રમ્પે દક્ષિણ એશિયાઈ બજારોમાં ઊંચા કરની ટીકા કરી હતી.ફ અંગે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અન્ય કોઈપણ દેશ કરતાં વધુ ટેક્સ વસૂલ કરે છે. તેમણે હાર્લી ડેવિડસનનું ઉદાહરણ આપ્યું. જેના સંદર્ભમાં તેમણે કહ્યું કે ભારતમાં ઊંચા કરવેરા હોવાને કારણે હાર્લી ડેવિડસનને ભારતમાં જ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવો પડ્યો. જેથી તેને ટેક્સ ન ભરવો પડે. આવી સ્થિતિમાં, એ જાણવું મહત્વપૂર્ણ છે કે ભારતે બોર્બોન વ્હિસ્કી પરનો ટેક્સ કેમ ઘટાડ્યો. આ બોર્બોન વ્હિસ્કીનો ઈતિહાસ શું છે અને તેનું બજાર કેટલું મોટું છે. અમેરિકા બોર્બોન વ્હિસ્કીનો મુખ્ય નિકાસકાર છે અને ભારતમાં તેની આયાતનો લગભગ એક ચતુર્થાંશ ભાગ અમેરિકાથી આવે છે.

# અમેરિકાએ કહ્યું- અમે યુક્રેનમાં કાયમી શાંતિ ઈચ્છીએ છીએ

## યુરોપને કહ્યું- તમારી સુરક્ષા મજબૂત કરો, જેથી અમે અન્ય જોખમો પર ધ્યાન આપી શકીએ

(એજન્સી) મ્યુનિખ તા 16

જર્મનીના મ્યુનિખમાં ચાલી રહેલા સુરક્ષા પરિષદમાં શુક્રવારે યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી સાથે બેઠક કરી હતી. વેન્સે કહ્યું કે અમેરિકા યુક્રેનમાં કાયમી શાંતિ ઈચ્છે છે. અમે એવી શાંતિ નથી ઈચ્છતા જેનાથી આવનારા વર્ષોમાં પૂર્વી યુરોપમાં સંઘર્ષ શરુ થાય. જેડી વેન્સે યુરોપને તેની સુરક્ષાને મજબૂત કરવા માટે પગલાં લેવા હાકલ કરી હતી, જેથી અમેરિકા વિશ્વના અન્ય ભાગો પર તોળાઈ રહેલા જોખમો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. બેઠક પહેલા વેન્સે કહ્યું હતું કે યુરોપે પણ આ બેઠકમાં ભાગ લેવો જોઈએ. અમેરિકા રશિયા પર દબાણ લાવવા તૈયાર છે. મ્યુનિકમાં 14 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી દરમિયાન 3 દિવસીય સુરક્ષા પરિષદ ચાલી રહી છે. યુએસ ઉપરાષ્ટ્રપતિનું કહેવું છે કે તેઓ યુક્રેનમાં એવી શાંતિ ઈચ્છે છે જે કાયમી હોય, એવી નહીં કે જે આગામી વર્ષમાં પૂર્વી યુરોપમાં સંઘર્ષનું કારણ બને. બંને નેતાઓ એકબીજાના દેશોની મુલાકાત લેવા સંમત થયા.




### ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર યુરોપની ટીકા થઈ હતી

યુએસ ઉપરાષ્ટ્રપતિએ ઈમિગ્રેશનના મુદ્દા પર યુરોપિયન સરકારો પર નિશાન સાધ્યું હતું. હાલમાં જર્મનીમાં, એક અફઘાન વ્યક્તિએ પોતાની કારથી લોકોને ટક્કર મારી, જેમાં 36 લોકો ઘાયલ થયા. આ અંગે તેમણે કહ્યું કે આપણે કેટલી વાર આવા ભયંકર આંચકાઓનો સામનો કરવો પડશે. આ એક ભયાનક કહાની છે જે આપણે યુરોપ અને અમેરિકામાં પણ ઘણી વાર સાંભળી છે. ટ્રમ્પે વેન્સને સપોર્ટ કરતા કહ્યું, મેં તેમનું ભાષણ સાંભળ્યું. તેમણે ઈમિગ્રેશન વિશે વાત કરી, જે યુરોપમાં એક મોટી સમસ્યા છે.

## પાકિસ્તાન પાસે છે 40 કરોડ ટન સોનાનો ભંડાર ધરાવતી ખાણ, છતાં નસીબમાં લખી છે ગરીબી

(એજન્સી) ઇસ્લામાબાદ તા 16

પાકિસ્તાન ઈતિહાસની સૌથી ઘેરી આર્થિક કટોકટીમાં પસાર થઇ રહયું છે પરંતુ એ જાણીને નવાઇ લાગશે કે તેની પાસે રેકો દિક નામની સોનાની ખાણ છે એમાંથી સોનું કાઢે તો 40 કરોડ ટન જેટલું છે. આટલું સોનુ તો દુનિયાના કોઇ દેશની ખાણમાં નહી હોય પરંતુ પાકિસ્તાનની કિસ્મત જ ખરાબ રહી છે. ઈરાન અને અફઘાનિસ્તાન સરહદ નજીક એક સુષુપ્ત જવાળામુખી પાસે આવેલી આ રેકો દિક ખાણને ખોદવી અને સોનું કાઢવું એ ઝટ મંગની અને પટ્ટ વિવાહ જેવું સરળ પણ નથી. બલુચિસ્તાનમાં ઘણા સમયથી પાકિસ્તાન સરકાર, આર્મી અને



બલોચ વિદ્રોહીઓ વચ્ચે ઘર્ષણ ચાલે છે. હિંસક વિદ્રોહ ચાલતો જ હતો તેમાં ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) પરિયોજનાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યુ છે. જો બલુચિસ્તાનની સ્થાનિક સરકાર અને લોકો સાથે ખૂબ મુત્સદીથી પાકિસ્તાન સરકાર આગળ વધે તો આવનારા ૫ વર્ષ દરમિયાન તેનું હાલનું દેવું ભરાય જાય એટલું સોનું મળી શકે છે એવું ઘણા માને છે. આ ખાણ માઈનની દુનિયામાં સોના તાંબાનો વિશાળ ભંડારમાંની એક ગણાય છે. ચગાઇ જિલ્લાના રેકો દિક કસ્બાના નામ પરથી ખાણનું નામ પડયું છે. ૧૯૯૫માં પ્રથમવાર રેકો દિકમાંથી ખોદકામ કરવામાં આવ્યું ત્યારે પ્રથમ ચાર માસમાં ૨૦૦ કિલોગ્રામ સોનું અને ૧૭૦૦ ટન તાંબુ મળ્યું હતું. જો કે પછીથી ખાણમાંથી સોનું મેળવવાનો પ્રોજેક્ટ ઘોંચમાં પડતો રહયો. ઈજારેદાર બદલાતા રહયા અને આંતરરાષ્ટ્રીય નિયમો હેઠળ પ્રોજેક્ટ વિવાદમાં પણ આવતો રહયો હતો. ૨૦૧૧માં બે આંતરરાષ્ટ્રીય કંપનીઓને બલુચિસ્તાનની સ્થાનિક સરકાર દ્વારા કરાર રિન્યું કરવામાં ના આવતા આ ખનન પરીયોજના અટકી પડી હતી.પાકિસ્તાનની આર્મીનું નિયંત્રણ ધરાવતી ફ્ન્ટ્રીયર વર્કસ ઓર્ગેનાઇઝેશન પણ આમાં રસ લઇ રહી છે. ચીન અને સાઉદી અરેબિયાની ખાણ કંપનીઓ પણ ઝંપલાવવા ઈચ્છે છે. આમ પણ ચીનની એક કંપની ચાઈના મૈટલ સર્જિકલ ગ્રુપ કોર્પોરેશન રેકો દિક નજીક સેંદક કોપર એન્ડ ગોલ્ડ માઇનનું ખનન કાર્ય કરી જ રહી છે.

## યુક્રેનના ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટ પર રશિયાનો ડ્રોન હુમલો

(એજન્સી) યુક્રેન તા 16

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે રશિયન ડ્રોને ચેર્નોબિલ ન્યુક્લિયર પાવર પ્લાન્ટના ક્ષતિગ્રસ્ત રિએક્ટરની ઉપર સ્થિત રેડિયેશન શેલ્ટરને નિશાન બનાવ્યું હતું. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રાતોરાત હુમલામાં નાશ પામેલા પ્લાન્ટના ચોથા પાવર યુનિટની છત પર આગ ફાટી નીકળી હતી, જેને કાબુમાં લેવામાં આવી હતીચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટ પર રશિયાના ડ્રોન હુમલાને લઈને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ મોટો દાવો કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે શુક્રવાર સવાર સુધી પ્લાન્ટમાં રેડિયેશનનું સ્તર વધ્યું નથી. ઝેલેસ્કીએ ઈન્સ્ટાગ્રામ પર ફૂટેજ પોસ્ટ કર્યું જેમાં વિસ્ફોટ અને કોંક્રિટ અને સ્ટીલની બનેલી વિશાળ કવચને નુકસાન થયેલું જોવા મળ્યું છે. આ કવચ કિરણોત્સર્ગી સામગ્રીના લીકેજને રોકવા માટે બનાવવામાં આવી છે. તે 275 મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રના એનર્જી એજન્સી (IAEA) એ જણાવ્યું હતું કે રાત્રે થયેલા વિસ્ફોટની મિનિટોમાં ફાયર પ્રોટેક્શન કર્મચારીઓ અને વાહનોએ પ્રતિક્રિયા આપી હતી.

# 14 અમેરિકી રાજ્યોએ ટ્રમ્પ અને મસ્ક પર કેસ કર્યો રાષ્ટ્રપતિએ ટેસ્લા ચીફને અમર્યાદિત શક્તિ આપી

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 16

અમેરિકાના 14 રાજ્યોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના નજીકના મિત્ર ઈલોન મસ્ક વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ રાજ્યો ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE)ના વડા તરીકે ઈલોન મસ્કની નિમણૂકથી નારાજ છે. રાજ્યોના મતે, ઈલોને DoGE ચીફ તરીકે પ્રચંડ સત્તા એકઠી કરી છે, જે યુએસ બંધારણનું ઉલ્લંઘન છે. ગુરુવારે વોશિંગ્ટન ડીસીની એક ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા મુકદ્દમામાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા મસ્કને સરકારી કર્મચારીઓને દૂર કરવા અને એક જ વારમાં સમગ્ર વિભાગોને નાબૂદ કરવા માટે આપવામાં આવેલી અમર્યાદિત શક્તિ આ દેશને આઝાદી આપનારા લોકો માટે અત્યંત આઘાતજનક હોત.



### રાષ્ટ્રપતિ પાસે ફેડરલ એજન્સીઓને નાબૂદ કરવાની કોઈ સત્તા નથી

મુકદ્દમામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બંધારણના નિમણૂકો કલમ મુજબ મસ્ક જેવા સત્તા ધરાવતા વ્યક્તિને ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત કરવામાં આવે અને સેનેટ દ્વારા મંજૂરી આપવામાં આવે. બંધારણ યુએસ રાષ્ટ્રપતિને કારોબારી શાખાના માળખા અને સરકારી ખર્ચને સંચાલિત કરતા હાલના કાયદાઓમાં ફેરફાર કરવાનો અધિકાર આપતું નથી.

### DoGE ચીફ બન્યા પછી મસ્ક સામે આ બીજો મુકદ્દમો

DoGE ચીફ તરીકે નિયુક્ત થયા પછી મસ્ક સામે આ બીજો કેસ દાખલ કરવામાં આવ્યો છે. અગાઉ, તેમની સામે મેરીલેન્ડની ફેડરલ કોર્ટમાં પણ બંધારણના ઉલ્લંઘનનો દાવો કરીને કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે આ બે અદ્ભુત અમેરિકનો મારા વહીવટીતંત્ર માટે અમલદારશાહીને નાબૂદ કરવા, નકામા ખર્ચમાં ઘટાડો કરવા, બિનજરૂરી નિયમોને નાબૂદ કરવા અને ફેડરલ એજન્સીઓનું પુનર્ગઠન કરવા માટે કામ કરશે. આ આપણા સેવ અમેરિકા એજન્ડા માટે મહત્વપૂર્ણ છે.

## શું હમાસે પાકિસ્તાનના આતંકી સંગઠન સાથે મિલાવ્યા હાથ?

(એજન્સી) ઈઝરાયેલ તા 16

ઈઝરાયેલ બાદ હમાસ હવે ક્યાંક ભારત તરફ તો દુશ્મનાવટથી નથી જોઈ રહ્યુ ને? આવુ અમે નથી કહી રહ્યા પરંતુ દાવો એવો કરાઈ રહ્યો છે કે તાજેતરમાં પાકિસ્તાન ઓક્યુપાઈટ કાશ્મીરમાં હમાસ અને પાકિસ્તાની આતંકી જૂથો લશ્કર અને જૈશના આતંકીઓ એક મંચ પર આવ્યા હતા અને હમાસના લીડર સાથે આ આતંકીઓએ હાથ મિલાવ્યા છે. તાજેતરમાં પાકિસ્તાનના આતંકી સંગઠન જૈશ-એ- મોહમ્મદે પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીરમાં એક પ્રોગામમાં લશ્કર-એ-તૈયબા અને પેલેસ્ટાઈની આતંકવાદી સંગઠન હમાસ સાથે મંચ શેર કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પોતાના 'દુશ્મન' તરીકે જાહેર કરવામાં આવ્યા. આ પ્રોગ્રામનો એક કથિત વીડિયો પણ વાયરલ થયો છે. જો કે tv9 આ વીડિયોની પુષ્ટિ નથી કરતુ. હાલ આ વીડિયો સામે આવ્યા બાદ ભારતીય ગુપ્તચર એજન્સીઓ પણ એલર્ટ મોડ પર આવી ગઈ છે. આ વીડિયોમાં જૈશ-એ -મોહમ્મદના (JEM) એક નેતા કાશ્મીરની એક્તા અને લડાઈ વિશે બોલતા જોવા મળ્યા લશ્કર-એ- તૈયબા (LET) અને હમાસ પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીર (JEM) એ રાવલકોટમાં એક કાર્યક્રમમાં મંચ શેર કર્યો. આ દરમિયાન તેમના ભાષણમાં જૈશના નેતાઓ એવુ બોલતા જોવા મળ્યા હતા તે કાશ્મીરની લડાઈમાં અમે એકસાથે છીએ અને મોદી અને શાહ તેમના દુશ્મન છે.

# મહાકુંભમાં ફરી ચક્કાજામ, શેરી-રસ્તા બ્લોક

## ચારેકોર માત્ર હોર્નના અવાજ, તંત્ર ફરી હાંફી ગયું : રેલવેએ ઈમરજન્સી પ્લાન લાગુ કર્યો : બેનીગંજ પુલ નીચે સ્થિતિ વણસી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

સાંજના લગભગ સાડા પાંચ વાગ્યા હતા. જનસેન ગંજથી લીડર રોડ સુધીનો આખો રસ્તો ભીડથી જામ થઈ ગયો હતો. ભારે ભીડના કારણે ભક્તો આગળ વધી શકતા ન હતાં. પેસેન્જર માટેના આરામગૃહો મિનિટોમાં ભરાઈ ગયા હતા. સિવિલ લાઈન્સ સ્ટેશન પર પણ હજારો લોકો એકઠા થવા લાગ્યા.પ્રયાગરાજ જંકશન તરફ આવતા ત્રણ કિમી વિસ્તારમાં રસ્તાઓની સ્થિતિ ટીથર્ડ ડ્રોનમાં કેપ્ચર થઈ એટલે પ્રશાસને તુરંત એલર્ટ જાહેર કરી દીધું હતું. સમગ્ર પરિસ્થિતિ મૌની અમાસના દિવસે મચેલી નાસભાગ જેવી થઈ. ગુગલ મેપ પર પણ રેડ એલર્ટ આવી જતાં ચિંતા વધી હતી. ભીડ પણ સતત વધી રહી હતી.

રેલવેએ તાત્કાલિક ધોરણે ઈમરજન્સી પ્લાન લાગુ કર્યો. સાંજે છ વાગ્યે જનસેન ગંજથી સીધા સ્ટેશન જતો લીડર રોડ બંધ કરી દેવામાં આયો. બેરિકેડિંગ લગાવતી વખતે મુસાફરો સાથે ઝપાઝપી થઈ ગઈ. પરંતુ કડાઈથી તમામ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા અને ડાયવર્ઝનના તમામ રૂટને પણ બ્લોક કરવામાં આવ્યા.લાકડા અને ટીનથી તમામ રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા. મુસાફરોને ચોકના માર્ગે સુખરોબાગ મોકલવામાં આવ્યા હતા. સુલેમસરાયથી નકાસ કોહના જઈ રહેલી રીના શર્માએ કહ્યું કે ‘મુંડેરા, સુલેમસરાય, ધુમનગંજનો આખો રસ્તો બ્લોક કરી દેવામાં આવ્યો હતો. જ્યારે હું બેનીગંજ પુલ પરથી નીચે ઉતરી ત્યારે પરિસ્થિતિ ખૂબ જ વણસી હતી.’

### મૌની અમાસ જેવી ભીડ

લુકરગંજ, ખુલદાબાદ, ખુસરોબાગ ગેટથી ચોક સુધીના તમામ રસ્તાઓ પર બેરિકેડ લગાવવામાં આવ્યા. તમામ રસ્તાઓ લાકડા અને ટીન વડે બ્લોક કરી દેવામાં આવ્યા હતા. મુસાફરો ડાયવર્ઝન રૂટ દ્વારા જ પ્રયાગરાજ જંકશન તરફ જવા સક્ષમ હતા. આખા રસ્તા પર મૌની અમાસ જેવી જ ભીડ જોવા મળી.




**100થી વધુ સ્પેશિયલ ટ્રેન મુકાઈ |** રેલવેએ ઈમરજન્સી પ્લાન લાગુ કર્યા બાદ તાબડતોડ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન શરૂ કર્યું હતું. દિશાવાર ટ્રેનો ભીડના અનુક્રમમાં મોકલવામાં આવી. 100થી વધુ સ્પેશિયલ ટ્રેન અને રોજિંદા ટ્રેન સહિત 300થી વધુ ટ્રેનનું સંચાલન કરવામાં આવ્યું. જો કે, જેટલી ઝડપથી ભીડ ઓછી થતી, તેટલી જ ઝડપથી વધુ ભીડ ઉમટી પડી. મિનિટોમાં આરામગૃહો ભરાઈ જતાં હતાં. ડાયવર્ટ રૂટ પર પણ ભક્તોની ઉમટી પડેલી ભીડથી સ્થિતિ પર કાબૂ મેળવવો મુશ્કેલ બન્યો.

**દરેક જગ્યાએ ચક્કાજામ |** કોતવાલી, શાહગંજ, ખુલ્દાબાદ, ખુસરોબાગ સહિતના વિસ્તારોમાં ચક્કાજામ થયો છે. ઈ-રિક્ષા પણ ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ છે. એનસીઆરના સીપીઆરઓ શશિકાંત ત્રિપાઠીએ જણાવ્યું કે, સાંજે છ વાગ્યે ભારે ભીડના કારણે ખુસરોબાગના રસ્તાઓ વાહન વ્યવહાર માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતાં.

### કરોડો હિન્દુઓની આસ્થાનું પ્રતિક મહાકુંભની નિંદા તેમને ભારે પડી શકે

## નકામો છે કુંભ...: લાલુ યાદવની વિવાદિત ટિપ્પણીથી રાજકારણ ગરમાયું, JDUએ કર્યો વિરોધ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર નાસભાગમાં 18 લોકોના મોત પર જેડીયુના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે શોક વ્યક્ત કર્યો છે. તેમજ ઘટના અંગે રેલવે તંત્રને અને રેલવે



મંત્રીને જવાબદારી લેવા અપીલ કરી છે. વધુમાં મહાકુંભના લીધે થઈ રહેલી નાસભાગ અંગેના સવાલ પર લાલુ યાદવે કહ્યું કે, કુંભનો કોઈ અર્થ નથી, નકામો છે...કુંભ... કુંભ...કુંભનો કોઈ મતલબ નથી, બધુ વ્યર્થ છે.

પ્રયાગરાજ ત્રિવેણીમાં અત્યારસુધીમાં 50 કરોડથી વધુ લોકોને પવિત્ર કુંભમાં સ્નાન કર્યું છે. અત્યારસુધીમાં લાખો-કરોડો ભક્તો કુંભ સ્નાન કરી રહ્યા છે. દેશના સામાન્ય લોકોથી લઈને ખાસ વ્યક્તિઓ સુધી દરેક જણ કુંભ સ્નાન કરવા માટે આતુર છે. પરંતુ, વિપક્ષ નેતા લાલુ યાદવના કુંભ સ્નાન પરના નિવેદને રાજકારણમાં ખળભળાટ મચાવી શકે છે. કરોડો હિન્દુઓની આસ્થાનું પ્રતિક મહાકુંભની નિંદા તેમને ભારે પડી શકે છે. ઉલ્લેખનીય છે, લાલુ યાદવ અને તેમનો પરિવાર પણ ખૂબ જ ધાર્મિક છે, પરંતુ કુંભ સ્નાનને લઈને તેમનું આ નિવેદન એક નવા વિવાદને જન્મ આપી શકે છે.કુંભ પર લાલુ યાદવના નિવેદન પર JDUએ તેમને રાજનીતિ ન કરવાની સલાહ આપી છે. જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજને કહ્યું છે કે રાજનીતિને બદલે આપણે એ વાત કરવી જોઈએ કે આપણે કેવી રીતે ઘાયલોને અને મૃતકોના પરિવારોને મદદ કરી શકીએ અને રાજકારણ ન કરીએ. તેમણે કહ્યું કે જનતા દળ યુનાઈટેડ એવા પરિવારોની સાથે છે જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે. જેડીયુના પ્રવક્તાએ કહ્યું કે રેલ્વે મંત્રાલય અને ભારત સરકાર પીડિતોને તમામ સંભવિત મદદ કરવા તૈયાર છે.

## કાશીમાં 26 ફેબ્રુઆરી સુધી ગંગા આરતી નહી થાય, કેમ ?

(એજન્સી) પ્રયાગરાજ । તા. 16

હાલમાં યુપીના પ્રયાગરાજમાં મહાકુંભ ચાલી રહ્યો છે. અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા છે. કરોડોની સંખ્યામાં લોકો ત્યાં પહોંચી રહ્યા છે. પ્રયાગરાજ મહાકુંભની સાથે સાથે લોકો અયોધ્યા અને વારાણસી જઇ રહ્યા છે. ત્યાં પણ લાખોની સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. ત્યારે આ ભીડને લઈને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશના વારાણસીના ગંગા ઘાટ પર ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. ભારે ભીડને ધ્યાનમાં રાખીને વારાણસીના તમામ ઘાટ પર નિયમિત આરતીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પહેલા આ પ્રતિબંધ 15 ફેબ્રુઆરી સુધી હતો પરંતુ સીએમ યોગી આદિત્યનાથની સમીક્ષા બેઠક બાદ આ પ્રતિબંધ 26 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે.મહત્વનું છે કે માઘી પૂર્ણિમાના એક દિવસ પહેલા જ્યારે શહેર પર ભક્તોની વિશાળ ભીડનું દબાણ વધી ગયું, ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું કે ગંગા આરતી પ્રતિકાત્મક રહેશે અને ફક્ત એક જ પૂજારી આ પ્રતીકાત્મક આરતી કરશે. ભક્તોને ઓનલાઈન આરતીમાં જોડાવા અપીલ કરવામાં આવી હતી.મહત્વનું છે કે પ્રયાગરાજ મહાકુંભથી વિપરીત પ્રવાહ દ્વારા કાશી આવી રહેલા લોકો ખાસ કરીને ગંગા આરતી જોવા માટે સાંજે ઘાટ પર પહોંચી રહ્યા છે.

### તપાસ અહેવાલમાં નાસભાગ થવાનું કારણ શું?

## ‘અચાનક મહાકુંભ માટે સ્પેશિયલ ટ્રેનની જાહેરાત થતાં જ નાસભાગ થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે (15મી ફેબ્રુઆરી) મોડી રાત્રે થયેલી નાસભાગમાં 18 લોકો મૃત્યુ નિપજ્યા છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર માટે લોકનાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલ અને લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. નાસભાગમાં જીવ ગુમાવનારાઓમાં 9 મહિલાઓ, 4 પુરુષો અને 5 બાળકોનો સમાવેશ થાય છે. પ્રયાગરાજ મહાકુંભમાં જતા મુસાફરોની ભારે ભીડ સાંજથી નવી દિલ્હી રેલવે સ્ટેશન પર એકઠી થવા લાગી હતી, છતાં વહીવટીતંત્રે સમયસર વ્યવસ્થા અને ભીડ વ્યવસ્થાપનનું ધ્યાન રાખ્યું ન હતું.

અહેવાલો અનુસાર, રેલવેએ કુંભ માટે ખાસ ટ્રેનની જાહેરાત કરી હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. જ્યારે રેલવેએ ભારે ટિકિટ વેચાણ થતા, તેમણે ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો, પરંતુ ભીડને સંભાળવા માટે પૂરતી વ્યવસ્થા નહોતી.પ્રયાગરાજ કુંભ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર 14 પર રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ત્યાં પહેલેથી જ મોટી ભીડ હાજર હતી, અને અન્ય મુસાફરો પણ ત્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

રેલવેએ અચાનક પ્લેટફોર્મ નંબર 16 પરથી એક ખાસ ટ્રેનની જાહેરાત કરી. જે મુસાફરો પહેલાથી જ પ્લેટફોર્મ 14 પર જવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેઓ હવે પ્લેટફોર્મ 16 તરફ પણ દોડવા લાગ્યા, જેના કારણે અફરાતફરી સર્જાઈ હતી. ભીડ બેકાબૂ થઈ ગઈ અને લોકો એકબીજા પર પડવા લાગ્યા. આ નાસભાગનું કારણ બન્યું હતું.

RPFના કર્મચારીઓની તહેનાતી સંતુલિત નહોતી

એર રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના કર્મચારીઓની તહેનાતી સંતુલિત નહોતી, જેના કારણે ભીડને નિયંત્રિત કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ અને પરિસ્થિતિ વધુ ખરાબ થઈ.

## સુપ્રીમે 20 મિનિટ હિન્દીમાં સમજાવી પતિ-પત્નીને એક કર્યા

## પત્ની પર અત્યાચાર કરશો તો અંદામાન જેલમાં જશો : સુપ્રીમે પતિને ખખડાવ્યો



### લગ્ન કરો તો પત્નીના સન્માનની જવાબદારી પણ ઉઠાવવી પડે પોલીસ દરરોજ ઘરે જઈને પત્નીનું નિવેદન નોંધશે : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

પતિ પત્ની પર અત્યાચાર કરતો હોવાથી પત્નીએ સાથે રહેવાની ના પાડી દીધી હતી અને બન્ને અલગ થઈ ગયા હતા, આ સમગ્ર મામલો બાદમાં સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો, સુપ્રીમ કોર્ટે પતિની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે જો પત્ની પર હવે તે કોઈ પણ પ્રકારનો અત્યાચાર કરશે તો તેને અંદામાન જેલમાં મોકલી દેવામા આવશે.

અત્યાચારને કારણે પતિથી અલગ રહેવા માગતી યુપીના મહારાજગંજની મહિલાને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સુર્યકાંત અને ન્યાયાધીશ એન કે સિંહે ૨૦ મિનિટ સુધી હિંદીમાં સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ પતિને પણ આકરી ચેતવણી આપી હતી. દલીલો દરમિયાન મહિલાએ કહ્યું હતું કે મારે મારા પતિની સાથે નથી રહેવું તેણે મને જીવતી સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. જો હું ફરી તેની સાથે રહેવા માટે જઈશ તો જીવિત નહીં રહું પછી કોર્ટ શું કરી લેશે? મારા બે બાળકોનું શું થશે?

પત્નીની દલીલો સાંભળ્યા બાદ ન્યાયાધીશે બાદમાં પતિને ખખડાવ્યો હતો અને કહ્યું હતું કે જો તેણે પત્ની પર ફરી કોઈ પણ પ્રકારનો અત્યાચાર ગુઝારવાનો પ્રયાસ કર્યો કે ત્રાસ આપ્યો તો તેને અંદામાન જેલમાં મોકલી દેવામાં આવશે અને કોઈ પણ કોર્ટ તમને જામીન નહીં આપે. જ્યારે તમે લગ્ન કરો છો ત્યારે પત્નીનો આદર કરવાની જવાબદારી પણ તમારી સાથે જોડાઈ જાય છે. પતિનું ભવિષ્ય તેની પત્ની દ્વારા અપાયેલા વર્તનના સર્ટિફિકેટ પર આધાર રાખે છે. કોર્ટે બાદમાં પોલીસને આદેશ આપ્યો હતો કે તે દરરોજ કપલના ઘરે જઈને પત્નીનું નિવેદન નોંધશે. ૧૫ દિવસ બાદ આ નિવેદનની ડાયરી કોર્ટમાં જમા કરવામાં આવશે. હાલ સુપ્રીમે ખખડાવ્યા બાદ પતિએ સારા વર્તનની ખાતરી આપી હતી અને બન્ને ફરી સાથે રહેવા લાગ્યા હતા.

## બેફામ ટિકિટ વેચાણ,... નાસભાગ અંગેની તપાસમાં 5 કારણ સામે આવ્યાં

### રેલ્વેએ અચાનક પ્લેટફોર્મ નંબર 16 પરથી એક સ્પેશિયલ ટ્રેનની જાહેરાત કરી દીધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

શનિવારે રાત્રે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માતમાં 18 લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં 9 મહિલાઓ, 4 પુરુષો અને 5 બાળકોનો સમાવેશ થાય છે. આમાંથી, સૌથી વધુ 9 બિહારના, 8 દિલ્હીના અને એક હરિયાણાના છે.

આ ઘટના રાત્રે લગભગ 10 વાગ્યે પ્લેટફોર્મ 13 અને 14 પર બની હતી. ઘટના સમયે, પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે હજારો શ્રદ્ધાળુઓ સ્ટેશન પર એકઠા થઈ રહ્યા હતા અને ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તપાસ



અહેવાલ અને કેસ સાથે સંકળાયેલા સૂત્રો અનુસાર, રેલ્વેએ કુંભ માટે એક સ્પેશિયલ ટ્રેનની જાહેરાત કરી હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. જ્યારે રેલ્વેએ ટિકિટ વેચાણમાં ભારે ધસારો જોયો તો એક વિશેષ ટ્રેન દોડાવવાનો અચાનક નિર્ણય કરી લીધો, પરંતુ ભીડને સંભાળવા માટે પૂરતી વ્યવસ્થા નહોતી.પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર 14 પર આવવાની હતી. આ સમયે, ત્યાં પહેલેથી જ મોટી ભીડ હાજર હતી અને અન્ય મુસાફરો પણ ત્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન, રેલ્વેએ અચાનક પ્લેટફોર્મ નંબર 16 પરથી એક સ્પેશિયલ ટ્રેનની જાહેરાત કરી દીધી. જે મુસાફરો પહેલાથી જ પ્લેટફોર્મ 14 પર જવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેઓ હવે પ્લેટફોર્મ 16 તરફ પણ દોડવા લાગ્યા, જેના કારણે અંધાધૂંધી સર્જાઈ. ભીડ બેકાબૂ થઈ ગઈ, અને લોકો એકબીજા પર પડવા લાગ્યા. જેના લીધે નાસભાગ થઈ.

### નાસભાગના 5 કારણ...

તપાસ રિપોર્ટ અનુસાર રેલવે સુરક્ષા દળના જવાનોની તહેનાતીમાં કોઈ સંતુલન દેખાયું નહોતું જેના કારણે ભીડને કાબૂમાં લેવી મુશ્કેલ બની ગયું હતું અને સ્થિતિ બેકાબૂ થઈ ગઈ. તપાસ રિપોર્ટમાં નાસભાગના 5 કારણ સામે આવ્યા છે જે નીચે મુજબ છે...

1. શનિવારે સાંજે અચાનક ભીડ વધી, ક્રાઉડ મેનેજમેન્ટ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું
2. બેફામ ટિકિટોનું વેચાણ, કલાકમાં 1500 ટિકિટો વેચી કાઢી
3. આરપીએફના જવાનોની તહેનાતીમાં ગરબડ
4. અચાનક સ્પેશિયલ ટ્રેનની જાહેરાત કરી દીધી
5. પછી પ્લેટફોર્મ બદલી નાખતાં અફરાતફરી સર્જાઈ

## નવી દિલ્હી રેલવે સ્ટેશન દુર્ઘટના મામલે વળતરનું એલાન, મૃતકોના પરિજનને 10 લાખ ચૂકવશે સરકાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર મહાકુંભમાં જવા માટે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી, જેના કારણે એક મોટો અકસ્માત થયો. હજારો લોકો પ્લેટફોર્મ નંબર 14 અને 16 પર પહોંચ્યા હતા. આ કારણે નાસભાગ થઈ જતાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા. મૃતકાંક વધીને 18 પર પહોંચી ગયો છે. હવે આ મામલે સરકારે નાસભાગ પીડિતોના પરિવારજનો માટે વળતરની જાહેરાત કરી છે. અકસ્માતમાં પરિવારના સભ્યો ગુમાવનારાઓને 10 લાખ રૂપિયા આપવામાં આવશે. ઘાયલોને 2.5 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે જ્યારે સામાન્ય ઈજાગ્રસ્તોને 1 લાખ રૂપિયા આપવામાં આવશે. વળતરની રકમનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ઘટના પર રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વિટર પર લખ્યું, ‘નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર થયેલી દુર્ભાગ્યપૂર્ણ નાસભાગથી હું ખૂબ જ દુઃખી છું.’

## પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર અયોધ્યા જતાં શ્રદ્ધાળુઓની ગાડી ઊભી બસ સાથે અથડાઈ, 4ના મોત

(એજન્સી) બારાબંકી । તા. 16

બારાબંકીમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર મોટી દુર્ઘટના સર્જાઈ છે. રસ્તા પર બંધ પડેલી બસ સાથે પાછળથી આવી રહેલી એક મિની બસ અથડાઈ જતાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે છ ઈજાગ્રસ્ત થયા હતા. આ મિની બસ શ્રદ્ધાળુઓને લઈને મહારાષ્ટ્રથી અયોધ્યા જઈ રહી હતી.મીડિયા રિપોર્ટ અનુસાર, આ અકસ્માત બારાબંકીના લોની કટરામાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે 21/7 પર થયો હતો. જ્યાં બંધ પડેલી બસ રસ્તા પર ઉભી હતી. ત્યારે અચાનક પાછળથી ફૂલ સ્પીડે આવી રહેલી મિની બસ બેકાબૂ બનતાં અથડાઈ હતી. જેમાં 18 લોકો સવાર હતાં. તમામ મહારાષ્ટ્રથી અયોધ્યા જઈ રહ્યા હતા. જેમાંથી ચારના ઘટનાસ્થળે જ મોત થયા હતાં. જ્યારે અન્ય છ ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. બારાબંકીના એસપી દિનેશ સિંહે જણાવ્યું કે, રવિવાર સવારે પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર આ દુઃખદ ઘટના બની હતી. જેમાં ચાર લોકોના ઘટનાસ્થળે મોત થયા હતાં. મૃતકોના શબ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે ઘાયલોને સારવાર અર્થે સીએચસી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.



### મિરઝાપુર-પ્રયાગરાજ હાઈવે પર ભીષણ અકસ્માત

શનિવારે પ્રયાગરાજમાં પણ ભીષણ અકસ્માત સર્જાયો હતો. મિરઝાપુર-પ્રયાગરાજ હાઈવે પર એક બોલેરો અને બસ વચ્ચે ભીષણ અકસ્માત થતાં બોલેરોમાં સવાર 10 લોકો મૃત્યુ પામ્યા હતાં. બોલેરોમાં સવાર તમામ યાત્રી છત્તિસગઢના કોરબા જિલ્લાના હતા. તેઓ મહાકુંભમાં સ્નાન કરી પરત ફરી રહ્યા હતાં. જ્યારે બસમાં મધ્યપ્રદેશના રાજગઢના લોકો હતો. તેઓ મહાકુંભમાં સ્નાન કરવા જઈ રહ્યા હતા. બસમાં સવાર 19 લોકો ઘાયલ થયા હતાં.

## લોન ફ્રોડમાં રૂ. 30 કરોડની એસેટ ઈડીએ બેન્કને પરત કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

તેલંગણાની રિફાઈનરી કંપનીના રુ. ૧૯૦ કરોડના લોન ફ્રોડ કેસમાં રુ. ૩૦ કરોડથી પણ વધુ રકમની એસેટ્સ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને સુપ્રદ કરી છે. આ લોન ફ્રોડ શીતલ રીફાઈનરીઝ લિમિટેડ નામની કંપની અને અન્ય સંલગ્ન એકમોએ કર્યો હતો. ઈડીની હૈદરાબાદ ઝોનલ ઓફિસે શીતલ રિફાઈનરીઝ લિમિટેડ અને અન્યના કેસમાં ટાંચમાં લીધેલી રુ. ૩૦.૭૧ કરોડની રકમની પ્રોપર્ટીઝ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને સુપ્રદ કરવાની પ્રક્રિયા પૂરી કરવામાં સફળતા મેળવી છે. કંપનીએ એસબીઆઈ અને પંજાબ નેશનલ બેન્કની આગેવાની હેઠળના કોન્સોર્ટિયમ પાસેથી ક્રેડિટ ફેસિલિટીઝનો લાભ લીધો હતો, તેના પછી આ ક્રેડિટ ફેસિલિટીઝ નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ)માં પરિવર્તીત થઈ હતી. ફર્મે બનાવટી અને નકલી ઈનવોઈસીસના આધારે આ બેન્કો પાસેથી છેતરપિંડીપૂર્વક ૨૧ લેટર્સ ઓફ ક્રેડિટ મેળવ્યા હતા. કંપનીઓ કોઈપણ પ્રકારનો કાયદેસરનો પુરવઠો પૂરો પાડયા વગર કે ધંધાકીય વ્યવહાર વગર આ પ્રકારના ઈનવોઈસ બનાવ્યા હોવાનો આક્ષેપ છે. એસઆરએલના પ્રમોટરોએ છેતરપિંડીપૂર્વક મેળવેલા લેટર્સ ઓફ ક્રેડિટ ની રકમ એસઆરએલના બેન્ક ખાતાની સાથે તેમના પોતાના ખાતામાં અને કુટુંબના સભ્યોના ખાતામાં જમા કરાવી હતી.

## નવી દિલ્હીમાં રેલવે સ્ટેશને નાસભાગ મામલે વિપક્ષ આક્રમક, સરકારને કર્યો સવાલ- જવાબદાર કોણ?

### સ્થિતિ બેકાબૂ...

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર શનિવારે મોડી રાત્રે થયેલી નાસભાગની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. X પરની એક પોસ્ટમાં તેમણે કહ્યું, ‘નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર થયેલી ભાગદોડથી હું દુઃખી છું.’ જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું. અધિકારીઓ નાસભાગથી પ્રભાવિત તમામ લોકોને મદદ કરી રહ્યા છે. જોકે વિપક્ષે આ મામલે મોદી સરકાર સામે આકરા સવાલો ઊઠાવ્યાં હતા. ઉલ્લેખનીય છે કે નાસભાગની આ ઘટનામાં મૃતકાંક હવે 18 પર પહોંચી ગયો છે. આ મામલે કોંગ્રેસે ટ્વિટ કરતાં લખ્યું કે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર મહાકુંભમાં જઈ રહેલા ઘણા શ્રદ્ધાળુઓના મૃત્યુના સમાચાર અત્યંત દુઃખદ છે. કોંગ્રેસ પરિવારની સંવેદનાઓ પીડિત પરિવારો સાથે છે. આ દુઃખની ઘડીમાં, ભગવાન શોકગ્રસ્ત પરિવારોને શક્તિ આપે અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવા દે. આ સાથે કોંગ્રેસે સવાલ કર્યા કે જો સરકારને ખબર હતી કે




મહાકુંભ ચાલી રહ્યો છે, તો તે સમય દરમિયાન વધુ ટ્રેનો કેમ ન દોડાવવામાં આવી? રેલ્વે સ્ટેશન પર ભીડને નિયંત્રિત કરવા માટે કોઈ વ્યવસ્થા કેમ કરવામાં આવી ન હતી? આ અકસ્માત માટે કોણ જવાબદાર છે?

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે સરકારને સવાલ કર્યો, ‘શું અમારા જીવનનું કોઈ મહત્વ નથી?’ દિલ્હી રેલ્વે સ્ટેશન પર ગેરવહીવટને કારણે નાસભાગમાં ઘણા લોકોના મોત થયા. શું આ મૃત્યુ માટે કોઈ જવાબદાર હશે? જો તમે મહાકુંભમાં મૃત્યુ પામો છો, તો એવું કહેવાય છે કે તમને મોક્ષ પ્રાપ્ત થયો છે. હવે સરકાર પૂછશે કે તમને સ્ટેશન પર આવવાનું કોણે કહ્યું હતું? વ્યક્તિ જીવે કે મરે, સરકારની છબિ જ બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

### આતિશીએ તાક્યું નિશાન

આતિશીએ X પર લખ્યું, ‘મહાકુંભ માટે જતા ભક્તો સાથે આવી ઘટના અત્યંત દુઃખદ છે. કેન્દ્ર સરકાર કે યુપી સરકારને લોકોની સલામતીની ચિંતા નથી. પ્રયાગરાજમાં કોઈ વ્યવસ્થા નથી, કે દેશના વિવિધ રાજ્યોમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટે કોઈ નક્કર ટ્રાફિક વ્યવસ્થા નથી. હું રેલ્વે વિભાગને વિનંતી કરું છું કે તેઓ શક્ય તેટલી વહેલી તકે લોકોને મદદ કરે.

### રાજદ નેતા પણ ભડક્યા

આરજેડી નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે કહ્યું, ‘નવી દિલ્હી રેલવે સ્ટેશન પર અરાજકતા અને નાસભાગને કારણે થયેલા અકાળે મૃત્યુથી હું દુઃખી છું. આટલા સરકારી સાધનો હોવા છતાં પણ નાસભાગમાં ભક્તોના મોત થઈ રહ્યા છે અને ડબલ એન્જિન સરકાર આ કમનસીબ ઘટનાઓને ઢાંકીને પીઆર કરવામાં વ્યસ્ત છે. સામાન્ય લોકો અને શ્રદ્ધાળુઓને બદલે સરકારનું ધ્યાન મીડિયા મેનેજમેન્ટ, વીઆઈપી લોકોની સુવિધા અને તેમની વ્યવસ્થાઓ સુધી જ સીમિત છે. દુઃખની આ ઘડીમાં મારી સંવેદના શોકગ્રસ્ત પરિવાર સાથે છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માને શાંતિ આપે અને ઘાયલો ઝડપથી સાજા થાય. ઓમ શાંતિ ઓમ.’

## ગિયોડમાં તસ્કરો ત્રણ ભેંસ અને પાડીની ચોરી કરી ફરાર

ગાંધીનગર | ગીયોડ ગામમાં એક જ રાતમાં ત્રણ જેટલી ભેંસોની ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. પશુપાલનનો વ્યવસાય કરતા વિષ્ણુજી ચેહરાજી ઠાકોર દ્વારા ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગઈકાલે રાત્રિના સમયે તેઓ આઠ વાગે વાડામાંથી ઘરે ગયા હતા અને ત્યારબાદ આજે વહેલી સવારે તેઓ વાડામાં પહોંચ્યા ત્યારે તેમાં રહેલી ત્રણ ભેંસ અને એક પાડી જણાઈ ન હતી. જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરવા જતા તેનો ક્યાંય પતો લાગ્યો ન હતો અને આ સંદર્ભે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ કરવા માટે પહોંચ્યા હતા.

## ઓનલાઇન પાણી વેરાની ખામી અંતે દૂર કરી દેવાઇ


ગાંધીનગર | શહેરમાં પાટનગર યોજના વિભાગ દ્વારા એકતરફ પાણી વેરાની એડવાન્સ વસૂલાત માટે બિલો મોકલવાનું શરૂ કરવામાં આવ્યું છે. બીજીરફ પ્રથમવાર અમલી બનાવાયેલી ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમમાં રીસિપ્ટ જનરેટ નહીં થવા મામલે સર્જાયેલી ખામી પણ આખરે દૂર કરી દેવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર વિસ્તારોમાં હજુ પણ પાટનગર યોજના વિભાગ દ્વારા પાણી વિતરણની કામગીરી સંભાળવામાં આવે છે. જેના બદલ દર વર્ષે પાણી- ડ્રેનેજ વેરાની વસૂલાત કરવામાં આવે છે.

### 66 નગરપાલિકા, 3 તાલુકા પંચાયત અને 1 મહાનગરપાલિકા માટે કુલ 5084 ઉમેદવારોનું ભાગ્ય ઈવીએમમાં કેદ

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન પૂર્ણ, તમામ ઉમેદવારોનું ભાવી EVMમાં સીલ

(એજન્સી) ગાંધીનગર | તા. 16

ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું. ત્યારે 66 નગરપાલિકા, 3 તાલુકા પંચાયત અને 1 મહાનગરપાલિકા માટે કુલ 5084 ઉમેદવારોનું ભાગ્ય ઈવીએમમાં કેદ થયું છે. લગભગ 38 લાખ જેટલા મતદારો આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય થશે. અત્યાર સુધીમાં સ્થાનિક સ્વરાજ્યની કુલ 213 બેઠકો બિનહરિફ જાહેર થઈ ચૂકી છે. જ્યારે જૂનાગઢ મહાનગરપાલિકાની 15 વોર્ડની 60 બેઠકોમાંથી 8 બેઠકો બિનહરિફ જાહેર છે. જોકે રાજ્યમાં મતદાન વચ્ચે અનેક જગ્યાએથી ઈવીએમ ખોટકાયાની ફરિયાદો મળી હતી. ધંધૂકા અને જામનગરમાં તો બે વરરાજા મતદાન કરવા પહોંચ્યા હતા. તેમની સાથે તેમના પરિજનો પણ મતદાન કરવા પહોંચ્યા હતા. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે. રાજ્યની કુલ 66 નગરપાલિકાની 1844 બેઠકો, 2 નગરપાલિકાઓની 72 બેઠકો અને જૂનાગઢ મનપાની 52 બેઠકો પર મતદાન થયું. હાલ આ બેઠકો પરના તમામ ઉમેદવારોનું ભાવી EVMમાં સીલ થયું છે. 6 વાગ્યા સુધીનું સરેરાશ 56.60 ટકા મતદાન થયું છે. હવે આગામી 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.




### રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુર્ણ થઇ અને લોકશાહિના પર્વમાં સૌ મતદારોએ ભાગ લીધો તે બદલ સૌ મતદારોનો આભાર : સી.આર.પાટીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાઇ હતી જેમાં 66 નગરપાલિકા,3 તાલુકા પંચાયત,1 મહાનગરપાલિકા માટે આજે મતદાન યોજાયું હતું. સ્થાનિક સ્વારજ્યની ચૂંટણીમાં આજે મતદાન પુર્ણ થતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ગુજરાતની જનતા હમેંશા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રત્યે વિશ્વાસ દાખવે છે અને જન સેવાકીય કાર્યો કરવા માટે ભાજપના ઉમેદવારો પ્રત્યે વિશ્વાસ દાખવે છે. આજની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં પુર્ણ થયુ છે તે બદલ તમામ મતદારોનો આભાર વ્યકત કરુ છું. વર્ષ 2047માં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા માટે આપણે સૌ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથને વધુ મજબૂત કરી સાથ-સહકારની વધુ એક ગેરંટી આપી છે તે બદલ આભાર.

### પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરે કર્યું મતદાન

અમરેલી-રાજુલા શહેરમા પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર પરિવાર સાથે મતદાન કર્યું. વોર્ડ નંબર 6માં મતદાન કરવા કુમાર શાળા નંબર-1 પર પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરે પરિવાર સાથે મતદાન કર્યું હતું. આ દરમિયાન તેમણે મતદારોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી. આ વખતે સંપૂર્ણ બહુમતી ભારતીય જનતા પક્ષની રહેશે તેવું જણાવ્યું હતું.

**અમરેલી પોલીસની પ્રશંસનીય અને સેવાકીય કામગીરી :** અમરેલી જિલ્લામાં મતદાન દરમિયાન પોલીસનો અલગ જ ચહેરો સામે આવ્યો છે. ચલાલા પોલીસ સાચા અર્થમાં પ્રજા મિત્ર બનતી નજરે પડી હતી. પોલીસ કર્મચારીઓ વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગ મતદારોને મદદ કરતા જોવા મળ્યા હતા.

### મહેમદાવાદ નગરપાલિકા ચૂંટણી : પીધેલા ચૂંટણી અધિકારી સામે ફરિયાદ

રાજ્યમાં ચાલી રહેલ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીમાં ખેડા જિલ્લાના મહેમદાવાદમાં એક પ્રિસાઈડિંગ ઓફિસર ઈલેક્શન ડ્યુટીમાં જ દારૂ પીધેલ હાલતમાં પકડાયા છે. ખેડા જિલ્લાના મહેમદાવાદમાં નગરપાલિકાની ચૂંટણી દરમિયાન પીધેલા ચૂંટણી અધિકારી વીરેન્દ્ર સુખાભાઈ બારિયા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેઓ મહેમદાવાદ પ્રાથમિક કન્યા શાળામાં ફરજ પર હતા. પીધેલી હાલતમાં ફરજ બજાવતાં અધિકારીને તાત્કાલિક હટાવવામાં આવ્યા હતા. તેનાથી ચૂંટણી પ્રક્રિયામાં વિઘ્ન આવ્યો હતો. વળી, બારિયા રાસ્કા સરકારી પોલિટેક્નિક, ખેડા ખાતે લેક્ચરર તરીકે પણ ફરજ બજાવે છે. મહેમદાવાદ પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

**લુણાવાડામાં મતદાન મથકે માથાકૂટ :** બીજી બાજુ લુણાવાડામાં ભાજપ અને કોંગ્રેસના એજન્ટો વચ્ચે મતદાન મથકે બોલાચાલીના દ્દશ્યો જોવા મળ્યો હતા. અહીં વોર્ડ નંબર 4 પર બે એજન્ટો બાખડ્યા હતા.

**ખેડામાં ચૂંટણી અધિકારી દારૂ પીને પહોંચ્યા :** ખેડામાં સ્થાનિક એકમની ચૂંટણી વચ્ચે એક ચોંકાવનારી ઘટના જોવા મળી. વોર્ડ નંબર 5 પર પ્રિસાઈડિંગ ઓફિસર દારૂ પીને ડ્યુટી કરવા પહોંચ્યા હતા.

**અમદાવાદમાં ઘાટલોડિયામાં પેટાચૂંટણી :** અમદાવાદમાં ઘાટલોડિયામાં પેટાચૂંટણીનો માહોલ જામ્યો છે. અહીં એએમસી ડેપ્યુટી મેયર જતિન પટેલે મતદાન કર્યું હતું. તેમણે આ દરમિયાન કહ્યું કે ઉત્સાહથી મતદાન કરવું.

**જાફરાબાદ શહેરમાં ધારાસભ્ય હીરા સોલંકી મતદાન કરવા પહોંચ્યા :** અમરેલીના જાફરાબાદ શહેરમાં ધારાસભ્ય હીરા સોલંકી વોર્ડ નંબર 6માં આવેલી તાલુકા શાળામાં મતદાન કરવા પહોંચ્યા હતા. તેમની સાથે તેમના પત્ની પણ હાજર હતા. તેમણે મતદારોને ઉત્સાહપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

**વલસાડમાં ભાજપને વોટ આપતો વીડિયો વાઈરલ**

જ્યારે વલસાડથી એક વીડિયો વાઈરલ થઇ રહ્યો છે જેમાં વોર્ડ નંબર 2માં ભાજપને વોટ આપતા દશ્યો કેમેરામાં કેદ થયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ભાજપની પેનલને વોટ આપતો વીડિયો વાઈરલ છે. જોકે હજુ સુધી આ વીડિયોની પુષ્ટી થઈ શકી નથી.

**જેતપુર વોર્ડ નંબર 5 અને 8માં EVM ખોટવાયા**

રાજ્યમાં સ્થાનિક એકમોની ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે ત્યારે જેતપુરમાં ઈવીએમ ખોટકાયાની માહિતી સામે આવી છે. અહીં વોર્ડ નંબર 5 અને 8માં ઈવીએમ ખોટકાઈ જતાં મતદારોની લાંબી લાઈન સર્જાઈ હતી અને મતદાન અટવાઈ ગયું હતું.

## બોગસ બિલિંગથી 39 કરોડની ટેક્સ ચોરીમાં સ્પેરપાર્ટ્સ વેપારીની ધરપકડ

અમદાવાદ | સીજીએસટીના અધિકારીઓએ શીલજ આર્યમાન બંગ્લોઝમાં રહેતા મનોજ સુખલાનીની જીએસટી ચોરીમાં ધરપકડ કરી છે. મનોજે મોટર સ્પેરપાર્ટ્સ અને આયાત-નિકાસની બે પેઢી બનાવી તેના નામે બોગસ બિલો બનાવી તેની ખોટી ક્રેડિટ લઈ રૂ.38.80 કરોડની ચોરી કરી છે. સીજીએસટી અધિકારીઓએ મનોજની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ આદરી છે. સીજીએસટી નોર્થ વિંગે લાંબા સમય બાદ બોગસ બિલિંગ અને બોગસ ક્રેડિટ લેવાના ગુનામાં એકની ધરપકડ કરી છે. સિંધુભવન રોડ પર વેસ્ટપોર્ટ બિલ્ડિંગના 12 માળે સાલ્વીનો એક્ઝિમ નામની ઓફિસ ધરાવતા મનોજ સુખલાની કરચોરી સંદર્ભે ધરપકડ કરી છે. બુદ્ધવિહાર શોપિંગ સેન્ટર રનોડા, ધોળકા અને સહજાનંદ કોમ્પ્લેક્સ ઉજાલા સર્કલ ખાતે ધંધાના અન્ય એકમ આવેલાં છે. તેઓ મોટર સ્પેરપાર્ટ્સનું મેન્યુફેક્ચરિંગ અને સપ્લાયનો ધંધો બતાવી દિલ્હી એનસીઆર વિસ્તારની કંપનીઓને રૂ.8.72 કરોડના બોગસ બિલો આપ્યા હતા. આ વ્યવહારોના આધારે રૂ.28.70 કરોડની બોગસ આઈટીસી લઈ લીધી હતી. મનોજ સુખલાનીએ એક જ નહીં પરંતુ આયાત નિકાસનો એસ.એમ. ગ્લોબલ એક્સપોર્ટ એન્ડ ઈમ્પોર્ટ નામનો સનાથલ સર્કલ પાસે સતનામ એસ્ટેટમાં વ્યવસાય બતાવ્યો હતો.

# USAથી ડીપોર્ટ કરાયેલા વધુ 8 ગુજરાતીઓ અમદાવાદના એરપોર્ટ ઉપર પહોંચ્યા



(એજન્સી) અમદાવાદ | તા. 16

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલ વધુ ભારતીયોની વતન વાપસી થઈ છે,અમેરિકાથી અમૃતસર અને અમૃતસરથી અમદાવાદ એરપોર્ટ પર ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલા લોકો પરત ફર્યા છે,કલોલના બે અને માણસાના એક વ્યક્તિને ડિપોર્ટ કરાયા છે.અગાઉ 5 ફેબ્રુઆરીએ 104 ભારતીયોને લઈ વિમાન અમદાવાદ એરપોર્ટ પર આવ્યું હતું જેમાં 33 ગુજરાતીઓ પરત ફર્યા હતા.અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા બાદ પરત આવેલા ગુજરાતીઓને જે તે જિલ્લાની પોલીસ લઈ જશે વતન અને તેમની પૂછપરછ પણ કરી શકે છે.ડિપોર્ટ કરાયેલા 116 ભારતીયો સાથે US એરફોર્સનું પ્લેન મોડી રાત્રે અમૃતસર આવ્યું હતું. આ પહેલા અમેરિકાએ ગયા સપ્તાહે 104 ગેરકાયદે વસાહતીઓને ભારત પરત મોકલ્યા હતા. તેમા ગુજરાત અને હરિયાણાના 33-33 અને પંજાબના 30 હતા. પંજાબ અને બીજા કેટલાય રાજ્યના લોકો ડંકી રુટે અમેરિકામાં ઘૂસ્યા હતા.ભારત આવવા 119 ગેરકાયદે વસાહતીઓને લઈને ઉપડેલી ફ્લાઈટ્સે પનામામાં રોકાણ કર્યુ હતું. પનામામાં કોઈ બીજા દેશના ગેરકાયદે વસાહતીઓને લઈને ઉતરેલી આ પ્રથમ ફ્લાઈટ હતી. પનામાએ અમેરિકાને ગેરકાયદે વસાહતીઓને મોકલવા માટે સ્ટોપઓવર તરીકેની ઓફર કરી હતી.

## બુટલેગરે ઘરમાં મંદિર સામે ફ્લોરિંગ નીચે છુપાવેલો દારૂનો જથ્થો પકડાયો; બુટલેગરની ધરપકડ

અમદાવાદ | પોલીસથી છુપાવીને દારૂ લાવવા અને સંતાડવા માટે બુટલેગરો રોજે રોજ અવનવા કીમિયા અજમાવે છે. કૃષ્ણનગરમાં રહેતા બુટલેગરે પોલીસથી બચવા માટે રૂમમાં મંદિરની બરાબર સામે જ અંડર ગ્રાઉન્ડ હાઈડ્રોલિક દરવાજાવાળું ગોડાઉન બનાવ્યું હતું. ક્રાઈમ બ્રાંચેની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ગોડાઉન પકડી પાડીને દારૂ-બિયરની 107 બોટલ સાથે બુટલેગરને ઝડપી લીધો હતો. કૃષ્ણનગરના શક્તિ ચોક વિસ્તારમાં રહેતા બુટલેગર સુધીર મુકેશભાઈ ગઢવીએ મકાનમાં દારૂનો જથ્થો છુપાવી રાખ્યો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડ્યો હતો. જોકે પોલીસે તપાસ કરતા તેના ઘરમાંથી દારૂની એક પણ બોટલ મળી આવી ન હતી. જ્યારે પોલીસે તપાસ કરતા એક રૂમમાં ટાઈલ્સ થોડી ખુલ્લી દેખાતી હતી, જેથી પોલીસે ત્યાં જઈને તપાસ કરી તો તે ટાઈલ્સ નહીં, પરંતુ અંડર ગ્રાઉન્ડ ગોડાઉનનો હાઈડ્રોલિક દરવાજો હતો. પોલીસે ટાઈલ્સ ખોલીને જોયું તો અંદરથી દારૂની 80 બોટલ અને બિયરનાં 20 ટિન મળીને 108 બોટલ - ટિન (કિંમત રૂ.40 હજાર) મળી આવ્યાં હતાં. આ સાથે પોલીસે બુટલેગર સુધીર ગઢવીની ધરપકડ કરી હતી.

### બે દિવસ પછી ગરમીનો પારો 35થી 36 ડિગ્રી વટાવી શકે છે

અમદાવાદ | અમદાવાદ સહિત રાજ્યભરમાં નીચલા લેવલે ભેજનું વાતાવરણ સર્જાતા લઘુતમ તાપમાનમાં નજીવો ઘટાડો થયો છે. તેની સાથે જ શનિવારે પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના પવન શરૂ થવાની સાથે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં વધારો થયો હતો. હજુ ભેજયુક્ત વાતાવરણને પગલે આગામી 2 દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન 16 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. તેની સાથે જ બે દિવસ સુધી લઘુતમ કે મહત્તમ તાપમાનમાં વધુ ફેરફાર થવાની શક્યતા નથી. બે દિવસ બાદ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતા 3.6 ડિગ્રી વધીને 34.7 ડિગ્રી નોંધાયું હતું જ્યારે લઘુતમ તાપમાન 15.2 ડિગ્રી નોંધાયું હતું.

### પ્રોપર્ટી ટેક્સ નહીં ચૂકવતી 398 મિલકત સીલ કરાઈ

અમદાવાદ | દક્ષિણ પશ્ચિમ ઝોનમાં મ્યુનિ.એ ટેક્સ નહીં ચૂકવતા કોમર્શિયલ મિલકત માલિકો સામે ઝુંબેશ શરૂ કરી છે. શનિવારે એક જ દિવસમાં 398 મિલકતો સીલ કરાઈ અને 67.83 લાખ રૂપિયા ટેક્સ પેટે વસૂલ કરાયા છે. પ્રહલાદનગરમાં આવેલા સ્ટાર હાઉસ, આનંદનગરના વિનસ એટ્લાન્ટિસ, જુહાપુરાના ગ્રીન પ્લાઝા, મકતમપુરાના સનરાઈઝ આર્કેડ, સરખેજના અલ હસન કોમ્પ્લેક્સ સહિતના જુદા-જુદા વિસ્તારમાં આવેલી મિલકતો સીલ કરવામાં આવી છે. દક્ષિણ પશ્ચિમ ઝોનના ટેક્સ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, રહેણાંક મિલકતોના મોટા બાકીદારોની મિલકતોના પાણી અને ડ્રેનેજના કનેક્શન કાપવામાં આવશે. બિનગંભીર ડિફોલ્ટરો સામે પ્રોપર્ટી હરાજી સુધીની પ્રક્રિયા પણ કરવામાં આવશે.

# મકાનભાડામાં અમદાવાદ સૌથી મોંઘું, શેલા, બોપલ જેવા વિસ્તારમાં 2 BHKનું ભાડું 21થી 23 હજાર

**મેજિક બ્રિક્સના અહેવાલ મુજબ ભાડાની આવક મેળવતા લોકોમાં NRIનો 25 ટકા હિસ્સો**



(એજન્સી) અમદાવાદ | તા. 16

કોર્પોરેટ, મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રમાં છેલ્લા કેટલાક સમયથી રોજગારીના પ્રમાણમાં વધારો થયો છે. તેના પરિણામે મકાનભાડું વધ્યું છે. અમદાવાદમાં દેશમાં સૌથી વધુ મકાનભાડું છે. શેલા, બોપલ, ગોતા જેવા વિસ્તારોમાં 2 બીએચકેનું માસિક ભાડું સરેરાશ 21થી 23 હજાર છે. દેશના ટોચના 13 શહેરોમાં પ્રોપર્ટીની વેલ્યુના 3.9 ટકાના દરે સૌથી વધુ ભાડું મળે છે. મેજિક બ્રિક્સના અહેવાલ મુજબ, દેશના અન્ય શહેરોમાં ભાડાની આવકનો સરેરાશ દર 3.62 ટકા છે. જ્યારે અમદાવાદ લગભગ 4 ટકા સાથે મોખરે છે. મકાનની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો હોવા છતાં અમદાવાદમાં હાઉસિંગ ક્ષેત્રે રોકાણ વધી રહ્યું છે. આ માટેનું મુખ્ય કારણ પ્રોપર્ટી કમાણીનું માધ્યમ બનાવાની સાથે સલામત રોકાણમાં પણ આવે છે. ભાડાની આવક મેળવતા લોકોમાં સ્થાનિક ઉપરાંત એનઆરઆઈનો 25થી 30 ટકા હિસ્સો છે. રોજગારી માટે બહારથી આવીને લોકો વસતા હોવાથી મકાનભાડાં વધી રહ્યા છે. ઉપરાંત



સેટેલાઈટ, પ્રહલાદનગર, નવરંગપુરા, સાઉથ બોપલ જેવા વિસ્તારોમાં ભાડે મળતા મકાનની અછત હોવાને લીધે પણ ભાડા વધ્યા છે. આ વિસ્તારોમાં 2 બીએચકેનું સરેરાશ ભાડું 21થી 23 હજાર બોલાય છે. અમદાવાદમાં પ્રોપર્ટીની સરેરાશ કિંમત પ્રતિ ચોરસ ફૂટ રૂ.5927 છે. જ્યારે સરેરાશ ભાડાની કિંમત ગતવર્ષની તુલનામાં 16.9 ટકા વધીને રૂ.19.35 પ્રતિ ચોરસ ફૂટ થઈ છે. મકાનની કિંમતમાં વધારો થવાની સાથે પોશ વિસ્તારમાં ભાડાની માગમાં ઝડપી વધારો થતા મકાનભાડાંમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. અમદાવાદ પ્રોપર્ટી માર્કેટમાં ભાડાની આવક માટે આકર્ષક બન્યું છે. જેમકે સેટેલાઈટ, નવરંગપુરા અને પ્રહલાદનગ જેવા પ્રાઈમ લોકેશનમાં મોટા પાયે ડિમાન્ડ છે. શહેરમાં ભાડાની માગ વાર્ષિક ધોરણે સરેરાશ 18.07 ટકા વધી છે. જ્યારે ભાડાની પ્રોપર્ટી સપ્લાયમાં 5.8 ટકાનો ઘટાડો થયો છે. પસંદગીના વિસ્તારમાં ભાડાના મકાન મળવા મુશ્કેલ છે.

**ભાડામાં વાર્ષિક ધોરણે સરેરાશ 18 ટકા વધારો |** અમદાવાદમાં પ્રોપર્ટીની સરેરાશ કિંમત પ્રતિ ચોરસ ફૂટ રૂ.5927 છે. જ્યારે સરેરાશ ભાડાની કિંમત ગતવર્ષની તુલનામાં 16.9 ટકા વધીને રૂ.19.35 પ્રતિ ચોરસ ફૂટ થઈ છે. મકાનની કિંમતમાં વધારો થવાની સાથે પોશ વિસ્તારમાં ભાડાની માગમાં ઝડપી વધારો થતા મકાનભાડાંમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. અમદાવાદ પ્રોપર્ટી માર્કેટમાં ભાડાની આવક માટે આકર્ષક બન્યું છે. જેમકે સેટેલાઈટ, નવરંગપુરા અને પ્રહલાદનગ જેવા પ્રાઈમ લોકેશનમાં મોટા પાયે ડિમાન્ડ છે. શહેરમાં ભાડાની માગ વાર્ષિક ધોરણે સરેરાશ 18.07 ટકા વધી છે. જ્યારે ભાડાની પ્રોપર્ટી સપ્લાયમાં 5.8 ટકાનો ઘટાડો થયો છે. પસંદગીના વિસ્તારમાં ભાડાના મકાન મળવા મુશ્કેલ છે.

## 10 વર્ષમાં ગુજરાતની બેન્કો સાથે 25 હજાર કરોડની ઠગાઇ; 33 હજારથી વધુ કેસ




(એજન્સી) અમદાવાદ તા 16

ગુજરાતમાં 10 વર્ષમાં બૅન્કો સાથે 24,880 કરોડ રૂપિયાની ઠગાઇ થઇ છે. કરેલી આરટીઆઇના જવાબ રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાએ જણાવ્યું હતું કે, 2015-16થી 2024-25(ડિસેમ્બર સુધી) દરમિયાન રાજ્યની 61 બૅન્કો સાથે ઠગાઇના 33,518 કેસ બન્યા હતા. આ કેસોમાં 10 વર્ષ દરમિયાન માત્ર 9% એટલે કે માત્ર 2258 કરોડ રૂપિયા રિકવર થયા છે. સરકારી બૅન્કોમાં 20452 કરોડ (82%) અને ખાનગી બૅન્કો સાથે 4444 કરોડ (18%)ની ઠગાઇ આચરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરની બૅન્કો સાથે ઠગાઇની કુલ રકમના 96% એટલે કે 23908 કરોડના ફ્રોડ થયા છે. આરબીઆઇ મુજબ, બૅન્ક સાથે છેતરપિંડી કરીને, બેન્ક એકાઉન્ટમાં છેડછાડ કરીને રૂપિયા મેળવ્યા હોય, મિલકતના હસ્તાંતરણમાં ગેરરીતિ આચરી હોય, ગેરકાયદેસર વળતરરૂપે લોન આપવામાં આવી હોય, ફોરેન એક્સચેન્જના ટ્રાન્ઝેક્શનમાં ઠગાઇ થઇ હોય, ચોરી, બૅન્ક લૂંટ વગેરે પ્રકારના ફ્રોડ અહીં સામેલ છે.ગુજરાતની રાષ્ટ્રીય સરકારી બૅન્કો સાથે 7,127 ફ્રોડના કેસમાં 20,452 કરોડની ઠગાઇ થઇ છે, જ્યારે ખાનગી બૅન્કોમાં 26,391 કેસમાં 4,444 કરોડની ઠગાઇ આચરાઇ છે. સરકારી બૅન્કોમાં સૌથી વધુ 2713 કેસમાં 3179 કરોડની ઠગાઇ બૅન્ક ઑફ બરોડા સાથે થઇ છે. સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા સાથે 2328 કેસમાં 2761 કરોડના ફ્રોડ થયા છે. ખાનગીમાં આઇડીબીઆઇ બૅન્ક સાથે 680 કેસમાં 1444 કરોડ અને એક્સિસ બૅન્કમાં 2429 કેસમાં 715 કરોડની ઠગાઇ થઇ છે.